# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

**તંત્રી : વિપુલ કલ્યાણી**

**પુસ્તક : 15 • પ્રકરણ : 07 • સળંગ અંક : 175** **26 ઑક્ટોબર 2009** **શેષ લવાજમ : £12.52 / £20.02**


## બ્રિટિશ ગુજરાતી સાહિત્ય : અરધી સદીની યાત્રા

**• અદમ ટંકારવી**

૧૯૫૦-૬૦ના ગાળામાં, દક્ષિણ ગુજરાતમાંથી પ્રથમ વસાહતીઓ બ્રિટન આવ્યા અને લૅન્કેશર, યૉર્કશરનાં 'મિલ નગરો' માં વસ્યા. ૧૯૬૦-૭૦માં યુગાન્ડા તથા અન્ય આફ્રિકન દેશોના ગુજરાતી મૂળના લોકો આવ્યા અને મોટે ભાગે લંડન, લેસ્ટરમાં સ્થાયી થયા. આ વસાહતીઓ પોતાની સાથે ગુજરાતી ભાષા - સાહિત્યનો વારસો લઈને આવેલા.

૧૯૬૫ના શિયાળામાં, હઝલકાર 'બેકાર' ગુજરાતથી બ્રિટનના પ્રવાસે આવેલા. તેમની ઉપસ્થિતિમાં, બોલ્ટનના સ્પિનર્સ હૉલમાં, મુશાયરો થયો, જેમાં અંજુમ વાલોડી, કદમ ટંકારવી, મહેક ટંકારવી તથા સૂફી મનુબરીએ કાવ્યપઠન કરેલું. બ્રિટનનો આ પ્રથમ ગુજરાતી મુશાયરો.

૧૯૬૭માં કદમ ટંકારવી તથા મહેક ટંકારવીએ લૅન્કેશરમાં 'ગુજરાતી સાહિત્ય મંડળ'ની સ્થાપના કરી. ૧૯૭૩માં શેખાદમ આબુવાલા જર્મનીથી બ્રિટનના પ્રવાસે આવેલા ત્યારે પ્રેસ્ટનમાં કદમ ટંકારવીના નિવાસે કવિમિલન યોજાયેલું. આ પ્રસંગે શેખાદમની પ્રેરણાથી, 'ગુજરાતી સાહિત્ય મંડળ'નું 'ગુજરાતી રાઈટર્સ' ગિલ્ડ, યુ.કે.'માં રૂપાંતર થયું, અને સંસ્થાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધ્યો.

૧૯૭૦ના ગાળામાં 'ગુજરાતી સાહિત્ય મંડળ' અંતર્ગત ડાહ્યાભાઈ પટેલ, કુસુમ શાહ, યોગેશ પટેલ, નિરંજના દેસાઈ લંડન - લેસ્ટરમાં સાહિત્યિક પ્રવૃત્તિઓ ચલાવતાં હતાં. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૭૭ના રોજ શ્રી સૂર્યકાન્ત દવેના નિવાસસ્થાને યોગેશ પટેલ, વિપુલ કલ્યાણી અને પંકજ વોરાએ તૈયાર કરેલ લિખિત બંધારણ પ્રમાણે આ 'સાહિત્ય મંડળ' વિધિવત 'ગુજરાતી સાહિત્ય અકાદમી'માં ફેરવાયું.

આ ચારેક દાયકા દરમિયાન બ્રિટનમાં જે ગુજરાતી સાહિત્યસર્જન થયું તેની ઈયત્તા અને ગુણવત્તાની તપાસ માટેની ભૂમિકા રચાય તે હેતુથી કેટલાક મુદ્દા અહીં પ્રસ્તુત છે :

**બ્રિટિશ ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ :** બ્રિટિશ ગુજરાતી સાહિત્ય વિશે થોડી નોંધો તથા મૉનૉગ્રૅફ્સ મળે છે, પણ એના વિકાસ, વલણો, પ્રવાહોનો તલસ્પર્શી અભ્યાસમાં સહાયરૂપ થાય એવો સર્વગ્રાહી ઈતિહાસ લખાયો નથી. મુખ્ય સર્જકો તથા તેમની કૃતિઓ વિશે અધિકૃત માહિતી મળે, એવો કોઈ ગ્રંથ નથી. દાયકાવાર વિવિધ સાહિત્યસ્વરૂપોના પ્રતિનિધિ સંચયો પણ થઈ શકે. જેમ કે, સાતમા દાયકાની બ્રિટિશ ગુજરાતી કવિતા. આવા સંચયથી જે તે ગાળાના સર્જનની દશા - દિશાનો અભ્યાસ થઈ શકે.

**વિવેચન-મૂલ્યાંકન :** ચારેક દાયકા દરમિયાન બ્રિટિશ ગુજરાતી સાહિત્ય વિશે કેટલાક રસપ્રદ નિરીક્ષણો થયાં છે, જેને આધારે આ સાહિત્યની વિવેચનાત્મક ચર્ચા થઈ શકે. આ નિરીક્ષણો ભાવવિશ્વ, વિશ્વદર્શન, સંવેદના, વિષયવસ્તુ, સર્જકચેતના, ભાષા-અભિવ્યક્તિ, રચનારીતિ તથા કૃતિના સાહિત્યિક મૂલ્ય જેવા મુદ્દાઓને સ્પર્શે છે.

૧. મે, ૧૯૮૫માં અકાદમીની ભાષા સાહિત્ય પરિષદની 'બ્રિટનમાં સર્જાતું ગુજરાતી સાહિત્ય - પોત અને પ્રકાશ' બેઠકમાં યોગેશ પટેલે જણાવ્યું, 'આપણા સમાજના પ્રશ્નોને આવરી લેતી કૃતિઓને ખાસ જરૂર છે.' આમાં એવો નિર્દેશ છે કે, બ્રિટનનો ગુજરાતી સર્જક જે પરિસ્થિતિમાં જીવે છે તેનો સંદર્ભ એના સર્જનમાં પ્રતિબિંબિત થતો નથી.

૨. ૧૯૯૩માં સુમન શાહ બ્રિટનના પ્રવાસે આવેલા ત્યારે અહીંના સાહિત્યકારો તથા સાહિત્યરસિકો સાથે મુલાકાતો/ચર્ચાઓ કરેલી. આના પર આધારિત તેમણે કરેલ નિરીક્ષણો નીચે મુજબ છે :

(ક) આજે ઈંગ્લૅન્ડમાં સાહિત્ય-નામે જે લખાય છે અને છપાય છે તેમાં એક સળવળાટથી વિશેષ દમ નથી. આ સાહિત્ય 'પ્રાથમિક' કક્ષાનું છે. (ખ) અહીંના સર્જકનું ગુજરાતી સાહિત્યના 'મેઈન-સ્ટ્રીમ'- મુખ્યપ્રવાહ સાથે 'પરમ્પરાનુસન્ધાન' નથી. 'મેં મારી ઘણી સભાઓમાં નોંધ્યું કે શ્રોતાઓને ૧૯૬૦ પછીના ગુજરાતી સાહિત્યની કશી જ માહિતી નહોતી!' (ગ) બ્રિટનના ગુજરાતી સર્જકનો અંગ્રેજ સાહિત્યકારો સાથે કશો સમ્પર્ક નથી. (ઘ) બ્રિટિશ ગુજરાતી સર્જક પોતાને પ્રાપ્ત અને સુલભ એવા 'તમામ સંદર્ભો'માં વિસ્તરીને વ્યક્ત થતો નથી.

૩. ૧૯૯૪માં અકાદમીની પાંચમી ભાષા-સાહિત્ય પરિષદ ટાણે ભીખુ પારેખે કહ્યું, 'ગુજરાતને ધ્યાનમાં રાખીને અહીં લખાય છે એ સંસ્થાનવાદી મનોદશા છે. જે દેશમાં આપણે રહીએ છીએ તેને ધ્યાનમાં રાખીને સાહિત્યસર્જન થવું જોઈએ.'

૪. જાન્યુઆરી ૨૦૦૯માં અમદાવાદમાં 'ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્યસર્જન' વિષયક પરિસંવાદના સમાપનમાં પ્રકાશ ન. શાહે આ સાહિત્યના બે તબક્કાની વાત કરી 'વસાહતી વસવાટના પ્રારંભિક તબક્કે, બને કે વતનઝૂરાપાની લાગણી એના સર્જનમાં પ્રગટ થવા કરતી હોય, પણ આરમ્ભે 'આરત છે તો પછીથી અભિસ્થાપન પણ છે. કંઈક longing, કંઈક belonging.'

ઉપરોક્ત મુદ્દાઓ ચાર દાયકાના બ્રિટિશ ગુજરાતી સાહિત્યની તપાસ માટે ભૂમિકા રચી આપે છે, અકાદમી વિવિધ સાહિત્ય સ્વરૂપોના પ્રતિનિધિ સંચયો પ્રગટ કરે તો આવી તપાસમાં સુવિધા રહે. આવા સંચયોમાંથી પસાર થનારને ખ્યાલ આવે કે,

• બ્રિટિશ ગુજરાતી સાહિત્ય મુખ્યપ્રવાહને કહેતાં ગુજરાતી ગુજરાતી સાહિત્યથી કઈ રીતે જુદું પડે છે. • બ્રિટિશ ગુજરાતી સાહિત્યની પોતીકી મુદ્રા છે? અને છે તો કેવી છે? • મુખ્યપ્રવાહના સાહિત્યનો એના પર કેટલો/કેવો પ્રભાવ છે? • આ સર્જન પર સમકાલીન અંગ્રેજી સાહિત્યનો પ્રભાવ છે? • અનુભૂતિ - અભિવ્યક્તિ સંદર્ભે વસાહતના આરમ્ભથી લઈ અત્યાર સુધીના સર્જનમાં કેવાં સ્થિત્યંતરો પ્રગટ થયાં છે? • બ્રિટિશ ગુજરાતી સર્જકે પોતાની ચેતનાને અનુરૂપ diction પ્રયોજી છે કે ગુજરાતની પડઘાશૈલીથી કામ ચલાવે છે? • ૬ જૂન ૨૦૦૯ના રોજ લંડનના નેહરુ સેન્ટર ખાતે યોજાયેલ પરિસંવાદમાં પ્રકાશ ન. શાહે સર્જકનો એના પરિવેશ સાથેના encounterનો મુદ્દો ચર્ચેલો. બ્રિટિશ ગુજરાતી સર્જક જે દેશકાળમાં શ્વસે છે તેને કઈ રીતે સંવેદે છે અને કઈ રીતે વ્યક્ત કરે છે?

બ્રિટનમાં સર્જાતા ગુજરાતી સાહિત્યનું સાહિત્યિક મૂલ્ય કેટલું? આ સર્જન પાછળ ઊંડી કલાસૂઝ છે કે પછી સુમન શાહ કહે છે તેમ, એ માત્ર 'પાસ ટાઈમ ઍક્ટિવિટી' છે? જો આમ હોય તો સુમનભાઈના શબ્દોમાં એ 'કામચલાઉ' બની રહેશે.

ચાર દાયકાના બ્રિટિશ ગુજરાતી સર્જનને અંકે કરી એની તલસ્પર્શી તપાસ માટેની ભૂમિકા રચી આપવાનું ભગીરથ કાર્ય ઈંગ્લૅન્ડની ગુજરાતી સાહિત્ય અકાદમી સામે પડેલું છે, અને આ ક્રમ અગ્રતાક્રમમાં મોખરે છે.

**(૬ જૂન ૨૦૦૯ના, લંડનસ્થિત 'નેહરુ કેન્દ્ર'માંના, ગુજરાતી સાહિત્ય અકાદમીના પરિસંવાદ ટાંકણે રજૂ કરેલા મૂળ અંગ્રેજી નિબંધનો સારાંશ)**

**(મુદ્રાંકન સદ્‌ભાવ : શ્રુતિબહેન અમીન)**


[200 Halliwell Road, BOLTON, Lancashire BL1 3QN]

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------

### લવાજમના દર

શેષ લવાજમ આ દેશ માટે £12.52 તેમ જ પરદેશ માટે £20.02 છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communications ને મોકલવો.

●

### લવાજમ – સંપાદકીય પત્રવ્યવહાર "ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]
Tel. : [+44] 020 - 8902 0993
e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

●

### ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale
Street, Opera House, MUMBAI - 400 004
Tel. : [022] 2386 2843
e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 1,500ની રકમ, Vipool Kalyaniને નામે લખી મોકલવી

---------------

ગ્રાહક પત્રિકા :

Name : ...............................................
Address : ...............................................
...............................................
Post Code : ...............................................
Telephone : ...............................................
e.mail : ...............................................
Subscription : £12.52 / £20.02
Date : ...............................................

# પ્રણામ, શ્યામજી !

**• વિષ્ણુ પંડ્યા**

મેક્સિમ ગોર્કીએ શ્યામજી કૃષ્ણવર્માને 'ભારતના મેઝિની' કહીને બિરદાવ્યા હતા

ઑક્ટોબર મહિનામાં ત્રણ મહાપુરુષો ગુજરાતની ધરતી પર જન્મ્યા હતા, તેમનું સ્મરણ આ દિવસોમાં વિશેષ રીતે થાય તે સ્વાભાવિક છે. પોરબંદરમાં મહાત્મા ગાંધી, નડિયાદમાં વલ્લભભાઈ પટેલ અને માંડવી-કચ્છમાં પંડિત શ્યામજી કૃષ્ણવર્મા : ત્રણેય ઑક્ટોબર-સંતાનો!

યોગાનુયોગ, ૪ ઑક્ટોબર, ૧૮૫૭ના દિવસે કચ્છના માંડવી નગરમાં જન્મેલા શ્યામજી કૃષ્ણવર્માનો સ્મારકનો શિલાવિધિ ચોથી ઑક્ટોબરે એ જ નગરમાં થઈ રહ્યો છે. ૪ સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ રાજ્યના મુખ્યમંત્રી જિનિવાથી આ મહાન ક્રાંતિકારનાં (અને તેમનાં પત્ની ભાનુમતી કૃષ્ણવર્માનાં પણ) અસ્થિ ભારત લઈ આવ્યા હતા અને પૂરાં માનસન્માન સાથે માંડવીમાં શ્યામજીનાં જન્મ-નિવાસે સ્થાપિત કર્યાં હતાં.




હવે ગુજરાતના આ મહાપુરુષનું પ્રભાવી સ્મારક બનાવવાના છેલ્લાં કેટલાંક વર્ષોથી પ્રયાસ ચાલુ હતા, તેનું એક પગથિયું એટલે બે દિવસ પછી સ્વયં મુખ્યમંત્રીના હસ્તે સ્મારકનો શિલાન્યાસ! ચિત્રપ્રદર્શન, પ્રતિમાઓ, ઉદ્યાન, સંશોધનકક્ષનો ત્યાં અંદાજ છે. વ્યાપક નજરે આ સ્મારક અને કીર્તિસ્તંભની તવારીખ તપાસવામાં આવે તો છેક લંડનથી માંડવી સુધી, ઘટનાઓ અને શબ્દોથી અનેક પડાવ ઉમેરાતા રહ્યા, ૧૮૫૭માં માંડવીમાં શ્યામજીનો લીમડાવાળી શેરીમાં જન્મ થયો ત્યાંથી ૧૯૩૦ની ૩૧ માર્ચે જિનિવામાં તેમણે આંખો મીચી લીધી, આટલાં વર્ષોની સાક્ષી દરેક ઠેકાણે સાંભળી શકાય.

એકલા લંડનમાં, ૧૯૦૫માં શ્યામજી કૃષ્ણવર્માએ સ્થાપેલાં, હાઈગેટ વિસ્તારના ત્રણ માળના 'ઇન્ડિયા હાઉસ'ના માહોલે, લાલા હરદયાળ, વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, વિનાયકરાવ સાવરકર અને મદનલાલ ધિંગરા જેવા ક્રાંતિકારો આપેલા. લંડનમાં આ ઇન્ડિયા હાઉસ આપણા રાજકીય દૂતાવાસનાં ઇન્ડિયા હાઉસથી અલગ ઇમારત છે, એક ક્રાંતિતીર્થ છે અને શ્યામજીનો ઐતિહાસિક નિવાસ, ૬૦ મેઝવિલ હિલ રોડ, ધિંગરાએ જ્યાં બ્રિટિશ અધિકારી કર્ઝન વાયલી પર પિસ્તોલ ચલાવીને ધરપકડ વહોરી લીધી તે ઇમ્પિરિયલ ઇન્સ્ટિટ્યૂટ, જ્યાં તેને દુનિયામાં સૌથી ઝડપી ચુકાદો અપાયો અને ફાંસી અપાઈ તે પેન્ટોવિલ જેલ, ૧૮૫૭ની વિપ્લવતિથિની ઉજવણી કરાઈ તે સૉલ્સબરી એવેન્યૂની ઇન્ડિયન રેસ્ટોરન્ટ, યુવક ક્રાંતિવીરોની સાયરેન્સ્ટર ખેતીવાડી કોલેજ, બંગભંગ-વિરોધી દિવસની સભાનો સાક્ષી કેક્સ્ટન સભાખંડ, ૧૦૮, લેડબરી માર્ગ પરનો મદનલાલનો અસ્થાયી નિવાસ, રોયલ કોલોનિયલ ઇન્સ્ટિટ્યૂટ, સેવોલ હોટેલ સાથે જોડાયેલો જહાંગીર સભાખંડ, વૉલ્ડન સ્ટ્રીટ પોલીસસ્ટેશન, વેસ્ટ મિન્સ્ટર પોલીસસ્ટેશન, બ્રિક્સ્ટન જેલ, જ્યાંથી સાવરકર પકડાયા તે વિક્ટોરિયા રેલવે સ્ટેશન.

આ બધી લંડનસ્થિત એવી જગ્યાઓ છે, જ્યાં ૧૯૦૫થી ભારતની સ્વતંત્રતા માટેના સંઘર્ષ-સ્થાનો સાબિત થયાં. આવાં જ બીજાં સ્થાનો એટલે શ્યામજી કૃષ્ણવર્માએ લંડનમાં પોતાનાં અખબાર "ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ" પર 'રાજદ્રોહ' નિમિત્તે જપ્તી-જડતીની નોબત વાગી ત્યારે પેરિસ સ્થળાંતર કર્યું, પેરિસમાં ૧૦ એવેન્યૂ, ઇન્ગ્રેમાસી અને છેવટે જિનિવામાં ૨૦ એવેન્યૂ, વિલિયમ ફાઇવર ... આ બંને સ્થાનો સ્વાધીનતા માટેનાં સ્વાધીન પત્રકારત્વની ઐતિહાસકિ ભૂમિકા ધરાવે છે.


THE INDIAN SOCIOLOGIST

AN ORGAN OF FREEDOM AND OF POLITICAL, SOCIAL AND RELIGIOUS REFORM

Vol. IV.—No. 9.] LONDON, SEPTEMBER, 1908.

NOTICE.
CHANGE OF ADDRESS.

THE ETHICS OF DYNAMITE AND BRITISH DESPOTISM IN INDIA.

SIMILIA SIMILIBUS CURANTUR—LIKE CURES LIKE.

... અને ભારતમાં? ૧૯૩૦માં જિનિવામાં મૃત્યુ પામેલા શ્યામજી અ-સાધારણ પ્રતિભા ધરાવતા હતા. ઓક્સફર્ડના તે પ્રથમ ભારતીય સ્નાતક હતા. મોનિયેર વિલિયમ્સની સાથે સંસ્કૃત શબ્દકોષ સંપાદિત કર્યો હતો. હેવલોક એલીસની વિચાર-સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લીધો હતો. સ્વતંત્રતા માટેના સમાજચિંતક હર્બર્ટ સ્પેન્સરના અનુગામી હતા. લંડનમાં તેમણે હોમરુલ સોસાયટી સ્થાપી. લેબર પાર્ટીની સ્થાપનામાં મહત્વનો ભાગ ભજવ્યો.

ઇન્ડિયા હાઉસમાં ભારતથી આવતા સ્વદેશપ્રેમી વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ આપી. "ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ" અખબારથી આયર્લેન્ડ, ઇજિપ્ત, ચીન, ફ્રાંસ, રશિયાની ચળવળોનો સંપર્ક કર્યો. લેનિન ઇન્ડિયા હાઉસની મુલાકાતે આવ્યા હતા અને મેક્સિમ

## બ્રિટનમાં ગુજરાતી સમાજની દશા અને દિશા

# ગુજરાતી સાહિત્ય સર્જન, પ્રકાશન અને અનુવાદ

• વિપુલ કલ્યાણી

ગુજરાતી સાહિત્ય અકાદમીની, પોપટલાલ જરીવાળા નગર, ક્રૉયડન ખાતે બેઠેલી આઠમી ભાષા-સાહિત્ય પરિષદનાં અધ્યક્ષ નિરંજનાબહેન દેસાઈ, આ બેઠકના સભાપતિ અનિલભાઈ વ્યાસ, અકાદમીપ્રમુખ ભદ્રાબહેન વડગામા અને બધું મળીને આ ખંડમાં અબીહાલ જે ૪૭ જેટલાં સાવજ બેઠાં છે, તે સઉ.

આવી વાત એટલા માટે હું શરૂઆતમાં કરું છું, કેમ કે, આપણી કને, ૪૭ જેટલાં લોકો, અહીં, હાલ, હાજર છે. આપણાંમાંથી અનેકોને સાંભરતું હશે : જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં, અમદાવાદના 'ગૂજરાત વિદ્યાપીઠ' સંકુલમાં ને સાબરમતી નદીને કાંઠે, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના મકાનમાં, વિલાયતની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના નેજા હેઠળ, બે દિવસનો પરિસંવાદ યોજાયા બાદની ઘટના છે. 'સાહિત્યમાં વિવિધ સમાજોનું નિરૂપણ' વિષય પર ૨૭ તથા ૨૮ જાન્યુઆરી ૨૦૦૯ના બંને દિવસોએ, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના વડપણ હેઠળ, એક પરિસંવાદનું આયોજન થયું હતું. સમાજમાં જુદા જુદા જે જૂથો છે એમના વિચારો, વલણો, અભિવ્યક્તિઓ, એમનાં સાહિત્ય, ઇત્યાદિ વિષે વિચારણા કરવા આ પંડિતો ત્યારે ભેગા મળ્યાં હતાં. અધ્યક્ષસ્થાને, અલબત્ત, પરિષદપ્રમુખ નારાયણભાઈ દેસાઈ જ હતા. પરિષદના કાર્યવાહક મંત્રી મનસુખભાઈ સલ્લાએ, પહેલે દિવસે, બેઠકના આરંભમાં જ, મારી આંખ ઉઘાડનારો, પરંતુ ચોંકવનારો એક મુદ્દો ખુલાસારૂપે આપ્યો. પરિષદ પ્રમુખને ઉદ્દેશીને એ કહેતા હતા, નારાયણભાઈ, આ બેઠક અમે બરાબર ગોઠવી નહોતા શકતા કારણ કે હાજરીનો સવાલ છે અને તે હાજરી મેળવવાની ક્યાંથી, તો અમદાવાદની ગુજરાતી વિભાગની અથવા વિભાગ ચલાવતી જે તે કૉલેજો, એનાં અધ્યાપકો, એનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ આવે, અહીં આવી શકે એવી જોગવાઈ કરવાની વાત મૂળમાં છે. માનશો ? એ ખંડમાં બધું મળીને ૫૭ લોકો હાજર હતાં ! એમાં અધ્યાપકો, શિક્ષકો, વક્તાઓને બાદ કરીએ તો મારા જેવા સાંભળનારની સંખ્યા, ભલા, કેટલી હશે ? ઉત્તર ખોળવાનું તમારા પર છોડું છું.

અને અહીં જોઉં છું તો હું, બાવો ને મંગળદાસ જેવાં આ ૪૭ સાવજ બેઠાં છે; અને એ પણ લંડનની અંદર. એટલે આપણે આપણને લગીર ઉતારી ન જ પાડીએ.

અને માટે જે વાત આજે કરવાની છે એ કે મિત્ર વલ્લભભાઈ નાંઢાની અવેજીમાં કરવાની છે. બીજું, ક્ષમા કરજો કેમ કે પરિસ્થિતિવસાત બેસીને વાત કરું છું. મારે સંદર્ભો ય ટાંકવાના છે. તેની વાત પણ મારે કરવાની છે. વળી, જોડાજોડ ચોખવટ પણ કરી લઉં છું : હું અહીં જે અત્યારે બોલીશ તે માત્ર અંગત અંગત, વ્યક્તિગત, વિપુલ કલ્યાણી તરીકે જ મંતવ્ય આપીશ. હું જે કંઈ અહીંયા રજૂ કરીશ કે જે કંઈ કહીશ તે 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના મહામંત્રી તરીકેની કોઈ જવાબદારી રૂપે ય નહીં હોય. તે ઉપરાંત "ઓપિનિયન"ના તંત્રી તરીકેની જવાબદારીમાંથી પણ બોલતી વેળા ફારેક બનું છું. તે બન્ને જવાબદારીઓથી પર જઈને મારે જે કંઈ કહેવું છે તે હું કહીશ. એટલે કોઈએ પણ બંધ બેસતી એવી પાઘડી કે ટોપી પહેરવી હોય એને હું છૂટ આપીશ. સ્વસ્થપણે મારે કહેવું છે એ કહીશ. આ કહેવાનું તાત્પર્ય એટલા માટે કે સને ૧૯૮૮માં વેમ્બલીની પ્રેસ્ટન મેનર હાઈસ્કૂલમાં કનૈયાલાલ માણેકલાલ મુનશીનગર ભાષા-સાહિત્ય પરિષદમાં એક વ્યક્તિ તરીકે વક્તવ્ય આપતો હતો. તે વખતના ઉપપ્રમુખ મારાથી બહુ જ નારાજ થયેલા. મારા વક્તવ્યની, મંચ ઉપર આવીને તેમણે ઝાટકણી કાઢી અને તત્કાલીન અકાદમી-પ્રમુખને કહ્યું કે મહામંત્રી તરીકે મને આમ બોલવાનો કોઈ અધિકાર નથી.

આથીસ્તો, આ મારો અંગત અભિપ્રાય છે, એમ હું ફરીવાર કહીશ. મારે એવી જે કંઈ વાત કરવી છે તે એક અનુભવની વાત કરવી છે અને એ અનુભવને ઓછામાં ઓછો ૫૭ વર્ષનો ઈતિહાસ છે. આ વાત મારે એટલા માટે કરવી છે કેમ કે હું કવિ નથી, તેમ હું સાહિત્યકાર તો છું જ નહીં. હું જે કંઈ હોઉં તે એક પત્રકાર છું. અને સંપૂર્ણપણે હું જે કંઈ છું તે જીવનભર કર્મશીલ રહ્યો છું. એને કારણે જે કંઈ મારા અનુભવો છે. જે કંઈ મેં જોયું જાણ્યું છે એ આધારે તમારી સમક્ષ વાત કરવી છે. ટાંગાનિકામાં એ દિવસોમાં એના ઉત્તર પ્રાન્તમાં, નોર્ધન પ્રોવિન્સમાં, તેના મુખ્ય શહેર અરૂશામાં હતો. તે મારું ગામ. એ ગામની નિશાળમાં હું ભણ્યો. અમારા આચાર્ય હતા રણજિતભાઈ આર. દેસાઈ. એક અદ્ભુત શિક્ષક. બહુ જ મજાના શિક્ષક. એમણે ગુજરાતીનું જે પાણી મને પાયું તેની હું તમને વાત કરવા ઈચ્છું છું. ત્યારે દસમાં ધોરણમાં હું ભણતો. એવો અનુભવ ભદ્રાબહેનને ય છે. દસમા ધોરણમાં હું ભણતો અને મને નવમા ધોરણમાં ગુજરાતીનો વર્ગ લેવા અમારા આચાર્ય મોકલતા ! એ અરૂશાની ગુજરાતીની શાળા - ઈન્ડિયન પબ્લિક સ્કૂલમાં - અમે 'ગુજરાતી સાહિત્ય મંડળ' પણ ચલાવ્યું એટલે મારો અનુભવ ત્યાંથી શરૂ થયો છે. અને એને કેટલાં બધાં વર્ષો થયાં ! સાહિત્યની સાથેસાથે ભાષાના પિંડ સાથે ય આમ આરંભથી એક લગાવ રહ્યો છે એટલે, થોડીક પેટ છૂટી વાત અહીં કરું છું.

કોઈ પણ મુલકમાં, કોઈ પણ સર્જક, સ્વાભાવિક લખે છે તો ઘાણું, પરંતુ બહુધા તે સ્વાનંદે લખે છે. પરંતુ મુશ્કેલી તે પછી શરૂ થાય છે. તે લખે તો છે. પરંતુ તે લખાણને 'share' કરવાની તે ઈચ્છા સેવે છે. બીજાની સાથે આદાન પ્રદાન તેને કરવું છે. અને તે સર્જન કાજે જેને તેને કોઈ નિમંત્રણ તો મળ્યું હોતું નથી. આથી આ અને આવા દરેક કવિલેખકની જો કોઈ કદરનોંધ થતી ન હોય, તો તેમાં કોઈનો વાંકગુનો જોવો ય ઠીક નથી. હોઈ શકે છે કે સર્જનનું સ્તર જોવાતું હોય. અને પછી, એ બળાપો પણ કાઢી લે છે કે મારી કોઈ નોંધ લેતું નથી. ઉમાશંકર જોશીના શબ્દો ટાંકીને કહેવાનું મન થાય છે, ભાઈ, કોઈએ કંકુ ચોખા કર્યા નહોતાં. કોઈએ ક્યાં ય ચોખાનું આંધણ મૂકીને આપણને નોતર્યા નહોતા, કે ભાઈ તમે કવિતા લખો, વાર્તા લખો, નિબંધ લખો .... દરેક નિજાનંદે લખે છે. હું જો કોઈ સામે આંગળી તાકું છું, તો તેની સામે તો એક જ આંગળી

---

ગોર્કીએ શ્યામજીને 'ભારતના મેઝિની' કહીને બિરદાવ્યા હતા. ફ્રાંસ અને અન્યત્ર વિદ્યાક્ષેત્રે તેમણે લાખો રૂપિયા આપ્યા. લોકમાન્ય ટિળકના મિત્ર હતા, સ્વામી દયાનંદે તેમને વિદેશોમાં વિપ્લવની દીક્ષા આપેલી.

ભારતમાં તેમનું અખબાર પ્રતિબંધિત હતું. પુરાતત્વ, વિવિધ ભાષા-જ્ઞાન, સમાજવિદ્યાના નિષ્ણાત, સંસ્કૃત વિદ્વાન ... અને કર્મભૂમિ પર ભારતીય સ્વાધીનતા માટે સશસ્ત્ર જંગના અણથક સમર્થક! મહાત્મા ગાંધી (ત્યારે બેરિસ્ટર મો.ક. ગાંધી) લંડનમાં તેમને મળવા ગયા હતા, ઉદારવાદી પશ્ચિમી નેતાઓની સાથે નિકટનો સંબંધ ધરાવતા, અને તેને કારણે સ્ટૂટ ગાર્ટની આંતરરાષ્ટ્રીય પરિષદમાં પહેલી વાર મેડમ કામાના હાથે ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવાની ઘટનાને આકાર મળેલો.

૧૯૩૫માં ઈન્દુલાલ યાજ્ઞિકે બેરિસ્ટર સરદારસિંહ રાણાની મદદથી પહેલી વાર શ્યામજીનું જીવનચરિત્ર લખ્યું, ૧૯૫૦માં તે છપાયું. જયંતી દલાલે "ગતિ અને રેખા"માં ક્રમશઃ પ્રકાશિત કર્યું, ગોકુલદાસ બાંભડાઈએ તેનો સંક્ષેપ કર્યો ... પછી ૧૯૬૭માં અમદાવાદમાં 'શ્યામજી સ્મૃતિ સમિતિ' થઈ. પુસ્તકો લખાતાં થયાં. શ્યામજીનાં અખબારનું પુનઃ મુદ્રણ કરીને ગ્રંથ પ્રકાશિત થયો તે લંડનમાં "ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ"નું લોકાર્પણ તત્કાલીન વડાપ્રધાન વાજપેયીએ કચ્છની ભૂમિ પર કર્યું! શ્યામજી-સ્મૃતિની ધરોહર માટે વારંવાર પ્રયસો થતા રહ્યા છે.

વાજપેયી, કચ્છ-મુંબઈનો ભાનુશાળી સમાજ, ૧૯૯૭મા શંકરસિંહ વાઘેલાની સરકાર દરમિયાન સ્મારકનો નિર્ણય, શ્યામજીનું તૈલચિત્ર વિધાનસભા પરિસરમાં, ટિકિટ-પ્રકાશન ... અને અસ્થિ-આગમન પછી હવે સ્મારકનું શિલારોપણ! સ્મારકો રચાય અને તેમાંથી જોસ્સો (સ્પિરિટ) પ્રેરણા (ઇન્સ્પિરેશન) અને સ્મૃતિ જળવાય ... તેવી અપેક્ષાની એક જ અનિવાર્ય શરત છે. 'જીવંત સ્મારક' માટે શાસન અને સમાજ બંનેએ હાથ મેળવીને સંકલ્પિત થવું પડે. એકલાં પ્રશાસનથી તો ભલભલા સ્મારકોની દશા દયનીય થઈ જાય છે.

**(સદ્ભાવ :"દિવ્ય ભાસ્કર", ૨ ઑક્ટોબર ૨૦૦૯)**

**[36, Saket House, Memnagar, AHMEDABAD - 380 052, India]**

તકાય છે, ત્રણ તો મારી સામે, ખુદની સામે તકાતી રહે છે. તેમ હું કોઈની આલોચના કરું ત્યાર તેની સામે તો એક છે, ત્રણ મારી સામે છે, તેનું શું ? ..... હા, ક્યારેક વળી ઉદાસીનતા અને ઉપેક્ષા પણ જોવા મળતી હોય છે. આવું હોય તો તેને સારુ એક માત્ર વિધેયક માર્ગ લેવો જોઈએ. નરી ટીકાટિપ્પણનો માર્ગ લેવો બરાબર નથી. બલકે ન્યાય મેળવવાને સારુ સતત રજૂઆતો કરવી જોઈએ. આથી, ડાયસ્પોરાના કવિ-લેખકગણને વિનંતી છે કે આપણે Negativityમાંથી, નકારાત્મકતામાંથી બહાર નીકળીને સૌને સાંકળવા માટેનો પ્રયાસ કરીએ. એ માટેના નુસખાઓ શોધી કાઢીએ. તેની તપાસ કરીએ. વારુ, આ વિષય અંગે લાંબા અરસાથી, સરેરાશ ૧૯૮૮થી, સતત બોલતો અને લખતો રહ્યો છું. આ વિશે આમ માહિતીવિગતો છે અને તેને ય ધ્યાનમાં લેવા ધારી છે. એ મિષે એક દાખલો આપું. કવિ-લેખક છું નહીં, અને છતાં, ૧૯૮૦-૮૧થી 'ગુજરાતી સાહિત્ય પરિષદ', અમદાવાદ સાથેનો ઘનિષ્ઠ નાતો થયો છે, અકાદમીના મહામંત્રીપદને જવાબદારીપૂર્વક જાળવવાનું જ આ કામ છે, તેમ સમજું છું. તેને સતત સંવર્ધિત કરતો આવ્યો છું. કવિ લેખક તરીકેની વાત છોડી દઈએ. અમદાવાદના સાહિત્યકારો, કર્મશીલો, પત્રકારો, અન્ય મિત્રો સાથેના ય આજે મીઠા સંબંધો છે. આ સંબંધો બંધાતા જો કે વાર લાગે છે. સંબંધો કેળવવામાં અને એવા સંબંધો, દેશ પરદેશમાંનાં કવિ લેખકો સાથે, જાળવવાનું ખાસ અગત્યનું બને છે.

ડાયસ્પોરાના આપણા કવિલેખકોને પૂછવું છે : આપણે દેશ પરદેશ જઈએ છીએ, ત્યારે આપણે આવી પરિષદોમાં જઈએ છીએ ખરા કે ? આપણી બિરાદરી સંગાથે સંબંધો કેળવીએ છીએ કે ? પ્રકાશકોને મળીએ છીએ, એકાદ પ્રકાશક નહીં, અનેક સાથે આપણે પરિચય કેળવીએ છીએ ખરા ? સેતુ રામેશ્વરની યાત્રાએ જઈએ છીએ, કાશી વિશ્વનાથ જવું છે. સોમનાથ, દ્વારકા, ય જઈએ છીએ. ડાકોર જઈ રણછોડરાયની જય બોલાવીએ છીએ. પોતાના સ્વાર્થની વસ્તુ છે, પોતાના નિજી સ્વાર્થની જ આ વાત બને છે, તો આપણે કેમ સજાગ ન રહીએ ? પરિણામે, આ કામ પહેલું કામ કરવાનું છે, જો આપણે ત્યાં જતા હોઈએ ત્યારે સંબંધો બાંધવાનું, પરિચયો કેળવવાનું કામ પહેલવહેલું જ કરવાનું હોય. કેમ કે તેને વખત લાગે છે. આંબો વવાયા પછી, કેરીને બેસતાં, ભાઈ મારા, વાર લાગે છે.

આજના એટલે કે ત્રીજી મે ૨૦૦૯ના મુંબઈથી નીકળતાં "સન્ડે એક્સપ્રેસ" સાપ્તાહિકમાં આપણા મિત્ર મેઘનાથ દેસાઈનો એક લેખ છે. એનો હવાલો મારે આપવો છે. એ લેખમાં મેઘનાદ દેસાઈ એમ કહે છે કે બધાએ બહુ જ ઝડપી પ્રગતિ કરવી છે, પરંતુ એ પરિણામને વખત લાગે છે. ૩૮ વર્ષ પહેલાં એ લેબર પાર્ટીમાં જોડાયા થયા. કર્મશીલ થયા અને ધીમે ધીમે આગળ વધ્યા. આજને પદે પહોંચ્યા. વખત લાગે છે. રાતોરાત કશું જ થતું નથી. લેખકોનું, આપણી વાર્તાઓનું, આપણી કવિતાઓનું, આપણા નિબંધોનું પણ એવું જ છે. અને બીજા એક અનુભવને આધારે કહેવું છે. જરૂરિયાત અનુસાર, બીજી ટોપી પહેરવાની છે, જેની સાથે હું સંકળાયેલો છું, તે "ઓપિનિયન"ની પણ વાત કરું. ૧૫ વર્ષ થયાં છે. વાચકો આજે પણ તૂટે છે, મળતા નથી. કારણ કે આપણા લેખકો અને કવિઓ ય ધીમે ધીમે હવે ખોવાઈ પણ રહ્યાં છે. ૧૯૭૯માં આપણે સૌથી પહેલી પરિષદ કરી. વેમ્બલીના ઈલિંગ રોડ ઉપર. અત્યારે જે લેબર પાર્ટીનો હોલ છે, તે લોરિ પોવેટ હૉલમાં. તેને ૩૦ વર્ષ થયાં. આજે હવે આ આઠમી પરિષદ થઈ છે. એ વખતે કેટલા મોટા ગજાનાં કવિઓ-લેખકો આપણી વચ્ચે હતાં. ક્યાંક શાંતિથી વિચારવાની જરૂર છે. આપણા એ કવિ-લેખક ગયાં. નિબંધકાર ગયા, ઈતિહાસકાર ગયા, કોને કોને એમ યાદ કરશું ? અને એ બધાંની જ વાત કરીએ. આ પરિણામે બધાને સમજાવું જોઈએ કે આપણે કોઈ એ જગ્યા ભરી શક્યા જ નથી. આપણી આ કવિ-લેખકોની જમાત એક કે બીજી રીતે તૂટી રહી છે, ગુજરાતી ભાષા અને સાહિત્યમાં રસ લેનારો જે વર્ગ હતો, એ પોતાની યુવાનીમાં, પોતે જાતે ગાડી ચલાવીને, આસાનીથી, આવી સભાબેઠકોમાં આવી શકતો હતો. આપણે એ પછીની પેઢીને તૈયાર કરી શક્યા જ નથી અને સાથે સાથે એ સમજીએ અને સ્વીકારીએ કે, એ વખતે, ૩૦ વર્ષ પહેલાં આપણી ઝુંબેશમાં આવી શકતો વર્ગ આજે તેમ કરી શકતો નથી. આવનજાવન માટે આજે કોઈ પર તેને આધાર રાખવો પડે છે. તેમને લઈ જાય, મૂકી જાય, તે માટે. અને એ નવોદિત વર્ગને આપણી આવી પ્રવૃત્તિઓમાં કેટલો રસ? આપણે આવો રસ તે પેઢીમાં જન્માવી શક્યા જ નથી. આથી, આપણે આપણી કેટલીક મર્યાદાઓ જોવાતપાસવાની છે. બીજી જે વસ્તુ એ થઈ છે કે કેટલાક, વળી, કોઈ પણ કારણે, નોખા ચોકાઓ થયા છે. એને કારણે ક્યાંક અહીં-તહીં ટકરાતા પણ રહ્યા છીએ. આ બધા વ્યવહારુ સવાલોની સામે આપણે આપણી આ ઝુંબેશને જોવી પડશે.

મિત્રો, મારી સામે જે વિષય મુકાયો છે તે 'બ્રિટનમાં ગુજરાતી સમાજની દશા અને દિશાઓ'. તેની તો વાત કરું જ છું, પરંતુ, આપણે મૂળ તો એ જ જોવાનું છે. એમાં સર્જન, સાહિત્ય, પ્રકાશન અને અનુવાદના મુદ્દાઓ જોવાના રહે છે. અને એ આપણે જોઈએ; પરંતુ, ૧૯૮૮થી આ બાબત સતત હું કેવળ બોલતો જ રહ્યો છું. આ વિષયે લખતો ય રહ્યો છું, તો હું નવું શું કહેવાનો

## અત્ર, તત્ર, સર્વત્ર ભારતીય

આજે દુનિયાભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. કારણ કે ભારતીયો પોતાની સાહસિક વૃત્તિને કારણે તેમજ સારી તકોની શોધ માટે દુનિયાભરમાં પથરાયેલા છે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા આંકડામાં જાણવા મળ્યું છે કે દુનિયાના ત્રણ દેશોને બાદ કરતા બધા દેશોમાં ભારતીય મૂળના વ્યક્તિઓ(એનઆરઆઈઆઈ) રહે છે.

વિદેશી બાબતોના મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દુનિયાના 183 દેશોમાંથી 180 દેશોમાં એનઆરઆઈની હાજરી છે. જો કે દરેક દેશોમાં તેની સંખ્યા જુદી જુદી હોઈ શકે છે. લેબેનોનમાં ફક્ત બે એનઆરઆઈ છે તો અમેરિકામાં લાખોની સંખ્યામાં એનઆરઆઈ રહે છે.

ફક્ત ઉત્તર કોરિયા, પાકિસ્તાન અને ભૂપાન એવા દેશો છે જ્યાં કોઈ પણ એનઆરઆઈની હાજરી નથી. આ એવા એનઆરઆઈ લોકો છે જે ભારતનું નાગિત્વ ધરાવે છે, પરંતુ પોતાના ખાસ હેતું માટે વિદેશમાં વસવાટ કરે છે.

દુનિયાના મુખ્ય શહેરોની સાથે સાથે એનઆરઆઈ નાના દેશોમાં પણ હાજરી ધરાવે છે.રિપબ્લીક પલાઉ હોય કે દુનિયાનું કોઈ નાનામાં નાનું રાજ્ય હોય આ દરેક સ્થળોએ ઓછામા ઓછા પાંચ એનઆરઆઈ જોવા મળશે. તમને જાણીને નવાઈ લાગશે કે બોલિવિયા પર્વતમાળામાં પણ 20 જેટલા એનઆરઆઈ રહે છે.

ઈતિહાસની વાત કરીએ તો દુનિયાના મોટા ભાગના દેશોમાં ભારતીયોની હાજરી જોવા મળતી હતી. ગુજરાતી દલાલો પૂર્વ આફ્રિકામાં રહેતા હતાં, તો તમિલના અસંખ્ય ચેટ્ટીઓ સાઉથ-ઈસ્ટ-એશિયામાં રહે છે. તો યૂપી બિહારમાંથી વેસ્ટઈન્ડિઝમાં કામ માટે ગયેલા અસંખ્ય મજૂરો ત્યાં જ સ્થાયી થઈ ગયા હતા. આંમ સદીઓથી ભારતીયો અન્ય દેશોમાં સ્થળાંતર કરતા રહ્યા છે.

એક અભ્યાસ પ્રમાણે ભૂતકાળમાં જે દેશોમાં રોજગારીની તકો વધારે સારા પ્રમાણમાં મળી રહેતી એ તરફ એનઆરઆઈનો ટ્રેન્ડ જોવા મળથો હતો. પરંતુ તાજેતરમાં માલુમ પડ્યું છે કે એનઆરઆઈ દુનિયાના જે ખૂણામાં જાય છે ત્યાં તકો શોધી કાઢે છે.

એક અંદાજ પ્રમાણે સાઉદી અરેબિયામાં 17 લાખ, યુએઈમાં 14 લાખ, અમેરિકામાં 9 લાખ જેટલા એનઆરઆઈ વસવાટ કરે છે.

**(સદ્ભાવ : "દિવ્ય ભાસ્કર", October 09, 2009)**

છું ? માટે મારે તો વળી શું નવું રજૂ કરવાનું છે ? વળી, ઘનશ્યામભાઈ પટેલ સરીખા વિવેચક પૂછી ય પાડે કે, ભાઈ, પુનરાવર્તન સિવાય બીજી નવી શી સામગ્રી તમે આલવાના હતા ? તો પાછી મારે જ ઉપાધિ ! આથીસ્તો, જે કંઈ કહેવાનું છે તે ફેર કહેવાનું થાય અને કોઈએ આપેલા મુદ્દાઓ પેશ કરવાના થાય. "અસ્મિતા"ના અંકોમાં, "ઓપિનિયન"ના અંકોમાં, તેમ જ અન્યત્ર આ વિશેનાં વિવિધ લખાણો જોવાવાંચવા અનુભવવા મળતાં રહ્યાં છે. "અસ્મિતા"ની વાત, ચાલો, પહેલી જોઈએ. તેના પહેલા જ અંકમાં, વિનય કવિ, હર્ષદ વિ. વ્યાસ, બળવંત નાયક, ભાનુશંકર ઓધવજી વ્યાસ તેમ જ રમણભાઈ એચ. પટેલના લેખોથી કેવી સરસ માંડણી બંધાઈ છે. અને પછીના સાતેસાત અંકોમાં, યોગેશ પટેલ, રોહિત બારોટ, મિરઝા મહમ્મદ બેગ, ભદ્રા પટેલ, પોપટલાલ શિ. જરીવાળા, બળવંત નાયક, દીપક બારડોલીકર, જગદીશ દવે, પ્રીતિ સેનગુપ્તા, અદમ ટંકારવી, વલ્લભ નાંઢા, વગેરે વગેરેના વિધવિધ લેખો નિરાંતવા-વાંચવા તપાસવા સમ છે જ છે. તદુપરાંત, આજ લગી, બહાર પડેલા "ઓપિનિયન"ના દરેક અંક પણ આ માટેની લા-જવાબ તથા અદ્વિતીય સામગ્રી છે. એમણે જે મહેનત કરી છે એ મહેનતની સરખામણીમાં હું તો તમને નવું શું કહેવાનો છું ?

વળી આ ઉપરાંત હજુ હમણાં, ગત જાન્યુઆરીના આરંભે, અમદાવાદ ખાતે, યોજાયેલા બંને પરિસંવાદોમાં પણ આ અંગે ભદ્રાબહેન વડગામા, અનિલભાઈ વ્યાસ, રમેશભાઈ દવે, મધુસૂદન કાપડિયા, પ્રકાશભાઈ ન. શાહ, મંગુભાઈ પટેલ, ઈલાબહેન પાઠક, શિરીનબહેન મહેતા, મકરન્દભાઈ મહેતા તેમ જ દાઉદભાઈ ઘાંચીએ પોતપોતાના વિવિધ વિચારો પેશ કરેલા જ છે. એથી મોરનાં ઈંડાંને ચીતરવાની કોઈ જરૂર નથી. ચાલો, એ બધું જ કોરાણે મૂકી દઉં છું અને આપણે આપણી ડેલીમાં જ અહીં બેઠાં હોઈએ તેમ, આપણે સૌને કહીએ કે આવો, અહીં 'ઢોલિયા' પાથર્યા છે. તમે અને હું અડખેપડખે બેઠા છીએ. હમણાં કાવા કસુંબા થશે અને કાવાપાણી કરતાં કરતાં આપણે જાણે કે પેટ છૂટી વાતો કરીએ - આ પ્રશ્નની મૂળ વાત રજૂ કરવી છે એટલે ભાષણને અને બાજોઠને જ બાજુમાં મૂકી દઈએ.

આ વિષય હેઠળ, આપણે હવે ત્રણ મુદ્દાઓની ચર્ચા કરવાની છે : સાહિત્યસર્જન, પ્રકાશન અને અનુવાદ.

પ્રથમપહેલાં, સાહિત્યની વાત લઈએ. ૧૨ ફેબ્રુઆરી ૧૯૭૭ના દિવસે 'ગુજરાતી સાહિત્ય મંડળ'માંથી 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની રચના થઈ. આપણે અહીં જો એકડો મૂકતા હોઈએ તો જરૂર મૂકીએ. આ આપણા ઇતિહાસની અત્યંત અગત્યની તારીખ છે. ત્યારથી ગણતરી કરીએ તો આજ સુધી આપણે કેટલા બધા સાથીદારો ગુમાવ્યા છે; અને આ બાર મહિનાનો જ ગાળો લઈએ, તો મહેશચંદ્ર કંસારાથી માંડીને, પોપટલાલ જરીવાળાથી માંડીને, ડાહ્યાભાઈ પટેલથી માંડીને, પોપટલાલ પંચાલ અને વિનય કવિ સુધી અગત્યના મોટા મોટા સ્થંભ આપણી વચ્ચેથી વિદાય થયા છે. ખરું ને ?

તેની જગ્યા પૂરવાને આપણે નવા, બરોબરિયા, કવિ કે લેખક, મોટા ભાગે, તૈયાર કરી શક્યા નથી. ઉમાશંકર જોષી કહે છે તેમ 'કલમ' ઘડવાનું આ કામ છે. અને ના નહીં જ, આપણી વચ્ચે, છતાં, એક જબ્બર કામ થયું છે. છછ વરસથી એક રીડર્સ ગ્રુપ - વાચક જૂથ - 'ગુજરાતી સાહિત્ય અકાદમી', બ્રેન્ટ લાઈબ્રેરી સેવાઓના સાથસહકારમાં, ચલાવી રહ્યું છે. પોપટલાલ પંચાલ, વલ્લભ નાંઢા, અનિલ વ્યાસની રાહબારીમાં, આપણને કેટલાક નવા લેખકો, વાર્તાકારો એમાંથી જરૂર મળ્યા છે. અહીં વ્યાપીઠે, અનિલ વ્યાસની બાજુમાં નીરુબહેન દેસાઈ બેઠાં છે. 'હેરૉ વિમેન્સ એસોસિયેન્સ'ના નેજા હેઠળ, એમણે એક જુદો જ પ્રયોગ કર્યો અને કેટલીક નવી કવિતાઓ અને વિચાર-સ્પંદનોની બે ચોપડીઓ એ સંસ્થા હેઠળ બહાર પડી છે. આ પણ આપણો એક પ્રયોગ છે. એવું જ ઉત્તર ઈંગ્લેન્ડમાં, બર્મિંગમમાં, બ્લેકબર્ન, પ્રેસ્ટન વિસ્તારોમાં પણ બન્યું છે. ઉત્તરમાં, વળી, મિત્રોએ ૧૯૭૨-૭૩થી ચાલતી સાહિત્યની પ્રવૃત્તિઓમાં કલમ ઘડવાનું સોહ્ઝું કામ કર્યું છે. કેટલાક કવિઓ મળ્યા છે. પણ જેની જગ્યા આપણે પૂરવાની છે, એ જવાબદારી આપણે પૂરી રીતે નિભાવી શક્યા નથી. સમજાય છે, આ સહેલું સરળ કામ નથી જ નથી. હકીકતે, આ બધાની, સૌની વાત છે; માટે પૂછવું છે, આ કવિ-લેખકોએ જે કંઈ લખાણ આપણને આપ્યું છે, એમણે જે કંઈ ગુજરાતી સાહિત્ય-સર્જન કર્યું છે, તે ખરેખાત, ગુજરાતી ડાયસ્પૉરિક સાહિત્ય સર્જન છે કે ? આ સવાલ મારે મન અગત્યનો છે.

ડાયસ્પોરિક સાહિત્ય સર્જન નામે જે લેખનકામ થઈ રહ્યું છે તે કદાચ ચીલાચાલુ - બીબાંઢાળ અને જરીપુરાણી ફોર્મ્યુલામાં થઈ રહ્યું છે. ક્યાંક પતિ પત્ની, ક્યાંક કુટુંબ, ક્યાંક, જરાક, સમાજના પ્રશ્નો વણાયા છે. તેમ છતાં માહોલ તો ગુજરાતનો છે. અરે ભઈલા, ગુજરાતને છોડીને આપણે નીકળ્યા એને તો ૫૦-૬૦ વરસનો ગાળો થઈ ગયો. કોઈક દાખલામાં તો પેઢી બે પેઢી અને ક્યાંક ત્રણત્રણ પેઢીનું અંતર પડયું છે. ઝાંઝીબારના, ટાંગાનિકાના, મલાવીના, દક્ષિણ આફ્રિકાના, વિલાયતના એમ વિવિધ અનુભવો; આપણા વિધવિધ પ્રશ્નો; આપણી આ કે તે વાતો; અડતોનડતો રંગભેદ; માનસિક તાણ; રોજગારીમાં ભેદભરમ; પ્રવાસ; આફ્રિકા જેવા દેશપરદેશના મુલકોમાંથી મૂળ સોતાં ઊખડીને અન્યત્ર ખોડાવું; ધર્મ અને સંસ્કૃતિ સામેના પડકારો; જ્ઞાતિ બહારના જ હવે નહીં, ધર્મ તેમ જ જાતિ બહારના લગ્નવ્યવહારો; સ્ત્રીસશક્તિકરણની ડાહી ડાહી વાતો; વડીલ વર્ગ અને તેમના સવાલો; નિજી સ્વતંત્રતા; પશ્ચિમિયા નીતિપ્રવાહો; અલાયદી જીવન પદ્ધતિ; યુરોપીય નીતિરીતિ; વગેરે વગેરે – આ બધી વાતો આપણાં સાહિત્યમાં લાવીએ છીએ ખરાં ? નથી લાવી શકાઈ, તો વિચારીએ, કે તે કેમ નથી આવી શકી; તો તેની ય વેળાસર માંડણી કરીએ.

કવયિત્રી નિરંજના દેસાઈએ, અહીંના વૃક્ષ-પાન-પશુ-પંખીનાં કેટલાંક નામોને કવિતામાં આમેજ લીધાં છે. ઘણાં તેમ કરી શક્યાં જ નથી. આપણે જાણીએ છીએ, વાતો કરીએ છીએ. અને છતાં, હજુ અહીંયા બેઠા બેઠા ઉદાહરણરૂપે રાજકોટની, જામનગરની, અમદાવાદની, કલોલની વાત લખાણમાં જાણે કે કરતા રહીએ છીએ ! અરે, ગુજરાતને છોડીએ. ગુજરાતવાળા સહજ સ્વાભાવિક તે વિશે લખશે. તે કામ તેમને સારુ રહેવા દઈએ. એ ભૂલ મુંબઈએ કરી છે. ચંદ્રકાન્ત બક્ષી કહેતા હતા કે મુંબઈના કોઈ લેખકે મુંબઈના ગુજરાતી સમાજની વાત લખી નથી. વાત દેખીતી ખરી છે. મુંબઈમાંના લેખકોનાં આપણે પુસ્તકો જોઈશું, તપાસીશું તો કદાચ તેની ખબર પડે. એમણે જે 'કંઈ લખ્યું છે તે ઉપરછલ્લું, ગુજરાત સાથેના અનુબંધવાળું લખ્યું હોય તેમ પણ બને.

પણ પછી ડાયસ્પોરા એટલે શું? મુંબઈમાં રહેનારો માણસ એ મરાઠી વાતાવરણમાં જીવે છે, શિવકુમાર જોશી, મધુ રાય કે ચંદ્રકાન્ત બક્ષીએ બંગાળી ડાયસ્પોરામાં શ્વાસ ભર્યા છે. અમૃતલાલ વેગડ મધ્યપ્રદેશમાં લોકો વચ્ચે જીવે છે એની વાત આ જે તે લેખકો લાવી શકતા હોય તો મુંબઈનો કેમ ન લાવે? આફ્રિકાના કેમ ન લાવે? એમ વિલાયતના કેમ ન લાવે? કદાચ આપણે આપણી જાતને પૂછવું પડશે, આપણો એ ટકોરાબંધ સાહિત્યનો ખડખડાટ જો સાંભળવો હોય તો આપણે આપાણું પોતાપણું ઊભું કરવું પડશે. સારું છે, કે કોઈ પણ કારણે ખિસ્સામાં થોડા પૈસા છે. ૨૫૦-૩૦૦-૪૦૦ પાઉન્ડ ખરચીને આપણે પુસ્તક પ્રકાશન કરી શકીએ છીએ. સારી વાત છે.

પણ આટલું કહેવા દો, મિત્રો. વેમ્બલીમાં આવી પેલી પ્રેસ્ટન મેનર હાઈસ્કૂલના હૉલમાં, વર્ષો પહેલાં, દિવંગત ભાનુબહેન કોટેચાનું પુસ્તક - 'પૂર્વ આફ્રિકાને પગથારે'નું - લોકાર્પણ થતું હતું. હિંદી વસાહતીઓ બાબત સંશોધન કરેલું આ પુસ્તક. દિવંગત પ્રાણલાલ શેઠ જોડે હું ય એ પુસ્તક પ્રકાશિત થાય તે સારુ આરંભથી સંકળાયો હતો. ત્રણચાર વખત ભાનુબહેનની સાથે બેસીને એ સંપાદિત કરવામાં અમે મદદરૂપ થઈ શક્યા, એ પુસ્તકની વાત કરું છું. લોકાર્પણ આપણા વરિષ્ટ સાક્ષર મનુભાઈ પંચોળી 'દર્શક' કરી રહ્યા હતા. એ પુસ્તક જોઈ ગયા પછી, એના વિચારોમાં વ્યસ્ત, એ હોલની અંદર જે પહેલું વાક્ય એમણે કહ્યું એ જ વાક્ય, આપણા કવિ લેખકોને કહેવાનું મને મન છે. મનુભાઈ પંચોળી - 'દર્શક' ત્યારે કહેલું, દુનિયા આખીમાં ગણનાપાત્ર માત્ર ચાર કવિઓ જ છે – વાલ્મીકિ, કાલિદાસ, શેક્સપિયર અને રવીન્દ્રનાથ ટાગોર. આ મનુભાઈના શબ્દ છે - બાકી સૌ ઝાડનો ખો કાઢી રહ્યા છે ! .... એક તરફ, પુસ્તકનું એ વિમોચન કરી રહ્યા છે અને બીજી પા, 'દર્શક' પાયાગત વાત કહી રહ્યા છે : પર્યાવરણનો આ મૂળગત સવાલ છે. આપણી સામે ઝાડ ઉછેર - વૃક્ષ ઉછેરની સાદી સીધી તદ્દન વાત આવી રહી છે. એનો એ પડકાર આપણા કવિ-લેખકોને છે.

આ બધા પ્રશ્નોને લઈને આપણે ચર્ચાવિચારણા માંડવી જ પડશે. જો આપણે તેમ કરી શકતા ન હોઈએ, તો અમીબા[amoebae]ની પેઠે વિસ્તૃત થયા વગર, - કનૈયાલાલ માણેકલાલ મુનશીને 'ગુજરાતનો નાથ' પ્રકાશિત કરતાં જેમ દસ વરસ લાગે છે, એમ આપણા કવિ લેખકોએ પણ, દર વરસે પુસ્તક આપવાને બદલે, બે-ત્રણ-ચાર-પાંચ વર્ષે, શાંતિથી, એકાદું મજેદાર પુસ્તક કરવાનું રાખવું જરૂરી બને છે. આજકાલ કેટલાંક રેઢિયાળ પુસ્તકોને ગાંધીનગરનાં અને અમદાવાદનાં ઈનામો મળે છે. આપનાર અને લેનાર બંને સામે આંગળી ચિંધી શકાય છે. ટકોરાબંધ સાહિત્યકાર હોય, એમણે રચેલાં ટકોરાબંધ પુસ્તકને ઇનામ મળે, એ દિવસની મને રાહ છે. અત્યારે તો છાતી સામૂકી ભીંસાય છે.

એથીસ્તો, કહેવાનું મન એ થાય - નાનજી કાલિદાસ મહેતાએ જ્યારે એમની આત્મકથા લખી - એ કેટલું ભણ્યા હશે ? દસ વરસની ઉંમરે તો એ યુગાન્ડા ગયેલા, ઝાઝું ભણ્યા ય નહોતા. ગુજરાતી ડાયસ્પોરાનું એમણે એક ઉત્તમ પુસ્તક આપ્યું છે, આત્મકથાનું. અને એમણે જે રજૂઆત કરી છે એ માત્ર યુગાન્ડાની જ વાત નહોતી, એ આપણી વસાહતની બોલતી કહાણી છે. પ્રભુદાસ ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં રહેતા રહેતા 'જીવનનું પરોઢ' આપ્યું. મોહનદાસ કરમચંદ ગાંધીનું આ ૨૦૦૯ને મસ્સે વિશેષ સ્મરણ છે. લંડનથી દક્ષિણ આફ્રિકા જતાં, નવેમ્બર ૧૯૦૯ દરમિયાન, 'કિલડોનન કેસલ' સ્ટીમરમાં બેઠા બેઠા એમણે જે પુસ્તક લખ્યું, તે ડાયસ્પોરાનું એક બીજભૂત કામ (સીમિનલ વર્ક) છે, એટલું જ નહિ, પણ આ દુનિયાનું એક મોટું 'seminal work' છે. તમે અને હું તેને 'હિંદ સ્વરાજ' તરીકે ઓળખીએ છીએ. આ ડાયસ્પોરાએ દીધું પુસ્તક છે. એવું જ બીજું પુસ્તક : ગાંધીએ લખેલો દક્ષિણ આફ્રિકાનો ઈતિહાસ. ગાંધીનું સાહિત્ય આપણને ગમ્યું હોય. 'આત્મકથા', ઈત્યાદિની વાત છોડીએ. 'આત્મકથા'નું ગુજરાતી વધારે સારું અને સરળ છે. 'હિંદ સ્વરાજ'નાં ગુજરાતી વિષે વિદ્વાન વિવેચકો આલોચના ને ટીકાઓ ય કરે. અને છતાં, એ 'seminal work' તરીકે જાહેર કેમ થતું હશે ? કહેવું છે એટલું જ કે આપણે થોડો અભ્યાસ કરીએ. થોડા ઊંડા ઊતરીએ, થોડા આપણા અનુભવોને માંહે લાવીએ. કેટકેટલા પ્રશ્નો આપણી સામે પડ્યા છે ! એ પ્રશ્નોને લખાણમાં આણીએ તો જ એની કિંમત છે.

પ્રકાશનની વાત કરવાનું મન પણ એટલું જ છે. આ દેશમાં શું શું પ્રકાશન થયું ? પહેલાં એ જોઈ લઈએ. આપણે તો આપણી દશા તપાસવાની છે અને થોડી દિશા ય જોવાની છે. દિશામાં એટલું જ છે આપણા એક વખતનાં કોષાધ્યક્ષ દિવંગત હીરાલાલ શાહનું એક પુસ્તક "ગુજરાત સમાચારે" આપ્યું. બર્મિંગમના આપણા કવિ, પ્રફુલ અમીનનું એક કાવ્ય-પુસ્તક, 'અમે અમથારામ' બર્મિંગમમાં જ મુદ્રિત થઈ પ્રગટ થયું. એ જ રીતે વિનય કવિનું એક પુસ્તક પણ અહીં લેસ્ટરમાં ટાઈપસેટ થયું અને રાજકોટથી પ્રકાશિત થયું છે. અને પછી પૂર્ણવિરામ આવી જાય ! તે પછી, કદાચ, એકાદું પુસ્તક લઈ શકીએ : 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નું Prospectus. અંગ્રેજીમાં અને ગુજરાતીમાં મુદ્રિત થયું છે, અહીં જ છપાયું છે, પણ એ તો ભાષા-શિક્ષણ માટેનું કામ છે. આ સિવાયનાં પુસ્તકો આપણે અહીંયા કરી શક્યાં નથી. ખર્ચાળ છે અને અહીં કરવું વ્યાજબી હોવા છતાં, એ થઈ શકે એમ નથી. એટલે આપણી નજર હિંદના પેટાખંડ તરફ જાય છે. પેટાખંડ - શબ્દ સાચવીને કહું છું - પેટછૂટની વાત કરવી છે, એટલે. પ્રેસ્ટનના કદમ ટંકારવીનું એક પુસ્તક બે વર્ષ પહેલાં મળ્યું છે. એ પાકિસ્તાનથી છપાઈને આવ્યું છે. ગુજરાતીમાં દીપક બારડોલીકરની કેટકેટલી ચોપડીઓ કરાંચીમાં છપાઈ છે. દક્ષિણ આફ્રિકાના દિવંગત કાંતિ મહેતા 'આશ્લેષ' આપણા એક કવિ છે. જોહનિસબર્ગ હતા. દક્ષિણ આફ્રિકામાંથી એમનાં એકાદબે પુસ્તકો થયાંનું સ્મરણ છે. નાની પુસ્તિકા છે. પણ, પછી શું ? મોટા ભાગનાં જે પુસ્તકો છપાયાં છે, તે ગુજરાતમાં છપાય છે, કેમ કે સસ્તાં પડે છે, સારાં પડે છે. ભારત કે પાકિસ્તાનમાં પુસ્તક પ્રકાશનનું કામ કિફાયત અને ખિસ્સાને પરવડે તેવું રહ્યું છે. માટે પ્રકાશકો સાથે સંબંધો કેળવવા જોઈએ. એમને હળવું મળવું જોઈએ.

'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની આપણે આ પહેલાં વાત જ કરી છે. તેના કાંદિવલી અધિવેશનમાં તો ઘણી બધી વાત કહેલી. કાંદીવલી અધિવેશન વખતે હું જે કંઈ બોલ્યો હતો, એ વિષે મારા પર પસ્તાળ પડી છે. એ હું સમજું છું પણ મારે જો કહેવાનું આવે, તો હું, ફરી એકવાર, એ જ વસ્તુ વાત, જરા વધુ વાર, ફરી ઘૂંટી ઘૂંટીને કહું. કારણ કે મને એના વિશેની એષણા નથી. મારા ભાંડુઓ વિષે, મારી માદરેજબાનના આ સિપાઈઓ માટે સ્વાભાવિક મારે વાત કરવાની જ હોય. કાંદિવલીમાં વાત કરી હતી, એનું પરિણામ એ આવ્યું કે ત્યાર પછીના પ્રમુખોએ એમાંનું કંઈ જ સ્વીકાર્યું હોય તેવી એંધાણી મળતી નથી; એક માત્ર, દિવંગત બકુલ ત્રિપાઠીએ પરદેશમાંના કવિ લેખકોની બેઠકો શરૂ કરેલી.

લેખકોના પ્રકાશકો સાથેના સંબંધો સુધરે અને એ જો મજબૂતાઈથી સંબંધો બંધાતા થાય, તેમ થવું જોઈએ. એવી બેઠકો કરીએ. ભલા માણસ, જાતને પૂછીએ : બકુલ ત્રિપાઠીએ કરી તેવી સભાબેઠકોનો, આપણા કવિ-લેખકોએ લાભ કેટલો લીધો ? બકુલભાઈ કમભાગ્યે લાંબું જીવ્યા નહીં. આપણા કમનસીબ. બકુલભાઈ જીવ્યા હોત તો આવો સંબંધ જરૂર વિસ્તર્યો હોત. વારુ, આ પુસ્તક પ્રકાશનની જે વાત કરી છે એ તથા સામાયિકો, પુસ્તક પ્રકાશન અને સંસ્થાઓ. પુસ્તક પ્રકાશન અને વ્યક્તિઓ, તેમ જ પ્રકાશન સંસ્થાઓ અને વિક્રેતાઓ – આ બધું અગત્યનું પાસું છે. એ સઘળું સામેલ કરતાં રહીને પણ આપણે આપણું કામ આગળ કરવું જોઈએ. હું સમજું છું ત્યાં સુધી ૧૯૭૯થી માંડીને આજ સુધીના આ અને આવા અધિવેશનોમાં, આવી વાત સતતપણે કહેવાતી આવી છે, પણ છતાં ક્યાંક આપણો કવિ લેખક પોતે ખુદ પણ ચૂકે છે. એણે પોતાના નિજી હિતની ખાતર થઈને પણ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' સાથે, ગાંધીનગરની 'ગુજરાત સાહિત્ય અકાદમી' સાથે, મુંબઈની ફાર્બસ ગુજરાતી સભા સાથે, "પરબ", "શબ્દસૃષ્ટિ", "ત્રૈમાસિક", "ઉદ્દેશ", "બુદ્ધિપ્રકાશ", સરીખાં એ બધાં સમસામયિકો સાથે, પ્રકાશકો સાથે પણ જીવંત સંબંધો કેળવવા જોઈએ. વાંચન કરવું જોઈએ અને સોજ્જા અભ્યાસ સાથે જ લેખનકામ કરવું જોઈએ. એક અઠવાડિયું, બે અઠવાડિયું, ત્રણ અઠવાડિયાના પ્રવાસે જઈએ એમાં જ એ સવાલ તાકીદે (ઇન્સ્ટન્ટ) કેળવવાનો હોતો નથી. એને વાર લાગે છે એ કેળવવા માટે એક વરસ, બે વરસ, વધુ વરસ પણ થાય છે. દાયકો પણ લાગે, બે દાયકા પણ લાગે. મહેનત કરવી પડે છે.

બીજી એક વાત એની સાથે એટલી જ વણાયેલી છે. આપણે એવું કહીએ છીએ કે 'ગુજરાતી સાહિત્ય પરિષદ' કે 'ગુજરાત સાહિત્ય અકાદમી' અમારી પ્રત્યે ધ્યાન નથી આપતી. વાત ખરી જ છે. કે અને ગુજરાત માંહેના કવિ લેખક આપણે ત્યાં આવે છે, ત્યારે આપણે તેને હેરવીએ છીએ ફેરવીએ છીએ. અહીંના રોકાણ દરમિયાન વળી તેણે દુનિયા આખીના મધ-મીઠાં વચનો ય આપ્યા હોય છે. એ લોકો વચન તો આપી જાય છે, પરંતુ ત્યાં ગયા પછી, એમને આપણા માટે વખત નથી ! અહીં મહેમાનગતિ માણી છતાં, એક વાર પણ કોરી 'ચા' માટે ય, 'ઘરે આવોને', તેમ કહેતા તે સંભળાતા નથી ! એનું શું કારણ ?તેમની પેઠે આપણી પાસે પણ વખત નથી, એ હું સમજું છું, પણ સવાલ આટલો જ છે. આ માનવ સ્વભાવ છે. અને છતાં આવી ટીકામાંથી બહાર નીકળીએ. કેમ કે આપણી પાસે પણ વખત નથી. આપણે જ્યારે અહીં ડાયસ્પોરા વિસ્તારમાં રહી, ગુજરાતી જબાનમાં લખીએ છીએ, ત્યારે આપણે એક નબળા પડ પર ઊભા છીએ તેટલું સમજાઈ જવું જોઈએ. ત્યારે એ સંબંધ કેળવવા માટે વિસ્તરવા માટે વધુ સમય અને શક્તિ આપણે ખરચવાં પડશે. અને જ્યાં સુધી મુખ્ય પ્રવાહમાં આપણું વજન નહીં પડે, ત્યાં સુધી વેમ્બલીના, લેસ્ટર કે પ્રેસ્ટનના માહોલમાં ઝાઝું ફેરફૂદડી કરી કૂદી શકવાનાં જ નથી. મુખ્ય પ્રવાહ સાથે પરિણામે રહેવાનું અત્યંત આવશ્યક છે.

રણજિતરામ મહેતાને આટલાં બધાં વર્ષો પહેલાં જે સૂઝેલું, તે એમની સ્થાપી 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ચૂકી છે. તે ચૂકે, પણ આપણે તો ચૂક્યા નથી ને? તો આપણે તે સંદર્ભે કંઈક કરવું પડશે. શું ? આજે અમદાવાદમાં બેઠી 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ગાંધીનગરમાં બેઠી 'ગુજરાતી સાહિત્ય અકાદમી' કે મુંબઈમાં બેઠી 'ફાર્બસ ગુજરાતી સભા' કે પછી, બીજી બધી તેવી તેવી સંસ્થાઓ એકલી કામ નહીં જ કરી શકે. આ ઠોકીઠોકીને, સતત, કહેતા રહેવું પડશે. આ ગ્લોબલાઈઝ્ડ વર્લ્ડમાં, આ વિશ્વગ્રામમાં, એમણે અમદાવાદની બહાર નીકળવું જ પડશે. રાજકોટ, સુરત, વડોદરા, ભૂજ, પાટણ, વલ્લભવિદ્યાનગર એ તો ઠીક, પણ મુંબઈ, કોલકોત્તા, ચેન્નઈ તો ઠીક, સિંગાપોર, લંડન, જોહનિસબર્ગ, ડરબન, મૉસ્કો, કૉમો, નાઈરોબી, ન્યૂ યોર્ક, ફિલાડેલ્ફિયા કે લોસ એન્જલસ, કે પછી તમારે જે કંઈ કહેવું હોય એ બધાંની સાથે, તે દરેકે, ઘનિષ્ઠ સંબંધ કેળવવો પડશે. કોઈ ચારો જ નથી. તે દિવસોમાં, એકસો વરસ પહેલાં, બળવંતરાય ઠાકોરને ય તે સૂઝેલું. ઈનફોર્મેશન ટેકનોલોજીનાં વિવિધ સાધનો છતાં, આ વડેરાંઓને છત્તે આંખે આજે લગીર સૂજતું જ નથી ! આને મોટા માણસોની નાની જ વાત કહીશું કે ?!

હમણાં લંડનના અર્લ્સ કોર્ટમાં એક આંતરરાષ્ટ્રીય સ્તરનો પુસ્તકમેળો યોજાયો હતો. એમાં બે ગુજરાતી લેખકોએ ભાગ લીધો હતો. એક ગુજરાતીમાં લખતા નથી અને એક ગુજરાતીમાં જ લખે છે. વર્ષા અડાલજા ગુજરાતીમાં લખે છે. એ ત્યાં હતાં. અને સુકેતુ મહેતા, જેણે અંગ્રેજીમાં લખ્યું છે તે ય હતા. ત્યાં ઠેર ઠેર પુસ્તકો ભરી આલમારીઓ હતી. તે ફરીને જોઈ. ધ્યાનપૂર્વક જોઈ. આવડા મોટા જથ્થામાં પુસ્તકો ત્યાં હતાં. હિંદુસ્તાનના વિવિધ પ્રકાશકોને ધ્યાનમાં રાખીને, કેન્દ્રમાં રાખીને અત્યંત મહત્ત્વનું કામ થયેલું, આ પુસ્તકમેળાનું કામ. પરંતુ તેમાં એક માત્ર પુસ્તક ગુજરાતીનું હતું. આવું કેમ ? ગુજરાતીની છ-સાત કરોડ જનતાના પ્રતિનિધિ તરીકે, ગાંધીનગર અને અમદાવાદમાં બેઠા આ આગેવાનોને પૂછવાનું મન થાય છે : આ શરમજનક વસ્તુ નથી ? ગેંડાની જેમ હજુ ય તમે જાડી ચામડી રાખી વાણીવર્તનમાં ચકચૂર રાચતા રહેવાના છો કે ? શિરીષ પંચાલ સંપાદિત એક વાર્તાસંગ્રહ સિવાય બીજું કોઈ જ પુસ્તક તે આખા પ્રદર્શનમાં હતું જ નહીં ! હિંદુસ્તાનથી આવેલાં કુલ પર વાર્તાકારો, લેખકો, કવિઓ, વિવેચકોમાં એક માત્ર વર્ષા અડાલજા જ કેમ ? તળ ગુજરાતે 'ગુજરાતી સાહિત્ય પરિષદ' શું કરે છે? 'ગુજરાત સાહિત્ય અકાદમી' શું કરી રહી છે?

ત્યાં જે જાહેર ચર્ચા થઈ એ વિગતની ચર્ચા મારે હવે આગળ ધરવાની છે. તે મારો, હવે પછીનો, મહાભારત મુદ્દો છે – અનુવાદનો. તે ભણી મારે ફંટાવાનું જ છે. અનુવાદની વાત નીકળી. ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં કોઈ દહાડે આપણે ગયા છીએ ખરા કે ? જવા જેવું છે. એ વિભાગમાં શું ભણાવાય છે, અને સ્તર કેટલું છે, એ આપણે કોઈ દહાડે જોયું તપાસ્યું છે? એમના અધ્યાપકો, પ્રાધ્યાપકો એમના વડા અને વળી એમના ય વડા ઉપરાંત 'ગુજરાતી સાહિત્ય પરિષદ' કે 'ગુજરાત સાહિત્ય અકાદમી' કે જે તે બીજાં મંડળો છે તેમની શિથિલ વૃત્તિ વધતી ચાલી છે; તે વધુને વધુ એકલગંધી, સંકુચિત થતી ગઈ છે. એમ કેમ ચાલે ? એ જ્યાં ગુજરાતી ભાષાનું સાંચવી શકતી નથી તો એ અનુવાદનું શું કરશે? શું ઉજાગર કરશે ?

રવીન્દ્રનાથ ટાગોરનું 'ગીતાંજલી' તો આપણને ૧૯૧૨ની આસપાસ મળે છે. રવીન્દ્રનાથ ટાગોરે, ખુદ, 'ગીતાંજલી'નું ભાષાંતર બંગાળીમાંથી અંગ્રેજીમાં આપ્યું છે; અને પછી, તે જ, આયરિશ કવિ ડબલ્યૂ. બી. યેટ્સ એને સુધારીને, આપણને પાછું પ્રકાશિત કરીને આપે છે. આપણા કેટલા કવિ-લેખકોની પાસે આપણે આવી અપેક્ષા રાખી શકીએ ? કારણ કે જે તે કૃતિ તો છેવટે લેખકની કે કવિની હોવાથી પોતાની કૃતિનું ભાષાંતર કરવાનું સૌથી મોટું કામ તો એનું પોતાનું હોય; તેમ થવું જોઈએ. એવી ઝુંબેશના માતવર કોણ બને ? આપણા ભોળાભાઈ પટેલ ? રઘુવીર ચૌધરી કે? હું અહીં માત્ર બેત્રણ નામ જ આપું છું. પણ આ સમગ્રનું કામ છે. નિરંજના દેસાઈ કે અનિલ વ્યાસ કે યોગેશ પટેલ કે ભદ્રાબહેન વડગામા કે પછી જેનું નામ આપણે આપવું હોય તે લઈએ. મૂળગત આપણી કાબેલિયત કેટલી છે? આપણી સજ્જતા કેટલી છે, તે જ ચકાસવાનું છે. આપણું અંગ્રેજી કેવું છે, તે તપાસવાનું કામ અગત્યનું ઠરે છે.

આપણી વસાહતમાં અહીં જે સામયિકો નીકળે છે તેમાં ગુજરાતીની સાથે સાથે અંગ્રેજીમાં ય આવૃત્તિ આવે છે. એક નુસખો કરી જોઈએ : આપણાં છોકરાઓને તે આવૃત્તિ આપીએ તો ખરા. ઘડીભર જો તે વાંચી શકતા હોય તો. અંગ્રેજીમાં તે જરૂર લખાય છે; પણ ભઈલા, ક્યું અંગ્રેજી ? મારા બાપદાદા વાંચતા હતા એ અંગ્રેજી કે ? જેમ આ દેશમાં જુદું અંગ્રેજી છે, તેમ ઓસ્ટ્રેલિયાનું જુદું અંગ્રેજી છે, તેમ અમેરિકાનું જુદું છે, કે દૂર પૂર્વનું ય જુદું છે. આમ સઘળે જુદું જુદું અંગ્રેજી છે. એની સમજણ આપણે ક્યારે કેળવીશું ?

વરસો પહેલાં, 'સાઉથ એશિયન લિટરેચર સોસાઈટી'ની આ દેશમાં બોલબાલા હતી. તે એક જીવંત સંસ્થા હતી, તે આજે નથી. દુઃખ બહુ મોટું છે. એણે અનુવાદનાં જે કામો બતાવ્યાં, તેની ચોમેર ભારે સરાહના થયેલી છે. મોટા ભાગના આપણા કવિ-લેખકો એમાં સામેલ થઈ શક્યા નહોતા. જો કે આજે પણ આપણા કવિ-લેખક પંજાબી સાથે, ઉર્દૂ સાથે, હિન્દી સાથે, બંગાળી સાથે, મરાઠી સાથે, તમિળ સાથે, કન્નડ સાથે ય આદાનપ્રદાન કરી શકતો નથી; તે અંગ્રેજી સાથે કેવી રીતે કરે ? આ સમજાતું જ નથી. અને આવું આદાન-પ્રદાન નહીં થાય તો અનુવાદનો સવાલ તો માથે પટકાવવાનો જ છે. સવાલ આપણી નિષ્ક્રિયતાનો પણ છે. બહુ સહેલું છે કોઈને ટીકા કરવી, કે પરિષદની, કે અકાદમીની, કે કોઈપણની. આપણે આપણી જાતને સવાલ પૂછવાની જરૂર છે કે આપણે કેટલા સજ્જ છીએ ? તો એ સજ્જનતાની જોડાજોડ કહેવાનું છે કે ભાષાના આ જે સવાલો છે જે 'ગુજરાતી સાહિત્ય પરિષદે', એક દા, એક પૂર્વ પ્રમુખ નિરંજન ભગતના વડપણ હેઠળ હાથ ધરેલો. 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના એ બાહોશ પ્રમુખ હતા. એ દૂરંદેશ પણ હતા. એમણે પરિષદમાં ભાષાંતર માટે એક વિભાગ ઊભો કર્યો. પણ પછી તેનું શું થયું ? જવાબરૂપે કદાચ કહી શકાય કે પરિષદની દૃષ્ટિમાં દૂરંદેશીપણું હવે આવતું જણાતું નથી. એ આપણી આજની દશા છે. તેવી દશાને માટે થઈને, છેલ્લા મુદ્દે, કહેવાનું મન છે કે આ બધું કરવાનું છે એ ફરજની ભાવનાથી નહીં જ - કદાપિ નહીં જ, સમજણની ભાવનાથી અને સમજણની તે ભાવનામાં દૂરંદેશીપણું લાવ્યા વગર ચાલશે જ નહીં.

પેલા ખેડૂતને જઈને પૂછીએ તો ખરા કે પોતે આંબો રોપે છે તે ખુદ કેરી ખાઈ શકવાનો છે કે ? એનું સંતાન, પછીથી એનું ય સંતાન થશે, તેને તે લાભ ખરેખાત મળે. એમ આપણે આપણી વાર્તા, આપણી કવિતા, આપણો નિબંધ લખીએ, અને જરૂર લખીએ. હવે પછીની પેઢીને માટે ય તે વારસો મૂકતા જઈએ. ટૂંકામાં, એ સર્જન મુખ્ય પ્રવાહમાં ય તરી શકે, તેમ બનવું રહે. તે ઈનામો ખેંચી લાવે, એવું સર્જન પણ આપણે આપીએ.

દેશપરદેશમાં લખાતાં ગુજરાતી સાહિત્યમાં, ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્યમાં સૌથી વડેરું નામ હોય તો તે બળવંત નાયકનું છે. આવું રઘુવીર ચૌધરી, એક વાર, મને કહેતા હતા. એ શું આપણું ગૌરવ નથી ? બ્રિટનનું જ તે ગૌરવ બને છે. બળવંત નાયક અહીં છે. હજુ હયાત છે. તેથીસ્તો, ગૌરવ બેવડાય છે. આ વાત એટલા માટે કહું છું કે પ્રકાશ ન.શાહે અમદાવાદમાં જે કહેલું એ મુદ્દે વાત કરવાની છે. ડાયસ્પોરાની વાત લઈને, યુગાન્ડાની બળવંત નાયકે જે નવલકથા આપી એ અમુક હદ સુધી આપણને આપણા ડાયસ્પોરાના અનુભવ ભણી લઈ જાય છે. આપણે તો મૂળ સોતાં ઉખડેલા માણસો છીએ ને ? ક્યાંક ફીજીથી આવ્યા છીએ. ક્યાંક બ્રહ્મદેશથી આવ્યા છીએ. ક્યાંક દક્ષિણ આફ્રિકાથી આવ્યા છીએ. ક્યાંક મલાવીથી આવ્યા છીએ. ક્યાંક પૂર્વ આફ્રિકાના મુલકમાંથી. સુદાનમાંથી પણ આવ્યા છીએ. ક્યાંથી ક્યાંથી આવ્યા છીએ. કેટલા કેટલા અનુભવો ગાંઠે બાંધીને આવ્યા છીએ. મારી વણઝારાની પોઠમાં જામખંભાળિયાની વાત છે. મારાં પોટલાંમાં સેવક ધુણિયાની વાત છે. જામનગરની અને મુંબઈની વાત છે અને અરૂશાની વાત પણ એમાં ભરી પડી છે. અને એમાં ઉમેરાયું છે મારું હાઉન્સલો, મારું વેમ્બલી અને મારું લંડન. અહીં ઉખેડાઈને આવ્યો, ત્યારે અમને રહેવાનો ઓરડો પણ ભાડે મળતો નહોતો. કહેવા દો, કે અહીંયા ભારતીયો અથવા દેશીઓ અને કૂતરાઓને માટે પણ આવવાની, રહેવાની, પ્રવેશવાની મનાઈ છે, એવાં પાટિયાં ત્યારે હતાં જ ને? એ પછી પણ આપણને ઓરડો મળતો હોય, તો આપણા સદ્નસીબ. જો તમારે સંતાન હોય, તો તમને ઓરડો પણ કોઈ ભાડે નહોતું આપતું. અને જો આપતું હતું તો તેના કેવાકેવા ય અનુભવો હતા. અમને જ્યારે છેવટે ઓરડો મળ્યો ત્યારે, કુંજને પૂછજો, એ કહેશે, અર્ધો કલાક જ અમને હીટર મળતું હતું ! દીવાલ પરથી ઓરડાની હૂંફને અભાવે, પાણીનો રેલો નીકળી આવે એટલું તમને પાણી નીતરતું મળે ! એટલું એ ઠંડું ઘર હતું. સૂવાને જે ખાટલો મળતો તેની ય વર્ણનની પેલે પારની પરિસ્થિતિ. ખાટલામાં વચ્ચે ખાડો. તૂટલો હતો! અમે કોઈક નાનકી હોડીમાં સૂતાં પડયાં હોઈએ તેવો તે ઘાટ હતો ! ખેર ! આવા આવા અનેક અનુભવો વચ્ચેથી, આપણો સમાજ અહીંયા બેઠો થયો છે. એ અનુભવ અમારો એકલાનો જ નથી, પરંતુ સામે બેઠેલા તમામ માણસોને આવા અનેક અનુભવોમાંથી પસાર થવાનું આવ્યું છે. એવા એવા અનુભવો આપણી સાહિત્યની આ કૃતિઓમાં આવીને પડ્યા છે, ખરા ? કેમ નહીં ?

તો એ અનુભવ જ્યાં સુધી લખાણમાં આવશે નહીં ત્યાં સુધી, પ્રકાશ ન. શાહે જે માગણી કરી છે તે ડાયસ્પોરાનું ઉત્તમ સર્જન આપણને મળવાનું નથી. એમ જ્યારે થશે, ત્યારે રણજિતરામ સુવર્ણ ચંદ્રક ખડખડ કરતો એ આપણી આ વિલાયતની ભૂમિ પર આવીને પડ્યો હશે. તો એ માટેનું આહ્વાન સઉને છે. આપણી આ સંસ્થાને ૩૦ વર્ષ થયાં. આ ત્રિશતિની ઉજવણી ટાંકણે આટલી માગણી કરવી અને આટલી આશાની અપેક્ષા રાખવી એ જરા ય વધુ પડતી નથી. અહીં દીપક બારડોલીકર આવીને એક સરસ નવલકથા આપે છે. પાકિસ્તાનના માહોલની તે નવલકથા છે. ડાયસ્પોરાની કેટલીક સરસ કૃતિઓ એમણે આપી છે. એમની સાથેનો મારો લગાવ "ઓપિનિયન"ને કારણે રહ્યો છે. આવી આવી કૃતિઓને માટે, એની બરોબરીમાં બેસી શકે તેવા સાહિત્યકારોની પણ મને ખૂબ રાહ છે. હું ઈચ્છું કે એવો દિવસ સાચ્ચેસાચ આવે. એમાંથી ય ઉત્તમ અનુવાદ મળે, જતે દહાડે જે કુન્તલ અને કુન્તલનાં સંતાન પણ વાંચી શકે અને માણીને કહે કે આ જો આવું મારા બાપદાદાઓ લખતા. તે આટલું સરસ છે તો મૂળ કેટલું સરસ હશે ? અને એવું જ્યારે લખાશે ત્યારે એ જ સંતાન ઊઠીને કહેશે કે મારી બાપદાદાની આ ભાષા ? એમનું આ સાહિત્ય ? ચાલોને, હું ગુજરાતી શીખું. બની શકે કે એ ય ગુજરાતી બોલશે, વાંચશે અને પછી લખશે ત્યારે સરદાર પટેલની ભડ ગુજરાતી જાણશે, મહાત્મા ગાંધીનું સરળ ગુજરાતી વાંચશે, એમ નરસિંહની જગતના ચોકમાં બેસે એવી કવિતાઓ વાંચશે. એ વાંચે તેવા દિવસના મને ઓરતા છે. આ બધું બનશે ફરજની ભાવનાથી જરા ય નહીં; સમજણથી જ અને એક માત્ર સમજણથી.

મુલક આખામાં, ઉપરતળે, આજે જે રીતે ગુજરાતીના વર્ગો ચાલે છે તેને ય ચકાસવાની આવશ્યક્તા છે. સતતપણે ૪૫ વર્ષોના અનુભવ પછી, કેટલાક વર્ગોને ખંભાતી તાળા ભેટ આપવાનું મન થાય છે. તે જે રસમે ચાલે છે તેનાથી હૃદયમાં શેરડા પડે છે. એના કરતાં વર્ગો ન ચલાવે એ સારું છે. તો બીજી પાસ, એમાં સુદીર્ઘ તપ થઈ રહ્યું છે. કેટલી જગ્યાએ સારું તપ થયું છે. એમાંથી આપણી અનેક પેઢીનો વિકાસ પણ થયો છે. એવી લાગણીનો એક સૂર સમજવા મિત્ર ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીના દીકરા કિરણનું ઉદાહરણ મુનાસિબ રહેશે. તે બર્મિંગમમાં છે. હમણાં એનો એક ઈ-મેઈલ આવ્યો. "ઓપિનિયન"ની ઓન-લાઈન વેબસાઈટ શરૂ થઈ, એ જોતાં તેણે જે લખ્યું તેની વાત કહેવી છે. તેણે લખ્યું, વિપુલકાકા, આ બધું જોઉં છું. તો મને થાય છે કે હું કેટલું બધું ચૂકી ગયો છું. તમને વચન આપું છું. અત્યારે તો હું ક્વાલાલમ્પુર છું. લગ્નમાંથી ઘેર પાછો જઈ રહ્યો છું. જુઓ, તે ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તે

# અંધશ્રદ્ધાનો આધુનિક મુકામ : ઈન્ટરનેટ

• ઉર્વીશ કોઠારી

આ સત્યઘટના છે. મહેરબાની કરીને તેને અવગણશો નહીં. (બાબા-બાવા-ભગવાન-માતાજીની તસવીર) એક અફસરે આવી તસવીરો (ધરાવતો ઈ-મેઈલ) મોકલ્યા પછી, તેને ૨ મીલિયન ડોલર મળ્યા. આ મેઈલ આગળ ન મોકલીને, મેઈલની સાંકળ-ચેઈન આગળ વધતી અટકાવવા બદલ, રોબર્ટે ૨.૧ મીલિયન ડોલર ગુમાવ્યા ... પ્લીઝ, આ ઈ-મેઈલની ૨૦ કોપી મોકલો અને પછી ફક્ત ચાર જ દિવસમાં જુઓ, શું થાય છે ! આ ચેઈન લેટર શીરડીથી આવ્યો છે. તમને ચોક્કસ ૪૮ કલાકમાં સારા સમાચાર સાંભળવા મળશે.'

***

ઈન્ટરનેટનો ઉપયોગ કરતા લગભગ દરેક જણને આ અને આવા જુદા જુદા ઈષ્ટદેવોની આણ આપતા ઈ-મેઈલ મળતા હશે. આ પ્રકારના મેઈલનું શું થતું હશે ? અંદાજ લગાડી શકાય છે. થોડા લોકો આવા ઈ-મેઈલ વાંચીને, મનોમન રમૂજ પામીને તેને કચરાટોપલીમાં ટ્રેશ તરીકે નાખી દેતા હશે. બીજા થોડા લોકો શ્રદ્ધાપૂર્વક,ખરેખર, આવા ૨૦ મેઈલ મોકલવાથી ફાયદો થશે ને ન મોકલવાથી નુકશાન થશે, તેવું માનીને બીજા ૨૦ જણને મેઈલ મોકલી આપશે. ત્યાર પછી ૪૮ કલાક વીતી જાય અને કોઈ સારા સમાચાર આવે, તો તે આખી વાત ભૂલી જશે અને ફરી કોઈ માતાપિતા- બાવા-બાબાની આણ આપતો મેઈલ આવે ત્યારે પંદરવીસ- પચીસ જણને મોકલી આપશે.

પરંતુ મોટા ભાગના લોકો આ મેઈલમાં લખેલી વિગત માની લે એટલા ભોળા-શ્રદ્ધાળુ હોતા નથી. એ લોકો ઈ-મેઈલ ફોરવર્ડ કરવાથી રાતોરાત લોટરી ન લાગી જાય, એટલું સમજવા જેટલા બુદ્ધિશાળી છે. 'આમ તો હું આવા બધામાં માનતો નથી' એવું કહેવું તેમને ગમે છે. પણ .... તોતેર મણનો 'પણ' એ છે કે 'આમ તો હું આવા બધામાં માનતો નથી, પણ આ મેઈલ ફોરવર્ડ કરવામાં એકેય રૂપિયાનો ખર્ચ નથી. મને કે બીજા કોઈને કશું નુકશાન નથી અને (હહહ) કોને ખબર ? કદાચ કંઈક થાય પણ ખરું ! આ તો જસ્ટ જોક્સ, હા! '

પ્રગટપણે કે મનોમન આ પ્રકારનું કંઈક કહીને, તે વીસ જણને ઈ-મેઈલ ફોરવર્ડ કરી આપશે. આવી રીતે એડ્રેસના ખાનામાં લચકેલચકા સરનામાં ધરાવતા ઈ-મેઈલ જ્યારે પણ મળે ત્યારે હસવું કે રડવું એ સમજાતું નથી. ખરેખર તો કપાળ કુટવાનું મન થવું જોઈએ. પણ આવા દરેક પ્રસંગે કપાળ કુટીએ તો કપાળ ચંદ્રની સપાટીની જેમ ગોબાચ્છાદિત થઈ જાય. વિચાર આવે કે લેટેસ્ટ ટેક્નોલોજી ધરાવતા ઉપગ્રહો, દરિયાના પેટાળમાંથી પસાર થતા સબમરીન કેબલ, આધુનિકતમ કમ્પ્યુટર પ્રોગ્રામ,વાયરલેસ કનેકશન, ઓપ્ટીકલ ફાયબર વગેરેની સહિયારી કમાલને માતાજીના પરચાના પોસ્ટકાર્ડના સ્તરે ઉતારી દેનારાને શું કહેવું?

'ભણેલા-ગણેલા'ની માનસિકતા ઈન્ટરનેટને ભાંડવાનું, તેને સર્વ દૂષણોનાં મૂળ તરીકે ઓળખાવવાનું બહુ સહેલું છે, પણ ખરો સવાલ માણસના મનમાં ખદબદતી લાલચથી માંડીને અંધશ્રદ્ધા જેવી વૃત્તિઓનો છે. આ વૃત્તિ આહાર,નિદ્રા કે ભય જેવી મૂળભૂત નથી. છતાં તેનાં મૂળિયાં એટલાં જ ઊંડાં જતાં રહ્યાં છે. આદિકાળમાં તેનો આરંભ પ્રાકૃતિક પરિબળો પ્રત્યેના ભય અને વિસ્મયમાંથી થયો હશે. પછી તેમાં લાલચ અને ટૂંકા રસ્તે સમૃદ્ધ થઈ જવાના ધખારાનો રંગ ભળ્યો. એવી અંધશ્રદ્ધાને આસ્તિકતા કે અધ્યાત્મ સાથે કશો સંબંધ નથી. પરચાના પોસ્ટકાર્ડ કે ઈ-મેઈલ મોકલનાર અને લોટરીની ટિકિટ ખરીદનારની માનસિકતામાં ખાસ ફરક હોતો નથી. બંનેને પોતાની કોઈ આવડત કે મહેનત વિના, બસ એમ જ, પૈસાદાર બની જવું છે અને તે માટે બુદ્ધિનું ગમે તેવું પ્રદર્શન કરતાં પણ ખચકાટ થતો નથી. કોને ખબર, પ્રદર્શન કરીને પણ સમૃદ્ધ થઈ જવાય તો ? સોદો ખોટો નથી.!

ઘરેડ અંધશ્રદ્ધાળુઓ સાથે કામ પાડવાનું પ્રમાણમાં ઓછું મુશ્કેલ છે. તેમની સરખામણીમાં 'આપણે તો આવા બધામાં માનતા નથી, પણ નુકશાન શું છે? એવું માનનારા લોકો વધારે રીઢા હોય છે. તેમાં કહેવાતા ભણેલાગણેલા- સમાજ જેને 'ડૉક્ટરો-એન્જિનિયરો' જેવા સન્માનસૂચક વર્ગમાં મૂકે છે. તેમની સંખ્યા પણ મોટી હોય છે. તેમને પોતાની અંધશ્રદ્ધારૂપી દોણી સંતાડીને, છાશની લાઈનમાં ઊભા રહેવું છે. ભણતર તેમને ફક્ત અંધશ્રદ્ધા છૂપાવવાનો દંભ શીખવી શક્યું છે. તેમના મનમાંથી અંધશ્રદ્ધાનો મેલ કાઢી શક્યું નથી. એટલે જ, 'એમાં આપણને ક્યાં કશું નુકશાન છે ?' એમ કહીને એ લોકો અંધશ્રદ્ધાનો ગળપટો બાંધી લે છે, 'કોઈને ખબર નહીં પડે' એમ વિચારીને હરખાય છે. પોતાનું કશું ન જતું હોય એવી બીજી કેટલી બાબતોમાં આ લોકો આટલો ઉત્સાહ બતાવે છે, એ વિચારવા જેવું છે.

ટેકનોલોજીને મળતા માણસના પરચા ઈન્ટરનેટની સૌથી મોટી લાક્ષણિકતા - મફત અને તરત - સારી માહિતી જેટલી જ ખોટી માહિતીને, દૂષણોને, અંધશ્રદ્ધાને પણ લાગુ પડે છે. કારણ કે વિજ્ઞાન નીતિનીરપેક્ષ હોય છે. એ વિજ્ઞાનનો ગુણ પણ છે અને તેની મર્યાદા પણ. 'પાપી માણસ સ્વીચ પાડે તો લાઈટ ચાલુ ન થાય. એના માટે તે તપ કરવાં પડે, તપ!' એવું વિજ્ઞાનના નિયમોને આધીન બાબતોમાં હોતું નથી. ઈન્ટરનેટ પર અંધશ્રદ્ધાનો ફેલાવો કરવો કે સ્વસ્થ વૈજ્ઞાનિક અભિગમનો, એ ટેકનોલોજી નહીં, માણસો નક્કી કરે છે. ઈન્ટરનેટ પર અંધશ્રદ્ધા સામેની ઝુંબેશો ચાલે છે, છતાં બહારની દુનિયાની જેમ ઈન્ટરનેટના માધ્યમમાં પણ અંધશ્રદ્ધાનું પલ્લું ભારે રહે છે. કારણ કે ટેકનોલોજી નવી છે, પણ તેને વાપરનારા એના એ જ છે. ભણ્યા પછી જેમના મનમાંથી અંધશ્રદ્ધા દૂર થઈ શકી નથી, એવા લોકો ટેકનોલોજીનો ઉપયોગ પોતાની અંધશ્રદ્ધા પોસવામાં અને તેમાં રાચવામાં જ કરે એ સ્વાભાવિક છે.

ઈન્ટરનેટનો ઉપયોગ કરી જાણનારા લોકો તેનો ઉપયોગ કમ સે કમ પરચાનાં પોસ્ટકાર્ડની જગ્યાએ ન કરે એટલી અપેક્ષા રહે છે. પરંતુ અંધશ્રદ્ધાળુઓની કઠણાઈ જ એ છે કે વૈજ્ઞાનિક સાધનો વાપરીને અવૈજ્ઞાનિક માન્યતાઓનો પ્રચારપ્રસાર કરવામાં તેમને છોછ સંકોચ કે લાજશરમ નડતાં નથી. એમાં તેમનો કશો વિરોધાભાસ લાગતો નથી. તેમને એવો સીધોસાદો વિચાર પણ આવતો નથી કે વીસ જણને ઈ-મેઈલ ન પહોંચે કે કોઈ ઈ-મેઈલ ખોલીને ન વાંચે કે કોઈના મેઈલ બોક્સમાં આવો ઈ-મેઈલ સીધો કચરપટ્ટી-સ્પામના ફોલ્ડરમાં જતો રહે તો શું થાય ? વીસ ઈ-મેઈલ મોકલ્યાનું પૂણ્ય મળે કે ન મળે ? બધા સવાલોના તેમની પાસે એક જ જવાબ છે : 'આપણને ક્યાં કશું નુકસાન છે ?'

અંધશ્રદ્ધાળુ ન હોવા છતાં, કોઈને લાગતું હોય કે 'હશે બિચારા ! છો ને ઈ-મેઈલ મોકલ્યા કરે ? આપણને શું નુકશાન છે ? ન વાંચવો હોય તો ડીલિટ કરી નાખવાનો!', તો મોટા ભાગના કિસ્સામાં આવું વલણ ઉદારતા કે સહિષ્ણુતા કરતાં વધારે અવઢવ સૂચવે છે. ઈન્ટરનેટ પર ફરતા અંધશ્રદ્ધા અને ખોટી માહિતીને લગતા ઈ-મેઈલનો ત્રાસ એટલો વધી ગયો છે કે ક્યારે કોણ કઈ વિગત સાચી માની લેશે,એનો હંમેશાં ફડકો રહ્યા કરે.

ગેરમાર્ગે દોરતી માહિતીનો મારો ઈ-મેઈલમાં વખતોવખત એવી કથાઓ મળતી રહે છે કે 'ફલાણા ભાઈ થિયેટરમાં ફીલ્મ જોવા ગયા, ત્યારે તેમને બેઠકમાંથી ટાંકણી ભોંકાઈ. એ ટાંકણી એઈડ્સનો ચેપ ધરાવતી હોવાથી ફીલ્મ જોવા ગયેલા ભાઈને એઈડ્સ લાગુ પડી ગયો' અથવા 'કોકા કોલા એટલી જલદ આવે છે કે ડાઘા સાફ કરવાના કામમાં (એસીડને બદલે) તેનો ઉપયોગ કરવામાં આવે છે.'અથવા 'ડિયોડોરન્ટ લગાડવાથી કેન્સર થાય છે.' કથાઓના બીજા પ્રકારમાં એવી લાલચ આપવામાં આવે છે કે 'આ મેઈલની સાથે મોકલેલી ઈષ્ટદેવની તસવીર સામે જોઈને મનમાં જેની ઈચ્છા કરો,તે મળી જશે.' આ કામમાં ભગવાનને બદલે માણસ પણ મદદરૂપ થઈ શકે છે.એવા મેઈલમાં કાયમી ઓફર હોય છે કે નાઈજીરિયાથી માંડીને બ્રિટન સુધીના કોઈપણ દેશમાં કોઈ બિનવારસી ભાઈ લાખો ડોલરનો દલ્લો મૂકીને મૃત્યુ પામ્યા છે અને કોઈ ભળતાસળતા બેન્ક અધિકારીએ ખજાનો તમારા ખાતામાં મોકલી આપવા ઉત્સુક છે.બસ, તમે તમારો ખાતા નંબર આપો અને 'કાર્યવાહીની ફી પેટે' થોડા ડોલર મોકલી આપો.

ઈન્ટરનેટની આલમમાં "નાઈજીરિયન ફ્રોડ" તરીકે જાણીતી આ તરકીબ એટલી જૂની અને જાણીતી હોવા છતાં, તેની સાથે સંકળાયેલું લોભનું લોહચુંબક એવું પ્રબળ પૂરવાર થાય છે કે એક જાણીતી ગ્રાહક સુરક્ષા સંસ્થાના વડા થોડા વર્ષો પહેલાં આવા જ 'નાઈજીરિયન ફ્રોડ'મા ઘણા રૂપિયા ગુમાવી બેઠા હતા. ઈન્ટરનેટ પર માણસની મૂળભૂત નબળાઈઓની જ નહીં, સારપની પણ રોકડી કરનારા લોકોની કમી નથી. પરિણામે ગંભીર બીમારી ધરાવતી અને ૧૯૯૩ થી ૭ વર્ષની ઉંમર ધરાવતી છોકરી એમી બ્રુસની સારવારના બહાને આર્થિક મદદ ઉઘરાવવા મેઈલ આવી પડે છે. 'આપણું શું જાય છે ?'પ્રકારનો વર્ગ તેમાં ભોળવાતો નથી. છતાં જેટલા વર્ષોથી એ છેતરપીંડી ચાલે છે, એ જોતાં તેમાં સફળતાનું સારું એવુ પ્રમાણ હશે એવી અટકળ ચોક્કસ કરી શકાય. જરા જુદા પ્રકારના મેઈલ 'મેરા ભારત મહાન' કે 'મેરા ગુજરાત મહાન' પ્રકારના હોય છે. પહેલી નજરે આંકડાથી અને નક્કર માહિતીથી લદાયેલા જણાતા એ મેઈલની માહિતી માનવી ગમે એવી હોય છે, પણ માનવાજોગ હોતી નથી.

ઈન્ટરનેટ પર શંકા ઉપજાવે એવી કોઈપણ માહિતી વાંચવા મળે, તો 'ગૂગલ' જેવા સર્ચ એન્જિનમાં જઈને સંબંધિત વિષય લખીને, તેની સાથે skeptics (સંશય કરનાર), other side (બીજી બાજુ), hoax (તરકટ) જેવા શબ્દો લખીને સર્ચ કરવાથી, પોલ ખુલ્લી પાડતી વિગતો પણ મળી શકે છે.

- અને હ હ હે, એમાં આપણને કશું નુકશાન નથી !

**(સદ્ભાવ : "વૈશ્વીક માનવવાદ" ૫ સપ્ટેમ્બર ૨૦૦૯)**

e.mail : uakothari@yahoo.com

---

મોબાઈલમાંથી મને ઈ-મેલ કરે છે. પછી કહે છે : ઈ-મેલ સીંગાપુર જઈને પૂરો કરીશ અને ત્યાંથી મોકલીશ. પણ એક વચન આપું છું કે મને લાગે છે કે કાકા (તેના પિતાને એ કહે કાકા કહે છે.) અને તમે અને બીજા ગુજરાતી મિત્રો ગુજરાતીમાં વાંચો છો, લખો છો, એ હું વાંચી શકું, લખી શકું, સમજી શકું. તેમ મારે કરવું છે. કૃષ્ણા (તેની પત્ની)અને હું ગુજરાતી શીખવા જવાનાં છીએ.

આ આપણી તાકાત છે. બહુ વખત લીધો. મિત્રો, ટીકાઓ કરવાનું બંધ કરીએ. આપણે આપણી જાતને તપાસીએ અને આપણી આવતી કાલની પેઢીને તૈયાર કરવા માટે, ફરજની ભાવના વગર. સજ્જ બનીએ. ટૂંકમાં, એક માણસ, એક માણસને તો તૈયાર કરે; બસ આટલું તો કરીએ. ... 'જય હો ! મારી માતૃભાષાનો'.

**(ક્રોયડન ખાતે મે ૨૦૦૯ દરમિયાન, ભરાયેલી 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની ૮મી ભાષા-સાહિત્ય પરિષદમાં રજૂ થયેલું શિષ્ટ વક્તવ્ય. ઘનશ્યામ ન. પટેલની મૂળ નોંધ અનુસાર – સુધારાવધારા સાથે. મુદ્રાંકન સહયોગ શ્રુતિબહેન અમીન)**

**e.mail : vipoolkalyani.opinion@btinternet.com**


# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ......



કાળી પાટલૂન. ઘેરા લીલા રંગનું બૂશર્ટ. માથે આઝાદી લઈ આવતા પક્ષ, 'ટાંગાનિકા આફ્રિકન નેશનલ યુનિયન' વાટે પસંદ કરાયેલી ટોપી. આ હતો તે વેળાનો રાષ્ટ્રવાદી પોષાક. હા, તેને ય હવે આશરે ૪૮ વર્ષનાં વહાણાં વાઈ રહ્યાં છે.

સ્થળ છે : ઉત્તર ટાંગાનિકાનો વિસ્તાર. મેરુ પર્વતની તળેટીમાં શોભતું ગામ - અરૂશા. 'ટાનુ'ના સ્થાનિક વડા મથક સામેનું મેદાન. મેદાનમાં અકડેઠઠ્ઠ મહેરામણ ઊમટેલો છે. હા, તે દિવસ એટલે ૯ ડિસેમ્બર ૧૯૬૧. ટાંગાનિકાને તે દહાડે સ્વતંત્રતા એનાયત થઈ હતી. તે હીલોળે ચડેલી સ્થાનિક જનમેદનીને સંબોધન કરવાનો વિપુલ કલ્યાણીને તે દહાડે અવસર પ્રાપ્ત થયેલો, તેની આ છબિ શાખ પૂરે છે. તે દહાડાનું ભાષણ કિસ્વાહિલીમાં હતું અને ભાષણો ને ઉજવણી પછી, જનમેદનીએ આ વક્તાને પણ ઊંચકીને નાચગાન કરેલું, તેનું ય મધમીઠું સાંભરણ છે.

•



આ જનમેદનીમાં હુસૈન હુસૈન અને જૉસેફ દ' સૂઝા પણ સામેલ હતા. આ ત્રિપુટી મિત્રો એ દિવસોમાં 'પ્રગતિશીલ યુવક મંચ' [Progressive Youth Movement] ચલાવતા.

તાજેતરના આફ્રિકા પ્રવાસ વેળા, જૉસેફ દ' સૂઝાને, આશરે ૪૫ વર્ષને ઓવારે મળવાનું બન્યું, તે વેળાની આ છબિ છે.

પરિસ્થિતિવસાત્, ભણતરને સારુ મારે ભારત જવાનું થયું. પત્રકારત્વનો વ્યવસાય પણ આદર્યો. પછી, બ્રિટન સ્થાયી થવા આવવાનું બન્યું. જૉસેફે દારેસલામ જઈ, યુનિવર્સિટીમાંથી કાયદાશાસ્ત્રની ઉચ્ચ પદવી હાંસલ કરી, સફળ વકીલાત પણ કરી. ટાન્ઝાનિયાના ન્યાયતંત્રમાં, ન્યાયમૂર્તિ તરીકે કુશળ સેવાઓ ય આપી. હવે નિવૃત્ત થયા છે ને અરૂશામાં વકાલતની પોતીકી પેઢીમાં, વકીલ બનેલા પુત્ર જોડાજોડ, વરિષ્ટ માર્ગદર્શક તરીકે કામ કરે છે. અરૂશામાં અનેક લોકોને મળવાનું બન્યું, જે સૌએ જૉસેફની ન્યાયપ્રિયતા, આમ જનતાને સહાયક રહેવાની વૃત્તિનાં તેમ જ તેમની સજ્જનતાનાં ભારોભાર વખાણ કર્યાં છે.

પૂર્વ આફ્રિકાની 'સફારી' સફરનું પાટનગર એટલે અરૂશા. આ ધમધમતા શહેરના રસ્તાઓ પરે, તમને નિરંતર 4x4 - મોટીમસ્સ, હાથીપેટી, ગાડીઓ દોડતી જોવા જ મળે. અહીં આવતા અનેક સહેલાણીઓ વચ્ચે, માસાઈ બહાદુરો ય, વળી, હરતા ફરતા જોવા મળે. ટૂંકામાં, આધુનિક આફ્રિકા કેવુંક હોય તેની ઝાંખી અરૂશા જોવાથી કોઈને ય સાંપડી શકે.

ટાંગાનિકાને આઝાદી આપવાના દસ્તાવેજો પરે, બ્રિટિશ સત્તાધીશોએ, આજ શહેરમાં, સન ૧૯૬૧માં, સહીસિક્કા કરેલા, તેમ ઇતિહાસ નોંધે છે. રવાન્ડામાં થયેલા નરસંહાર બાબત, 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ' હેઠળ અહીં જ કામ ચલાવાયેલું. અબીહાલ, 'રવાન્ડન વૉર ક્રાઇમ્સ ટ્રાઈબ્યૂનલ્સ' અહીં જ બેસે છે. વળી, પૂર્વ આફ્રિકાના ત્રણ દેશો - યુગાન્ડા, કેન્યા તથા ટાન્ઝાનિયાને જોડતા 'ઇસ્ટ આફ્રિકન કમ્યુનિટી'નું વડું મથક પણ અહીં આવેલું છે.

૨૦૦૨ના આંકડાઓ મુજબ, અરૂશાની હાલ વસ્તી ૨,૭૦,૪૮૫ છે. કિલિમાન્જારો પર્વત બાજુમાં આવેલા મોશી શહેરની પાદરે જ છે, તો ન્ગોરોન્ગોર ક્રેટર, સેરેન્ગેટી, મન્યારા સરોવર, ઓલ્ડુવાઈ ગોર્જ, તરાંગિરે નેશનલ પાર્ક અડખે પડખેના વિસ્તારોમાં પથરાયાં છે.

આ અરૂશા ગામમાં, ઇ.સ. ૧૯૪૧ના અરસામાં, સ્થાનિક હિંદી જમાતે, 'ઇન્ડિયન પબ્લિક સ્કૂલ' નામે આ ઇમારત ઊભી કરેલી. આઝાદી બાદ, ચોપાસ જકારાન્ડાના અનેક વૃક્ષો હોવાને કારણે, તેમ જ બાજુના જકારાન્ડા રોડને લીધે ,તેનું નામકરણ 'જકારાન્ડા સ્કૂલ' થઈ ગયેલું. હવે તે 'પ્રાયમરી ઊહુરૂ સ્કૂલ' તરીકે જાણીતી બની છે.




ઘણાં બધાં વરસો પહેલાં, આ નિશાળમાં દિવંગત બચુબહેન શુક્લ નામે એક સરસ મજાનાં શિક્ષિકા હતાં. એમ તો સુંદરમતીબહેન અને અર્નવાઝબહેન જેવાં ય ઉત્તમ શિક્ષિકાઓ પણ હતાં. અહીં, એક દા, જાની સર મુખ્ય આચાર્ય હતા. પછીના વરસોમાં, ટી. એમ. શાહ હતા. તેમ પાછળના વરસોમાં, રણજિત આર. દેસાઈ સરીખા પ્રબુદ્ધ પણ વડા શિક્ષક હતા. બાલકુમાર સી. પટેલ, મોદી સર, ઉપાધ્યાય સર, વશી સર, ચાકો સર, મામન સર, ભોગલ સર જેવા જેવા ય સરસ, અનેક શિક્ષકો ય આ નિશાળમાં ભાવિ નાગિરકોનું ઘડતર કરતા હતા.

આ માધ્યમિક નિશાળને માટે, તે દિવસોમાં, એક સમિતિ હતી. તેના અધ્યક્ષસ્થાને દિવંગત કાશીગર ગોસ્વામી નામે એક સજ્જન હતા, જે પાછળથી બ્રિટન સ્થાયી થયેલા; તેમ જ 'ફેડરેશન ઑવ ગુજરાતી ઑર્ગનાઈઝેશન્સ'નું પ્રમુખપદ પણ શોભાવેલું. "ગરવી ગુજરાત"ના આરંભના અંકો તપાસતા, આ ઇતિહાસ સરળતાએ ઉઘડતો આવશે. વળી, મણિલાલ ડી. પટેલ સરીખા આગેવાન પણ નિશાળમાં વ્યવસ્થાપક તરીકે સંકળાયેલા. ટાંગાનિકાના ધારાગૃહમાં, આ મણિભાઈ પટેલ પણ, એક દા, બેસતા તેવું સાંભરણ છે. તેથીસ્તો, આ નિશાળના અનેક વિદ્યાર્થીઓ સફળતાભેર ચોમેર પ્રસરી ગયાં છે.

# સ્વતંત્રતાના નામે સ્વતંત્રતા પર તરાપ એ મહા અપરાધ છે

• હરપાલ રાણા

આજકાલ સ્વતંત્રતાની વાત કરવી, તેના વિષે બોલવું, લખવું એ એક ફેશન બની ગઈ છે પણ વાસ્તવિક અર્થમાં સ્વતંત્રતાનું રક્ષણ કરવું, જતન કરવું, સંવર્ધન કરવું તથા તેને વ્યાવહારિક જીવનમાં ઉતારી જીવન સ્વતંત્રતપણે જીવવું અને અન્યોને સ્વતંત્રતાપૂર્વક જીવવા દેવા એ જ ખરી સ્વતંત્રતાનો મર્મ છે, અર્થ છે.

સ્વતંત્રતા એ જન્મજાત દરેક વ્યક્તિનો અધિકાર છે. આપણા કે વિશ્વના દેશોએ સ્વતંત્રતાના અધિકારનો બંધારણીય રીતે સ્વીકાર કરેલ છે. કોઈની પણ સ્વતંત્રતા રૂંધવી, ગળું ઘોંટવું એ એક જઘન્ય અપરાધ છે. જ્યારે જ્યારે સ્વતંત્રતા ઉપર તરાપ આવી છે ત્યારે ત્યારે ક્રાંતિઓ થયેલી છે, જેનો ગવાહ વિશ્વ ઈતિહાસ છે. અમેરિકાનો સ્વાતંત્ર્ય વિગ્રહ (ઈ.સ. ૧૭૭૬) હોય કે પછી ફ્રેન્ચ રાજ્ય ક્રાન્તિ (ઈ.સ. ૧૭૮૯) હોય કે પછી રશિયન સામ્યવાદી ક્રાન્તિ (ઈ.સ. ૧૯૧૭) હોય કે પછી એશિયા-આફ્રિકાના દેશોની સ્વતંત્રતા મેળવવા માટેની લડત હોય, એ બધા જ સ્વતંત્રતા આંદોલનોમાં જ્યારે મુઠ્ઠીભર શાસક પ્રજાએ બહુમતી પ્રજાઓની સ્વતંત્રતાનું ગળું ઘોંટી દીધું ત્યારે તે દેશની ગુલામ અને શોષિત પ્રજાઓએ અન્યાયી જુલમી શાસકો સામે માથું ઊંચક્યું, બગાવત કરી, શહાદત વહોરી અને પોતાના દેશને તથા દેશની પ્રજાને સ્વતંત્રતાની ભેટ ધરી

સ્વતંત્રતા એક સર્વસ્વીકૃત માનવીય મૂલ્ય છે અને તેનું સન્માન, જતન અને સંવર્ધન એ માનવીય અભિગમ છે. સ્વતંત્રતાનો સદુપયોગ, દુરુપયોગ જે-તે વ્યક્તિની સોચ, આચાર-વિચાર અને વૈયક્તિક વર્તન ઉપર આધાર રાખે છે. આચાર-વિચારમાં તથા કથની-કરણીમાં સમાનપણે જીવનાર અને વર્તનાર જ સ્વતંત્રતાના મૂલ્યને પારખી શકે, જીરવી શકે અને વધુમાં જાળવીને સંવર્ધન કરી શકે. સાચું જ કહેવાયું છે કે, 'આચરણ વિનાના ઉમદા વિચારો પણ નકામા છે.' એક બાજુ, સ્વતંત્રતા, સમાનતા કે પછી બંધુત્વની વાતો કરવી, મેળાવડાઓ, સેમિનારો કે ગોષ્ઠિઓ યોજી સ્વતંત્રતા વિષે મોટી-મોટી વાતો કરવી; પણ બીજી જ બાજુ, રોજિંદા જીવનમાં-વ્યવહારમાં સ્વતંત્રતાનું ગળું ઘોંટવું, બીજાઓની સ્વતંત્રતા, મુક્તતા છિનવી લઈ સ્વઆનંદમાં રાચવું, આસપાસના જગતમાં અહમ્ વૃત્તિ, મિથ્યાભિમાન અને દંભીલું વર્તન કરી સ્વાર્થનું વર્તુળ રચવું અને પોતે 'કાંઈક છે' એવી વૃત્તિને પોષવી, એ ખરેખર સ્વતંત્રતાના નામ પર કલંક છે અને સ્વતંત્રતાનું એક રીતે અપમાન જ છે.

આજે વૈશ્વીક સમાજો કે દેશોની વાત કરીએ તો એ સ્પષ્ટ તરી આવે છે કે બધાને સલાહ-શિખામણ આપવી ગમે છે, પણ તેને પોતાનામાં ઉતારવી, કે પછી, તે પ્રમાણે વર્તવાનું બિલકુલ ગમતું નથી. આજે ઠેર-ઠેર નૈતિકતા, સ્વતંત્રતા, માનવીય મૂલ્યો, માનવીય અધિકારોની વાતો કરનારા બધા જ દેશોમાં મળશે, પણ વાસ્તવિકતા એ છે કે એ જ દેશો 'હ્યુમન રાઈટ્સ'ના નામે બીજા દેશોની પ્રજા પર જોર-જુલમ, અત્યાચાર, હિંસા તથા યુદ્ધની વિનાશકતા લાદી દેશે. આજના વિશ્વમાં પરસ્પર શંકા, ભય, દહેશત, ચડસા-ચડસી, હુંસાતુંસીએ માઝા મૂકી છે તો બીજી તરફ સર્વોપરિતા, ધાર્મિક રૂઢિવાદિતા, ત્રાસવાદ, આપખુદીપણું, પરમાણુ તાકાત, યુદ્ધકીય શસ્ત્રોનું વિપુલ ઉત્પાદન વગેરેએ વૈશ્વીક સમાજને મૃત્યુની લગીર લાવી દીધો છે.

આજે પણ હિન્દુસ્તાનમાં, આઝાદીના ૬૦ વર્ષો બાદ, પણ અસ્પૃશ્યતાના વિષને દૂર કરી શકાયું નથી. આપણા બંધારણમાં પણ કહેવાયું છે કે અસ્પૃશ્યતા પાળવી કે પોષવી એ અપરાધ છે, પણ આપણને ક્યાં બંધારણની કે માનવીય મૂલ્યોની પડી છે? આપણને તો, બસ, આપણી જાતીય શ્રેષ્ઠતામાં જ રાચવું ગમે છે. ઉચ્ચ વર્ણની કપોળકલ્પિત અને મનઘડંત કહાણીમાં જ રાચવું ગમે છે. બાકી વાસ્તવમાં કોઈ ઉચ્ચ કે નીચ નથી. બધા જ સરખા છે, બધાના લોહીનો રંગ લાલ હોય છે, બધાને એકસરખા શારીરિક અંગો છે, તો માનવીય ભાવો પણ સરખા છે; તો શા માટે એક આખી પ્રજાને અસ્પૃશ્યતા, આભડછેટ જેવા કલ્પિત અસંગત અને અવૈજ્ઞાનિક ખ્યાલને લઈને સમાન ન ગણવી, સમાન વ્યવહાર ન કરવો તથા પોતે જે સ્વતંત્રતાનો ઉપભોગ કરે છે તે પ્રકૃત્તિદત્ત અધિકાર અસ્પૃશ્યોને ન ભોગવવા દેવો....!?! આ પણ સ્વતંત્રતાનું અપમાન જ કહેવાય. જે આઝાદી-સ્વતંત્રતા માટે લડત ચલાવી, વર્ષો સુધી તકલીફોની વણઝાર સહી, પણ છેવટે સાચી સ્વતંત્રતા આપણે આપણા સમાજમાં ફેલાવી ન શક્યા. ઊલટાનું જાતિય બંધનો, જાતિય શ્રેષ્ઠતાના ખોટા ખ્યાલોમાં રાચી આપણે જ આપણા બાંધવોને હજારો વર્ષોથી અળગા રાખ્યા.

આજે પણ, દલિતો ઉચ્ચ વર્ણના કૂવામાંથી પાણી ભરી શકતા નથી, મંદિરોમાં પ્રવેશ મેળવી શકતા નથી. તો કેટલીક જગ્યાએ રસ્તાઓ પર ચાલી શકતા નથી. પાણી માટે ઝૂરતા દલિતો આજે પણ ઉચ્ચ વર્ણનાં કૂવાઓ પાસે પાણીની ભીખ માંગતા હોય તેમ ઊભા રહેલા જોવા મળે છે અને આશા સેવે છે કે હમણાં કોઈ ભલો માણસ આવશે અને કૂવામાંથી પાણી ખેંચીને અમને આપશે. 'મેરા ભારત મહાન'ની આ પણ એક કડવી વાસ્તવિકતા છે. આઝાદી પ્રાપ્ત થયે ૬૦ વર્ષો પસાર થઈ ગયા હોવા છતાં, વત્તાઓછા અંશે અસ્પૃશ્યતા-આભડછેટ આજે પણ મોટા ભાગના ગામોમાં-શહેરોમાં પળાય છે. અસ્પૃશ્યતા પાળવી-પોષવી કે તેને કોઈ પણ રીતે અમલમાં મૂકવી એ સ્વતંત્રતાનું અપમાન જ કહેવાય અને એક રીતે અક્ષમ્ય અપરાધ ગણાય.

બે વર્ષ પહેલાં, બનેલ એક ઘટનાએ શૈક્ષણિક જગતમાં તથા આમ જગતમાં સ્વતંત્રતાના મુદ્દે ઘણી જ ચર્ચા જગાવી હતી. ૧૧ મે, ૨૦૦૭ના રોજ વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં 'Faculty of Arts'માં જે બનાવ બન્યો, તેમાં બે બાબતો સ્પષ્ટ તરી આવી. પ્રથમ એક વિદ્યાર્થીએ કેટલાક ચિત્રો દોર્યા જેનાથી હોબાળો મચી ગયો. માની લઈએ કે એ ચિત્રો જુગુપ્સાપ્રેરક અને રુચિકર ન લાગે તેવા હતાં. બીજી બાબત, એ કે એકબાજુ પરીક્ષા ચાલુ હોય અને કેટલાંક તત્ત્વો વર્ગખંડમાં ધૂસી આવી વિદ્યાર્થી, પરીક્ષક કે ડીનને ગાળાગાળી કરી મારઝૂડ કરે, એ શું આપણા જેવા સ્વતંત્રતાને વરેલ રાષ્ટ્રને શોભે? આ સમયે યુનિવર્સિટી સત્તાવાળાઓએ તાત્કાલિક પગલાં લેવા જોઈતા હતાં કે જેથી ભવિષ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં આવી અશાંતિ ઊભી ન થાય અને કોઈ પણ ધર્મ કે સંપ્રદાયનાં ટોળા આવી જગ્યાએ આવી અશોભનીય કૃત્ય ન કરી શકે.

અહીંયા પ્રશ્ન એ થાય છે કે એ વિદ્યાર્થીએ તેની સ્વતંત્રતાનો ઉપયોગ કર્યો, તો જે તત્ત્વો શૈક્ષણિક સંકુલમાં ધૂસી આવ્યા અને અશોભનીય કૃત્ય કર્યું એને કઈ સ્વતંત્રતા ગણવી? સ્વતંત્રતાના નામે કોઈની સ્વતંત્રતા છિનવી લેવી એ અપરાધ છે. હા, તમને કોઈ બાબતમાં અશોભનીય લાગ્યું, અરુચિકર લાગ્યું તો બંધારણીય કાયદા મુજબ અસંતોષ વ્યક્ત કરી સંવાદથી આવા કૃત્યો ટાળી શકાય છે. પણ જો આપણે જ કાયદાને હાથમાં લઈ ઉલ્લંઘન કરીશું તો પછી શું જરૂર છે બંધારણની કે પછી બંધારણીય કાયદાની...!! આવા પ્રશ્નોએ સમગ્ર સમાજે ચિંતન કરવાની જરૂર છે.

સ્વતંત્રતા એ દરેક વ્યક્તિનો અધિકાર છે. પણ દરેક વ્યક્તિએ અન્યોની સ્વતંત્રતા કે અન્યોની લાગણી દુભાય એ રીતે સ્વતંત્રતાનો દુરુપયોગ પણ ન કરવો જોઈએ. આમ તો, વાસ્તવિક જીવનમાં આપણે હરરોજ બીજાઓની સ્વતંત્રતા છિનવી લેતા કાર્યો જાણે-અજાણે કરતા હોઈએ છીએ. આ પ્રશ્ન અંગે દરેક વ્યક્તિએ મનોમંથન કરવાની જરૂર છે. ઘરમાં પતિ પત્ની કે બાળકોની સ્વતંત્રતા છિનવતો હોય છે, સાસુ તરીકે એક સ્ત્રી પુત્રવધૂની સ્વતંત્રતા પર રોફ જમાવતી હોય છે, આપણે પડોશીધર્મ ભૂલી રોજ પડોશીને હેરાન કરતાં હોઈએ છીએ, વાહન સવારી સમયે રાક્ષસીવર્તન કરી પૂર ઝડપે વાહન ચલાવી પોતાની તથા અન્યોની જિંદગી હોડમાં મૂકી દઈએ છીએ તથા બિનજરૂરી હોર્ન વગાડી રસ્તા ઉપર અશોભનીય કૃત્ય કરીએ છીએ, વાર-તહેવારે સોસાયટી, લત્તા કે જાહેર માર્ગો પર ધાર્મિક જુલૂસ કાઢી ટ્રાફીક જામ કરી દઈએ છીએ તથા એટલો બધો ઘોંઘાટ કરી મૂકીએ છીએ કે જો ખરેખર ભગવાન, ઈશ્વર કે અલ્લાહ તે જુલૂસમાં હોય તો ભાગી જાય !

આપણે વ્યવહાર-જગતમાં હરરોજ બીજાઓની સ્વતંત્રતા, મુક્તતા, નિજી જિંદગી પર તરાપ મારતાં આવ્યા છીએ. સ્વતંત્રતાનાં નામે માઈક કે ટેપરેકર્ડર જોર-શોરથી વગાડીએ છીએ પણ એ નથી વિચારતા કે આજુબાજુ અભ્યાસ કરતા

વિદ્યાર્થીઓને ખલેલ પહોંચશે. સ્કૂલ, કૉલેજ કે હૉસ્પિટલ પાસેથી પસાર થતા રસ્તાઓ પર બિનજરૂરી હોર્ન વગાડી વાતાવરણને દૂષિત કરી નાંખીએ છીએ. જાહેર રસ્તાઓ કે લત્તાઓમાં વાર-તહેવારે ધાર્મિક-સાંપ્રદાયિક જુલૂસો, ઉજવણીઓ સમયે નાહકના બેન્ડ-વાજા, ફટાકડા ફોડી વાતાવરણને કલૂષિત કરી નાંખીએ છીએ. વધુમાં જે-તે દેવ-દેવીઓની મૂર્તિઓને નદી, તળાવ કે સરોવરના પાણીમાં પધરાવી દઈ પાણીની સ્વચ્છતાને અવરોધીએ છીએ (મૂર્તિઓ બનાવવામાં વપરાતા પદાર્થ હાનિકારક હોય છે) આવી વ્યર્થ પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ કરવાને બદલે તેટલાં જ નાણાં વડે કોઈ ગરીબના આંસુ લૂછી શકાય, કોઈ ગરીબને ભોજન કે કપડાંલત્તા આપી શકાય કે પછી ગરીબ બાળકોને અભ્યાસની સગવડ કરી આપી શકાય. સાચે જ, આપણે સૌએ આવા નિરર્થક ખર્ચાઓ પર કાપ મૂકવો જોઈએ અને આપણને મળેલ સ્વતંત્રતાનો ભલાઈ માટે ઉપયોગ કરવો જોઈએ. બાકી ધ્વનિ પ્રદૂષણ, હવા પ્રદૂષણ, પાણી પ્રદૂષણ, ધાર્મિક-સાંપ્રદાયિક પ્રદૂષણ, કોમવાદી પ્રદૂષણ, અસ્પૃશ્યતા પ્રદૂષણ, જડવાદી-રૂઢિવાદીતા પ્રદૂષણ ફેલાવી આપણે ક્યારે ય સાચી પ્રગતિ કરી શકીશું નહિ તથા સ્વતંત્રતાના મૂલ્યને સાચવી શકીશું પણ નહિ.

સ્વતંત્રતાનો અર્થ જ એ છે કે તમે બીજાની સ્વતંત્રતાને કેટલું માન આપો છો, કેટલી તમે તેને મોકળાશ આપો છો, અને કઈ રીતે તેને તમે ઉપયોગી થઈ શકો છો. બાકી પોતાની સ્વતંત્રતા, પોતાના સ્વાર્થી હેતુઓની પૂર્તિ કે પછી પોતાના જ ધર્મ-સંપ્રદાયની બાબતોને પ્રાધાન્ય આપી અન્યોની સ્વતંત્રતા અવરોધવી એ મહા અપરાધ છે, અને મોટામાં મોટો ગુનો પણ છે.

**(શામળદાસ આર્ટ્સ કૉલેજ,**
**ભાવનગર - ૩૬૪ ૦૦૧, ભારત)**

# ગાંધીજી અને મહાગુજરાત

**• મંગુભાઈ પટેલ**

ઈ.સ. ૧૯૫૬ની મહાગુજરાતની ચળવળને નબળી પાડવા કૉંગ્રેસીઓ ગાંધીજીના નામનો ઉપયોગ કરતા હતા, અને પોતે જ એકલા ગાંધીજીના વારસદાર હોય એવો દાવો કરી ગાંધીજીનું નામ દેવાનો એમને એકલાને જ અબાધિત અધિકાર હોવાનો દાવો કરતા. છતાં ગાંધીજીના નામે સત્યથી વેગળી હકીકતો રજૂ કરતાં હતાં. ગાંધીજી તો રાષ્ટ્રપિતા હતા. કૉંગ્રેસીઓના જેટલા છે તેટલા જ બિન-કૉંગ્રેસીના તેમ જ સમાજવાદીઓ, સામ્યવાદીઓના પણ છે. ગાંધીજી સમક્ષ રાષ્ટ્ર હતું.

કૉંગ્રેસ છાવણી મહાગુજરાતની લડત વખતે બે વિચારસરણીમાં વહેંચાયેલી હતી. એક દ્વિભાષી રાજ્યના હિમાયતીઓ અને બીજા મહાગુજરાતની તરફેણવાળા. જોકે ૧૯૬૦માં મહાગુજરાત અલગ રાજ્ય થતાં આ દ્વિભાષી વિચારસરણીવાળા દૂધમાં સાકર ભળે તેમ મહાગુજરાતવાદીઓમાં ભળી ગયા. પ્રધાનપદો પણ મેળવ્યા. ગુજરાતના સુકાનીઓ પણ બન્યા.

ગોળીબારનો બચાવ કરવા જતાં ગાંધીજીનો આશરો લેવાયો અને પાંચને બચાવવા પંચાણુંના ખૂન કરવાની વાતો કરવામાં આવી, પરંતુ આ વાતો સત્યથી વેગળી હોવાનું જણાઈ આવ્યું અને છેવટે સંત પુરુષ વિનોબા ભાવેએ પણ એ વાતો ખોટી હોવાનું જણાવ્યું.

આવું જ ભાષાવાદ રાજ્ય રચના - મહાગુજરાતની રચનાની વાત કૉંગ્રેસીઓ કરતા તે સત્યથી વેગળી હતી, અને તેથી જ ભાષાવાર રાજ્ય રચના અને મહાગુજરાત રાજ્ય રચનાની બાબતે ગાંધીજીનું મંતવ્ય જાણી લેવું જરૂરી છે.

વિજયનગરના મહારાજકુમારને લાગ્યું કે આંધ્રનું અલગ જ રાજ્ય રચાય તે સામે ગાંધીનો વિરોધ છે અને તેથી તેમણે ગાંધીજીને એક પત્ર સને ૧૯૪૨ના માર્ચ મહિનામાં લખ્યો. તેનો જવાબ આપતાં "હરિજન"ના ૨૯-૨-૧૯૪૨ના અંકમાં, ગાંધીજીએ લખ્યું છે કે 'વિજયનગરના મહારાજકુમારે દોરેલ અનુમાન ખોટું છે અને સ્પષ્ટ જણાવ્યું કે 'કૉંગ્રેસના કાર્યને માટે ભાષાના પાયા પર પ્રાંતોની ફરી વહેંચણી કરવાની વાત કૉંગ્રેસ પાસે સ્વીકારવામાં મારો ઘણો મોટો ફાળો હતો અને એ ધોરણે રાજ્યોની ફરી રચના સરકાર પાસે મંજૂર કરાવવા માટે મેં હમેંશા કોશીશ કરી છે.'

કૉંગ્રેસના કાર્ય માટે ભાષાના પાયા પર પ્રાંતો રચાયા અને તેથી જ ગુજરાત પ્રાંત-પ્રદેશ કૉંગ્રેસ રચાણી. એ ધોરણે રાજ્યો રચાવવાં જોઈએ તેવો અભિપ્રાય ગાંધીજીનો છે. ગુજરાત-મહાગુજરાતનું રાજ્ય એ ધોરણે રચવા માટે ગાંધીજીનો સ્પષ્ટ અભિપ્રાય નથી?

એમણે એ પણ આ લેખમાં જણાવ્યું કે, 'સાચોસાચ લાયક હોય તેને પોતાના કાર્ય માટેની પ્રવૃત્તિમાંથી મહાત્મા પણ ડગાવી શકે નહિ.' જણાવી મહારાજકુમારને અભય વચન આપ્યું કે આંધ્રની રાજ્ય-રચનાની પ્રવૃત્તિ સાચી જ છે તો મહાત્માએ વખતે પણ ડગાવી શકે નહિ. ભાષાવાર આંધ્ર રાજ્યની રચના કરી શકતા ન હોતા પણ ગુજરાતને ભાષાના ધોરણે મહાગુજરાત રચનાને ડગાવવા ગુજરાતના કૉંગ્રેસજનો મેદાને પડ્યાં છે. મહાગુજરાતની માગ સાચી હોય તો તે ડગાવવાની શક્તિ મહાત્મામાં નહોતી તો ગુજરાતના વેંતિયા મહાત્માઓ એ ડગાવી શકશે?

આ લેખ પછી હિન્દી અને મરાઠી બોલનારા પ્રાંતવાસીઓએ આંધ્રની જેમ ભાષાના ધોરણે બીજા પ્રાંતો-રાજ્યો રચાવવાની માગણી કરી તેનો જવાબ ગાંધીજીએ તા. ૧૯-૪-૧૯૪૨ના "હરિજન"માં આપ્યો છે. ગાંધીજીએ આ લેખમાં સ્પષ્ટતાથી પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે, તે આ રહ્યું.

'વિજયનગરના મહારાજ કુમારને મેં આંધ્ર પ્રાંત વિષે જવાબ આપ્યો તેને લીધે હિન્દી અને મરાઠી બોલનાર પ્રાંતોને વિષે લાંબા કાગળો મારા પર આવ્યા છે. એમાંની દલીલ એવી છે કે હિન્દી બોલનાર બધાએ પ્રદેશોનો અને તે જ પ્રમાણે મરાઠી બોલનાર પ્રદેશોનો પણ એક પ્રાંત ગણવો જોઈએ. મને પોતાને આ સૂચનો વિષે સહાનુભૂતિ છે. હું માનું છું કે પ્રાંતોની રચના ભાષાના પાયા પર કરવી એ જ ખરું ધોરણ છે. એક ભાષા બોલનાર બે પ્રદેશો જો જોડાજોડ ન હોય તો તેના બે જુદાં પ્રાંત બને એની સામે હું વાંધો ન ઉઠાવું.'

આથી સ્પષ્ટ થાયે કે ગાંધીજી ભાષાના ધોરણે રાજ્યોની રચના કરવાના મતના હતા. દ્વિભાષી રાજ્યના હિમાયતી નહોતા. મરાઠી ભાષી પ્રદેશનું અલગ રાજ્ય રચવાનો મત એમણે પ્રદર્શીત કર્યો છે, એથી ફલીત થાય છે કે ગુજરાતની અને મરાઠી ભાષી પ્રદેશોના દ્વિભાષી રાજ્યની હિમાયત કરી નથી, પણ દ્વિભાષીની કલ્પના પણ એમણે કરી નથી.

એક તરફ મુસ્લિમો તરફથી પાકિસ્તાનની માગણી હતી. એ વખતે આંધ્રના જુદા રાજ્યની માગણી હતી. આજે ગુજરાતમાં મહાગુજરાતની માગણી છે. ત્યારે કેટલાક કૉંગ્રેસીઓ દેશના ભાગલા થઈ જશે. દેશની એકતા અને રાષ્ટ્રીયતા તુટશે એવી વાતો વહેતી મૂકે છે. એ જ પ્રમાણે આંધ્ર રાજ્ય રચનાની માંગણી સામે વાતો વહેતી કરવામાં આવી હતી અને ગાંધીજી સુધી એવી વાતો કરવામાં આવી હતી. એ વાતો અર્થહીન હતી, છતાં એનો રદીઓ આપતાં ગાંધીજીએ તા. ૧૨-૭-૧૯૪૨ના "હરિજન બંધુ"માં જણાવ્યું કે - 'આંધ્ર પ્રાંતને જુદો પાડવો અને પાકિસ્તાન જુદુ કરવું એ બે વાતો વચ્ચે કશું સામ્ય ન હોઈ શકે. આંધ્ર પ્રાંતને જુદો પાડવો એટલે કે તે પ્રદેશની ભાષાને ધોરણે રાજવહીવટની દૃષ્ટિથી ફરીથી વહેંચણી કરવી. પોતાની અને બાકીના હિંદુસ્તાનની વસ્તી વચ્ચે કશું સામ્ય નથી અને અમે અલગ પ્રજા અથવા રાષ્ટ્ર છીએ એવો દાવો આંધ્રવાસી કરતા નથી. પાકિસ્તાનની માંગણી તો હિંદના મુલકના એક ભાગને અળગો પાડી, તેને એક સંપૂર્ણપણે સ્વતંત્ર અને સર્વસત્તાધીશ રાજ્ય ગણવાની માગણી છે. આમ એ બે વચ્ચે કશું સામ્ય દેખાતું નથી.'

મહાગુજરાત માગતું ગુજરાત, ભારતમાં ભાષાના ધોરણે તેર રાજ્યો રચવામાં આવ્યાં છે તે જ રીતે મહાગુજરાતના રાજ્યોની માગ કરે છે. ભારતના બંધારણને અનુસરી મહાગુજરાતનું રાજ્ય વહીવટ કરશે. મહાગુજરાતનું રાજ્ય અલગ રાષ્ટ્ર નહિ બને પણ ભારતના રાષ્ટ્રમાં જ રહેવાનું છે. મહાગુજરાતની વફાદારી ભારત રાષ્ટ્ર પ્રત્યે બંગાળ, બિહાર, આસામ, મદ્રાસ વગેરે રાજ્યો કરતાં અંશ પણ ઓછી રહેવાની નથી.

સ્વરાજ મળ્યા પછી આંધ્ર રાજ્ય રચવાની માગ તીવ્ર બની. એ સામે દલીલો થવા માંડી કે જુદી જુદી ભાષા બોલનારાંનાં સંયુક્ત રાજ્યો બને તો પરસ્પર પ્રેમની ભાવના વધે અને તેથી દ્વિભાષી રાજ્ય સારું.

કૉંગ્રેસના અગ્રણી અને હાલના તબક્કે કૉંગ્રેસના મહામંત્રીનો જવાબદાર હોદ્દો ધરાવતા આચાર્ય શ્રીમન્નારાયણ અગ્રવાલે દ્વિભાષી રાજ્ય

રચનાના હિમાયતીઓ સામે ઉકળાટ ઠાલવતો એક પત્ર નવેમ્બર ૧૯૪૭માં ગાંધીજીને લખ્યો તેનો સાર ભાગ આ રહ્યો.

'ભાષાવાર પ્રાંતોની રચના કરતા પહેલાં નવાં વિદ્યાપીઠોની રચના કરવાનું કામ કઠણ છે. પરંતુ ભાષાઓને ધોરણે પ્રાંતોની રચના કરવામાં કૉંગ્રેસ આટલી બધી ઢીલ કેમ કરે છે તે મારી સમજમાં ઉતરતું નથી. ઠેઠ ૧૯૨૦ની સાલથી કૉંગ્રેસ માનતી આવી છે કે જુદી જુદી ભાષાઓના પાયા પર પ્રાંતોની નવેસરથી રચના થવી જોઈએ; પણ હવે અનુકૂળ સંજોગો મળ્યાં છે ત્યારે એ કામ ઢીલમાં નાંખી લંબાવવાની બલકે એને સમૂળગું ટાળવાની કોશિષ થતી લાગે છે. બંધારણ સભામાં પણ આ સવાલની ચર્ચા અટકાવી રાખવામાં આવી છે. મને આ બધું ઠીક નથી લાગતું. ભાષાવાર પ્રાંતોની રચના કર્યા વિના એક બાજુથી માતૃભાષાને શિક્ષણના માધ્યમના પદે સ્થાપવાનું અથવા અંગ્રેજીને : રાષ્ટ્ર ભાષાને પદેથી હઠાવવાનું સહેલું નહીં થાય. મુંબઈ, મદ્રાસ, મધ્યપ્રાંત-વરાડ અને એવાં બીજાં ઢંગધડા વગરનાં અને એકથી વધારે ભાષામાં વહેવાર કરનારા પ્રાંતોને આપણી નવી રચનામાં કોઈ પ્રકારનું સ્થાન ન હોવું જોઈએ. અને આ સવાલનો ઉકેલ કાઢવા ટાળવાનો પ્રયત્ન થયો તો એક જ પ્રાંતના જુદી જુદી બોલી બોલનારા લોકો વચ્ચે અદેખાઈ ને વેરઝેર વધ્યા વિના રહેવાનાં નથી એ ચોક્કસ જાણવું. એકથી વધુ બોલી બોલનારા પ્રાંતો રાખવામાં જુદી જુદી ભાષામાં વહેવાર કરનારી પ્રજા વચ્ચેનો ભાવ ઓછો નહિ થાય, ઉલટો દિનપ્રતિદિન વધતો જશે એ વાત આંધળાને સૂઝે તેવી છે. આજે મુલકની સામે હિંદુ મુસલમાનના સવાલે ભયંકર સ્વરૂપ લીધું છે, તેથી તે તરફ આપણા આગેવાનોની શક્તિ તેમ જ તેમનું ધ્યાન વધારે પ્રમાણમાં રોકાયું છે તે સાચું, પરંતુ દેશની વહેંચણી કરવા જેવી લાગતી હતી તો વરસો પહેલાં કરી દીધી હોત તો કેવું સારું થાત? એવી વહેંચણી પહેલેથી થઈ હોત તો આજે થઈ છે તેવી ખૂનરેજી ને ખાનાખરાબી ન થઈ હોત, એ જ રીતે પ્રાંતોની વહેંચણી આપણે જુદી જુદી ભાષાના પાયા પર કરવી હોય તો તેમાં ઢીલ કરવામાં લાભ નથી, એવી ઢીલથી ઉલટી કડવાશ વધતી જશે ને મોટું નુકસાન થશે.'

આચાર્ય અગ્રવાલ મુંબઈ રાજ્ય જેમાં અનેક ભાષીને ભેગા કરવામાં આવેલા છે તેને ઢંગધડા વગરનું કહે છે, છતાં એ ઢંગધડા વગરના રાજ્યને ચાલુ રાખવામાં આવ્યું છે. એમનો એ પણ અભિપ્રાય છે કે એક - પ્રાંત રાજ્યમાં જુદી જુદી ભાષા બોલનારા હોય તેમની વચ્ચે પરસ્પર અદેખાઈ ને વેરઝેર વધે પરંતુ ગુજરાતના કૉંગ્રેસીઓ આ સમજી શક્તા નથી, એ દુઃખદ છે.

આ પત્ર અને ગાંધીજીનો જવાબ તા. ૩૦-૧૧-૧૯૪૭ના "હરિજનબંધુ"માં છપાયો છે.

આચાર્ય અગ્રવાલે તેમના પત્રમાં રજૂ કરેલા વિચારોને અનુમોદન આપતાં ગાંધીજીએ જણાવ્યું છે કે 'હું કબૂલ કરું છું કે જે કરવા જેવું લાગે તે કામ તરત અચૂક કરવું જોઈએ. વિના કારણ ઢીલ કરવી ઠીક નથી. એથી નુકસાન થાય, પાપની સાથે આપણો સહકાર કદી ન હોય.'

એકથી વધારે બોલી બોલનારા પ્રાંતો-રાજ્યો એ પાપ છે અને એની સાથે અને જાળવી રાખવાની સાથે આપણો સહકાર ન હોય એમ જણાવી દ્વિભાષી રાજ્યનો વિરોધ કર્યો નથી?

એ વખતે હિંદુ મુસલમાનોના તોફનો દેશભરમાં હતા અને તેથી ભાષાના ધોરણે રાજ્યો રચવામાં ઢીલ થાય છે, એમ એ લેખમાં જણાવ્યું છે છતાં, એ જવાબમાં જણાવ્યું છે કે 'કૉંગ્રેસે ભાષાવાર પ્રાંતોની વહેંચણી ઠેઠ ૧૯૨૦ની સાલમાં કરી હતી. સરકારી રાહે કાયદેસર અલગ પ્રાંત ઉડિયા ભાષાવાળાઓને જ મળ્યો. પછી વિચાર કરો કે મદ્રાસના ચાર ભાગ કેમ કરવા? વળી એવી રીતે મુંબઈની વહેંચણી કેમ કરવી? બધાં વિભાગો મળી સમજી પોતપોતાની સરહદો બાંધી લે તો ભાષાવાર પ્રાંતો કાયદેસર અબ ઘડી રચાય.'

ગાંધીજી સમક્ષ મુંબઈ પણ હતું અને મુંબઈને તોડી નાંખી ભાષાના ધોરણે રાજ્યો રચવાની કલ્પના હતી. ગુજરાતી ભાષી મુંબઈમાં હતા. તેમનું અલગ રાજ્ય એટલે ગુજરાતીભાષાઓનું મહાગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાતી ભાષી હોઈ અને એ જોડાજોડ હોઈ તેમનું સ્થાન મહાગુજરાતમાં જ હોય.

ગાંધીજીની ઈચ્છા હતી કે ભાષાના ધોરણે રાજ્યોની રચના માટે સીમાપંચ રાજ્ય પુનઃરચના પંચ નીમવાની જરૂર પડવી નહિ જોઈએ. પણ 'લાગતા વળગતા પ્રાંતોના લોકો પરસ્પર સંમતિથી નવે ધોરણે સરહદો નક્કી કરીને છેવટની મંજુરી માટે વડાપ્રધાન સમક્ષ રજૂ કરે એ ઉત્તમ રસ્તો છે, એ જ સાચું સ્વાતંત્ર્ય કહેવાય.'

આમ છતાં, રાજ્યોની પ્રાંતોની પુનઃરચના પરસ્પર સંમતિથી થઈ નહિ, એ માટે પ્રયાસ કરવામાં આવ્યા નહિ પણ એ માટે રાજ્ય પુનઃરચના પંચ નીમવામાં આવ્યું. રાજ્ય પુનઃરચના પંચ પાછળ રૂ. અગિયાર કરોડ તેવીસ લાખનો ખર્ચો થયો. રાજ્ય પુનઃરચના પંચની ભલામણોનો તથા મહારાષ્ટ્રનો વિચાર કરી ભારત સરકારે પંદર રાજ્યો (મહારાષ્ટ્ર અને મહાગુજરાત) સાથે ભાષાના ધોરણે રચવાનો અને મુંબઈ વગેરે મધ્યસ્થ નીચે મૂકવા નિર્ણય લીધો, પણ મુંબઈ સંબંધમાં લીધેલ નિર્ણય અમલી બનાવવા નૈતિક હિંમત - તાકાતના અભાવને કારણે તેર રાજ્યો ભાષાના ધોરણે રચવામાં આવ્યાં અને મહારાષ્ટ્ર ગુજરાતનાં અલગ રાજ્ય નહિ રચતાં બન્નેનું દ્વિભાષી રાજ્ય - શ્રીમન્નનારાયણ અગ્રવાલના અભિપ્રાયે ઢંગધડા વગરનું રાજ્ય રચવામાં આવ્યું.

ગાંધીજીની સલાહ સૂચના તેર રાજ્યો પૂરતી અનુસરવામાં આવી અને ગુજરાત પૂરતી નકારવામાં આવી. મહારાષ્ટ્રને તો મુંબઈ રાજ્યમાં ૬૬ ટકા બહુમતિ મળે છે એટલે એને તો ભાષાના ધોરણે રાજ્ય ઉપરાંત ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ ઉપર વર્ચસ્વ મળ્યું.

મહાગુજરાતની લડતમાં પ્રાંતિક સંકુચિતતા નથી. તા. ૮-૮-૧૯૫૬ના રોજ આ લડત શરૂ થઈ ત્યારથી આજ સુધી ગુજરાતમાં વસતા એક પણ બિનગુજરાતીને કોઈએ આંગળી અડાડી નથી કે ટુંકારો કર્યો નથી. ગાંધીજીએ ભાષાના ધોરણે રાજ્યો રચવાની માગ પાછળ પ્રાંતીયતાની સંકુચિતતા ના પેસે તેવી ચેતવણી તા. ૨૧-૯-૧૯૪૭ના "હરિજન બંધુ"માં તેમણે લખેલ લેખથી આપી છે અને મહાગુજરાતની લડત લડનારા આ માટે ખૂબ સાવધ છે. ભારતની માન્ય કરાયેલ પ્રાંતિક ભાષાઓમાં ગુજરાતી ભાષા એક છે. ભાષાના કારણે રાજ્યો રચવામાં આવે અને ગુજરાતી ભાષાના ધોરણે પણ રાજ્ય રચવાનું જ હતું, છતાં માત્ર ગુજરાતને ભાષાના ધોરણે રાજ્ય નકારી ગાંધીજીના ગુજરાતને અન્યાય કરવામાં આવ્યો નથી? ભાષાના ધોરણે રાજ્યો રચવાના હિમાયતી ગાંધીજીના જ જન્મ પ્રદેશ-ગુજરાતને અન્યાય કરવામાં આવ્યો નથી? ગાંધીજીની કલ્પના અને આકાંક્ષાનું ખૂન ગુજરાતમાં કરવામાં આવ્યું નથી? ગાંધીજીના ઉપદેશનો અનાદાર ગાંધીજીના માની બેઠેલા વારસદારોએ ગુજરાત પુરતો કર્યો નથી?

ભાષાના ધોરણો રચાતાં રાજ્યો એક બીજાથી અળગા પડી જઈ સ્વતંત્ર બને અને કેન્દ્ર નીચે ના રહે અને સાર્વભૌમ ઘટક બની જાય તો તો દેશની અખંડતા જોખમાય. ગુજરાતે આવો દાવો કદી કર્યો નથી. બીજા તેર રાજ્યો જેવી રીતનાં રચાયાં છે. તેવી જ રીતે અને તેટલા જ અધિકારવાળું મહાગુજરાતનું રાજ્ય પ્રાંત રચવા માટે માગણી છે અને ગાંધીજીના કથન મુજબ ભાષાના ધોરણે રાજ્યોની પુનઃરચના 'દેશની સાંસ્કૃતિક પ્રગતિને અનુકૂળ થઈ પડશે.'

આમ છતાં મહાગુજરાતનું રાજ્ય રચવામાં આવ્યું નહિ. અને તે માટેની વ્યાજબી અને ન્યાય માગણી તુચ્છકારવામાં આવે છે. ગુજરાત કૉંગ્રેસ ગઢ મનાતું આવ્યું હતું. બીજા રાજ્યો માટે શંકા હતી. મહારાષ્ટ્ર અને ગુજરાત મુકવા પાછળની મુરાદ દ્વિભાષી રાજ્યમાં કૉંગ્રેસની સત્તાને દોરવણી છે. મુંબઈના ગવર્નરે મુંબઈના પ્રધાનમંડળનાં બંન્ને ગૃહોને સંબોધતા જણાવ્યું હતું કે 'બ્રિટીશ ઈન્ડિયન પ્રાંતો તરીકે જે ઘટકો ઓળખાતાં હતાં તેમની સીમાઓ પણ મોટા ભાગે ભારતમાં બ્રિટીશ સત્તા સંઘટિત કરવાની ગણતરીને અનુરૂપ ઐતિહાસિક સંજોગોને પરિણામે નક્કી કરવામાં આવી હતી.' મુંબઈનું દ્વિભાષી રાજ્ય સંઘટિત કરવા પાછળ કૉંગ્રેસની શી ગણતરી છે? મુંબઈના દ્વિભાષી રાજ્યમાં સત્તા સલામત રાખવાની ગણત્રી ના હોય તો ગાંધીજીના આદેશ ઉવેખવા કારણ ગુજરાતને અન્યાય કરવાનું કારણ ?

ગુજરાતની જનતામાં તાકાત હતી એટલે મહાગુજરાત લડત સફળ થઈ. ગુજરાતે ન્યાયની લડત આદરી છે. રાણા પ્રતાપે મેવાડની ઇજ્જત સાચવવા લડત ઉપાડી, વને વને રખડ્યો પણ એને તો ભામાશા પણ મળ્યો હતો. ગુજરાતમાં ભામાશા તો ઘણા હતા પણ પાઘડી સંભાળી જીવવામાં પડ્યા હતા. કૉંગ્રેસની લોકશાહીમાં ભામાશા બનતાં ડરતા હતા. પણ વખત જતાં બધુ થાળે પડ્યું. અંગ્રેજોના રાજ્ય અમલ વખતે પણ એ ભામાશાઓ ગભરાતા હતા છતાં આઝાદીની લડતને નાણાંની ખાતર મરવા દીધી નહોતી. યોગ્ય નેતાગીરી મળતાં ચળવળ સફળ થઈ.

દ્વિભાષી પ્રચારકો-કૉંગ્રેસીઓ સત્તા ટકાવી રાખવા અને ગુજરાતને કરવામાં આવે અન્યાય સીમેન્ટ પ્લાસ્ટર કરવા ગાંધીજીના નામનો ઉપયોગ કરી રહ્યા છે અને કૉંગ્રેસની પ્રસસ્તિઓ ગાય છે પણ ગાંધીજીની ભાષાના ધોરણે રાજ્ય રચવાની વાત ભૂલી જાય છે અને કૉંગ્રેસ સને ૧૯૨૦થી આજ સુધી કરેલ ઠરાવો પણ વિસરી જાય છે.

મહાગુજરાત વિરુદ્ધ દલીલ કરવી એ ગુજરાત - સમસ્ત દેશને ભાષાના ધોરણે રાજ્યોની પુનઃરચના કરવા કૉંગ્રેસે આપેલ વચનનો ભંગ છે તેમ ગાંધીજીના આદેશ વિરુદ્ધની વાત છે.

આમ જ હોય તો ગાંધીજીની કૉંગ્રેસનો આત્મા આજની કૉંગ્રેસમાં નથી પણ કૉંગ્રેસનો મૃત દેહ છે એમ કહેવું પડે.

૧લી મે, ૧૯૬૦ના રોજ રવિશંકર મહારાજના આશીર્વાદથી મહાગુજરાત અલગ રાજ્ય બન્યું.

[Manthan Twins, off Aalay & Tanmay F;ats, Bodakdev, Judges' Bunglows Road, AHMEDABAD - 380 054, India]

# એક વાર વીજળી ઝબૂકી'તી વ્યોમમાં

**• દીપક મહેતા**



તેરચૌદ વર્ષનો એક કિશોર પોરબંદરના તેના ઘરમાં અમથો બેઠો છે. ત્યાં તેનો એક જિગરજાન મિત્ર આવી ચડે છે. આવતાંવેંત પોતે લખેલી નવી કવિતા સંભળાવવા લાગે છે: "સંધ્યા સલૂણી વાળ તારા કોણ નભમાં ગૂંથતું?" સાંભળનારો કિશોર મનોમન વિચારે છે: આવું આવું લખતાં તો મને કોઈ દિવસ આવડવાનું નથી. પણ પછી વખત જતાં તેણે લખ્યું. પુષ્કળ લખ્યું, સરસ લખ્યું. વાર્તાઓ લખી, નાટક એકાંકી લખ્યાં, જીવન ચરિત્રો અને વિવેચનો લખ્યાં. અને હા, કવિતા પણ લખી. ગુજરાતની બહાર દેશમાં, અને દેશની બહાર દુનિયામાં જે ગણ્યાગાંઠ્યા ગુજરાતી લેખકોનાં નામ જાણીતાં છે. તેમાં એનું નામ પણ ખરું. તેરચૌદ વર્ષની ઉંમરે મિત્ર રતિલાલ છાયાની કવિતા સાંભળીને નાહિમ્મત થનાર તે બીજું કોઈ નહીં, ગુલાબદાસ બ્રોકર.

૧૯૦૯ના સપ્ટેમ્બરની વીસમી તારીખે પોરબંદરમાં ગુલાબદાસભાઈનો જન્મ. આ વીસમીએ એ વાતને સો વર્ષ પૂરાં થશે. તેમની જન્મશતાબ્દી નિમિત્તે રાજકોટ અને અમદાવાદમાં આ મહિને કાર્યક્રમો યોજાયા છે. મુંબઈમાં અને બીજાં શહેરોમાં હવે પછી યોજાશે. જન્મભૂમિ ભલે પોરબંદર, પણ મેટ્રિકના અભ્યાસ માટે ભરડા ન્યૂ હાઈસ્કૂલમાં દાખલ થયા ત્યારથી કર્મભૂમિ તો મુંબઈ જ બની રહ્યું.

૧૯૩૦માં બી.એ. થયા. ૧૯૩૨ની સત્યાગ્રહની લડતમાં ભાગ લઈ સવા વર્ષની જેલ ભોગવી. જેલવાસ દરમિયાન જ પહેલી વાર્તા 'જૂના સંસ્કાર' લખાઈ. જેલમાંથી છૂટ્યા પછી ઠીક ઠીક વખતે ગભરાતાં અચકાતાં એ વાર્તા બતાવી મૂર્ધન્ય સાક્ષર અને "પ્રસ્થાન"ના તંત્રી રામનારાયણ વિ. પાઠકને. તેમણે એ વાર્તા "પ્રસ્થાન"માં પ્રગટ કરી. એ વખતે આપણા સાહિત્યમાં "પ્રસ્થાન"ની શાખ એટલી મોટી કે જ્યાં સુધી એકાદ કૃતિ "પ્રસ્થાન"માં ન છપાય ત્યાં સુધી લેખકોમાં તમારી ગણતરી ન થાય. અને પછી એ જ "પ્રસ્થાન"માં પ્રગટ થઈ વાર્તા 'લતા શું બોલે?' આવી વાર્તા લખવા અને છાપવા માટે એ વખતે સારી એવી હિમ્મત જોઈએ એવું તેનું કથાવસ્તુ હતું. એ વાર્તા પ્રગટ થયા પછી લેખક તરીકે ગુલાબદાસભાઈએ પાછું વળીને જોયું નથી. વાર્તાકાર તરીકે તેમને પહેલેથી જ માણસના મનની વાત જાણવામાં અને કહેવામાં રસ. એટલે બાહ્ય ઘટનાઓને નહીં તેટલું આંતર ઘટનાઓનો મનની વાતોને મહત્ત્વ. પાત્રો અસાધારણ નહીં, મારાતમારા જેવા, મોટે ભાગે શહેરી મધ્યમ વર્ગના. ભાષાના વરણાગિયાવેડા તો લેશપાત્ર નહીં. પોતાને જે જીવન જોવા મળ્યું તેને તેમણે જોયું અને આલેખ્યું સૂઝથી, સમજથી, સમભાવથી, ઊંડા ઊતરીને અને છતાં અલિપ્ત રહીને. કોઈ જીવનનો જાણભેદુ પોતાની કૃતિઓમાં બહુરંગી માનવજીવનનું અને અપરંગી માનવમનનું દર્શન કરે અને કરાવે એ કાંઈ ઓછી સિદ્ધિ નથી.

એટલે જ, મનસુખલાલ ઝવેરીએ કહ્યું છે તેમ ગુલાબદાસભાઈનું સ્થાન ગુજરાતના અગ્રિમ વાર્તાકારોમાં છે. સત્ય ઘટનાત્મક કથાઓ અને તેના લેખકોને આજે સારી એવી લોકપ્રિયતા મળે છે. પણ એવાં લખાણો ચલણમાં નહોતાં ત્યારે તેમણે એવી કથાઓ લખી જે 'પુણ્ય પરવાર્યું નથી' અને 'હરિનો મારગ'માં સંઘરાયો છે. 'ગુલાબદાસને સંવાદો લખતાં ફાવતું નથી' એવી એક મિત્રની ટકોરથી ચાનક ચડી અને એકાંકીઓ અને પછી નાટકો લખ્યાં. તેમનામાં નામના એકાંકી અંગે શિવકુમાર જોશીએ લખેલું કે આ કૃતિ લખ્યા પછી બ્રોકરે કલમ તોડી નાખી હોત તો પણ ચાલત. બળવંતરાય ઠાકોરના આગ્રહથી વિવેચન લખવાનું શરૂ કર્યું અને એ પ્રકારના લેખોનાં ત્રણ પુસ્તકો આપ્યાં. પરદેશનાં પ્રવાસ વર્ણનોનું આપણે ત્યાં પૂર આવ્યું તે પહેલાં યુરોપના પ્રવાસ અંગેનું પુસ્તક 'નવા ગગનની નીચે' લખ્યું. પાછલાં વર્ષોમાં આત્મકથા તો ન લખી, પણ ઘણા સંસ્મરણાત્મક લેખો લખ્યાં. 'વસંત' નામનો કાવ્યસંગ્રહ આપ્યો, તો નાટક અને નવલકથાના અનુવાદ પણ કર્યા. તો બીજી બાજુ તેમની કેટલીક કૃતિઓના અનુવાદ અન્ય ભારતીય ભાષાઓ, અંગ્રેજી તથા યુરોપની ભાષાઓમાં થયા.

ગુલાબદાસભાઈ સાથેનો આ લખનારનો સંબંધ ચાલીસેક વર્ષનો. ઉમ્મરમાં ત્રીસેક વર્ષનો ફેર, પણ સંબંધને નામ આપવું જ હોય તો 'મૈત્રી'નું આપી શકાય. પણ અંગત વાતો લખવાનું આ નથી સ્થળ, કે નથી આ સમય. આજે તો જન્મશતાબ્દી ટાણે તેમની જ કાવ્યપંક્તિમાં ગુલાબદાસભાઈને 'વર્ડનેટ'ની અને તેના સંપાદકની આદરાંજલિ : 'એક વાર વીજળી ઝબૂકી'તી વ્યોમમાં.'

**(સદ્ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૧૭ સપ્ટેમ્બર ૨૦૦૯)**

e.mail : deepakbmehta@gmail.com

•

## વીજળી ઝબૂકી'તી વ્યોમમાં

**• ગુલાબદાસ બ્રોકર**

**વીજળી ઝબૂકી'તી વ્યોમમાં,**
**એક વાર વીજળી ઝબૂકી'તી વ્યોમમાં.**
**આખો અવકાશ ભરી સૂતાં'તાં વાદળાં,**
**તારક ને ચન્દ્રતેજ ડૂબવતાં વાદળાં,**
**ઘેરાં ઘનઘોર હતાં કાળાં, હૈયા સમાં,**
**સૂઝતું ન કાંઈ કશું વહયોમમાં કે ભોમમાં**
**ત્યારે એ વીજળી ઝબૂકી'તી વ્યોમમાં.**
**પળમાં એ તિમિરકેરા દળને વિદારતી,**
**આખા અવકાશને એ પળમાં શણગારતી,**
**દેખી ન દેખી ત્યાં પળમાં અલોપ થતી,**
**જેનાં ના તેજ મળે સૂરજ કે સોમમાં**
**એવી એ વીજળી ઝબૂકી'તી વ્યોમમાં.**
**હૈયાના વ્યોમમાં,**
**તેજધાર વીજળી ઝબૂકી'તી વ્યોમમાં**
**એક વાર વીજળી ઝબૂકી'તી વ્યોમમાં.**
**વીજળી ઝબૂકી'તી વ્યોમમાં.**

•

ભોળપણ
એ માણસની નબળાઈ છે,
પણ બાળકનું બળ છે.

# ભારતના પનોતા પ્રશ્નોની વંશાવળી

• આશા બૂચ

**ગરીબી :**

પાંચ-દસ આશાસ્પદ યુવાનો ટોળટપ્પા મારવા ભેગા થયા હોય, કે સાંજ પડે અને 'અમે બે અને અમારાં બે'નું બનેલું કુટુંબ પોતાના સ્નેહી-કુટુંબીને ઘેર મીઠી સાંજ વીતાવવા ગયું હોય, અથવા નિવૃત્ત થયેલા ઘરના મોભીઓ પોતાનો ભવ્ય ભૂતકાળ ચગળતા હોય, અને ઘરની ગૃહિણીઓ રાત પડ્યે પડોશણો સાથે પોતાના લત્તાના મુખ્ય ખબરપત્રી હોવાનો દાવો કરીને બીજાની ખાટી-મીઠી ઘટનાઓ, એક બીજાને રસથી સંભળાવતી હોય, ત્યાં નીચે મુજબનાં વિધાનો અચૂક સાંભળવા મળશેઃ 'આજકાલ લાંચ આપ્યા વગર કંઈ કામ નથી થતું ... હવે નિશાળમાં કોઈ શિક્ષકો ભણાવતા જ નથી ... આ મોંઘારત તો ભાઈસા'બ કૂદકે ને ભૂસકે વધતી જ જાય છે ... કૉલેજમાં ભણીએ તો ય નોકરી માટે ટેબલ પર બે લાખ મૂકો ત્યારે નોકરી મળે તો નસીબદાર ... અરે, મારા દીકરાને -----માં નોકરી મળી, પણ રહેવા ઘર નથી મળતું, મારા બાપ ... આ પાણીની તંગીએ તો નવરાવી નાખ્યા ભઈ ... ઘરની બહાર નીકળો ત્યાં નાગાં-ભૂખ્યાં છોકરાં હાથ લંબાવીને ઊભાં જ હોય, એમનું શું કરીએ એમ થાય, પહેલાં આવી ગરીબી નહોતી ... અરે, મારા રામ, મારાથી તો મંદિરેય નથી જવાતું, આ રસ્તા પર રીક્ષા, સ્કૂટર અને મોટરુંની ભીડ તો ગાય-બકરાંના ધણ કરતાં ય ભૂંડી ...' આવા બધા ઉદ્‌ગારોનો વિસ્તાર, જાત જાતની ગરમાગરમ ચર્ચા, અનેક મંતવ્યો અને માહિતીઓના ફુવારા ઉડાડ્યા પછી, પોતાની હૈયા વરાળ ઠાલવવા સુધી પહોંચે છે. પછી એ સભાઓનું સમાપન સામાન્ય રીતે આ રીતે થાય, 'આ સરકાર જ એવી છે ... આંઈ તો સામ્યવાદી સરકાર જ ચાલે ... સાલ્લા બધા જ લાંચિયાઓને જેલ ભેગા કરવા જોઈએ (ક્યાંક તેઓનો પોતાનો અથવા એમના સાગરીતોનો પણ એમાં સમાવેશ તો અહીં થતો હોય એની શી ખાતરી?) ...' છેલ્લા પાંચ-છ દાયકાઓથી ચાલતી આવેલી આવી ચર્ચાઓ દ્વારા લોકો જાણે એમ કહે છે કે આ બધી પરિસ્થિતિઓમાં 'મારો' તો કોઈ દોષ નથી, જો કોઈનો દોષ હોય તો એ 'તારો, તમારો, સરકારનો' છે. આમ નાગરિક તરીકેની જવાબદારીમાંથી હાથ ખંખરીને સૌ વિખૂટા પડી જતા જોયા છે. અને છતાં આ વિટંબણાઓ દૂર થઈ નથી, ઉલટાની કેન્સરની ગાંઠની માફક વિકૃત થઈને વધતી રહી છે અને હવે તો રાષ્ટ્રની અસ્મિતાનો જીવ લેવા બેઠી છે.

કોઈ વૃક્ષ પર સડેલાં ફળો પાકવા લાગે તો એક પછી એક ફળોને ફેંકી દેવાથી ફસલ સુધરી જતી નથી. ફળોને જન્મ આપનાર ફૂલો તંદુરસ્ત હોય છે એ જોવું રહ્યું, એને પોષણ આપતાં પાનમાં જીવાત નથી બેઠીને એ તપાસવું સારું, ફળ-ફૂલ-પાનને પોતાને ખોળે ઝૂલાવતી ડાળીઓ મજબૂત તો છે ને એ ચકાસવું જરૂરી છે, તો એ બધાનો ધારણહાર થડને લૂણો તો નથી લાગ્યો ને એ જોવું ખાસ જરૂરી છે. અને સૌથી વધુ મહત્ત્વનું તો એનાં મૂળિયાંની જડ શામાં છે એ શોધી કાઢવાથી જ પાકને સુધારી શકાશે એ નક્કી છે. આજે સૌ ભારતવાસીઓને સ્પર્શે છે અને વિદેશીઓને પણ જેની જાણ છે એવા ગરીબી, ગંદકી અને ભ્રષ્ટાચાર જેવા ભારતના પનોતા પ્રશ્નોનાં ડાળ, પાંદડાં, થડ અને મૂળિયાંમાં રહેલા મહાપ્રશ્નોને સમજવા ચાલો આપણે સહિયારો પ્રયત્ન કરીએ.

**સંપત્તિની અસમાન વહેંચણી :**

આટલા બધા દેખીતા આર્થિક વિકાસ છતાં ય ભારતમાં ગરીબી કેમ ઘટતી નથી એ સમજવું મુશ્કેલ છે. ભારતનો મધ્યમ વર્ગ ઉચ્ચ મધ્યમ વર્ગ તરફ, અને ઉચ્ચ મધ્યમ વર્ગ તરફ ઉચ્ચ વર્ગ તરફ ઉર્ધ્વ ગતિ કરી રહ્યો છે એ ખુશ થવા જેવી હકીકત છે, પણ ગરીબીની રેખા હેઠળ જીવતી પ્રજાની સંખ્યા અને ગરીબ-તવંગર વચ્ચેની ખાઈ વધુને વધુ મોટી થતી જાય છે. આ પરિસ્થિતિનું કારણ સંપત્તિની અસમાન વહેંચણી છે. આજે આપણા દેશમાં રોટી, કપડાં અને મકાન બધાંને પૂરાં થઈ રહે એટલાં પેદા થાય છે, પણ મધ્યમ વર્ગને ઉચ્ચ મધ્યમ વર્ગ જેવું જીવન જીવવું હોય એટલે પ્રાપ્ત સંપત્તિનો મોટો ભાગ એ લોકો માંડે છે અને એથી નીચલા વર્ગના લોકો માટે પૂરતાં રોજી રોટીનાં કે જીવન જરૂરિયાતનાં સાધનો ભાગે આવતાં નથી. બે ભાઈઓ એક ધાબળો ઓઢીને સૂતા હોય ત્યારે બળિયો જો પોતાની તરફ ધાબળો ખેંચે તો નબળો ટાઢે ઠરે જ ને?

**વસતી વધારો :**

સંપત્તિની અસમાન વહેંચણી થવાનું એક કારણ દેશમાંનો વસતી વધારો છે. ૧૯૪૭માં ૩૫ કરોડની વસતી ધરાવતા દેશમાં ૬૦ વર્ષ પછી એક અબજ પ્રજા વસે છે, જે લગભગ ૨૦૦ પ્રતિશત વધારો સૂચવે છે. ગમે તેટલી સક્ષમ સરકાર હોય અને પૂર્ણ ન્યાયી વહેંચણી કરતી હોય, તો પણ આટલી મોટી સંખ્યા ધરાવતા દેશમાં તમામ લોકોને જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવી અશક્યવત્ છે.

**નસીબવાદ :**

સવાલ એ થાય છે કે આપણા દેશમાં વસતી વધારાનો દર આટલો ઊંચો શા માટે છે? અર્ધી સદી પહેલાં અપૂરતું પોષણ, રોગચાળાનો ઉપદ્રવ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના અભાવે બાળમરણનું પ્રમાણ ઘણું ઊંચું રહેતું, જેને પરિણામે લોકો વધુ બાળકો પેદા કરવા ઇચ્છતાં ... 'છોકરાં તો ભગવાનની દેન છે, એ જીવાડે અને એ મારે, આપણાથી કશું ન થાય, નસીબમાં હોય તો ભગવાન હાથીને મણ અને કીડીને કણ પણ આપી દે છે' એવી નસીબવાદી પ્રજા પણ પ્રજોત્પતિને કાબૂમાં રાખવામાં નિષ્ફળ જાય છે.

**ધાર્મિક માન્યતાઓ :**

બહુજન સમાજને નસીબવાદી બનાવવા માટે આપણી ધાર્મિક માન્યતાઓ કંઈક અંશે જવાબદાર છે. હિન્દુ ધર્મ પાળનારાઓમાંથી મોટા ભાગના લોકોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે મૃત્યુ પછી પુત્રને જ ધાર્મિક વિધિ કરવાનો અધિકાર છે અને એ જ મા-બાપને વૃધ્ધાવસ્થામાં ટેકો આપી શકે એટલે પુત્ર પ્રાપ્તિની આશામાં જનસંખ્યા વધતી રહે છતાં સંતાનો પેદા થતાં જ રહે છે. હકીકત એ છે કે આમ જનતાની ધાર્મિક માન્યતાઓને વૈજ્ઞાનિક હકીકતોને આધારે બદલીએ તો નસીબવાદને બદલે લોકો બુધ્ધિથી વિચારવા લાગે જેને પરિણામે વસતી વધારાનો દર ઘટે, જેથી સંપત્તિની સમાન વહેંચણી કરવાનું શક્ય બને, જે અંતે ગરીબીને હટાવી શકે.

**જ્ઞાતિવાદ :**

ગરીબીનું ફળ એક બીજી ડાળ - જ્ઞાતિવાદ પર પણ ઝૂલે છે. ઉચ્ચ જ્ઞાતિના કહેવાતા લોકો વધુ શિક્ષણ મેળવી શકે છે, જે સ્ત્રી-પુરુષ બન્ને માટે રોજગારીની તકો અને ઉચ્ચ જીવન ધોરણની મહત્ત્વાકાંક્ષા પૂરી પાડે છે. એવા લોકોને વધુ બાળકોનું ભરણ-પોષણ કરવું પોસાય નહી તેથી નાનું કુટુંબ સુખી કુટુંબની નીતિ અપનાવે છે, જ્યારે નિમ્ન ગણાતી જ્ઞાતિઓને હજુ પણ શિક્ષણની સમાન તકો નથી હોતી. આર્થિક અને સામાજિક રીતે પછાત રહી જવાને કારણે તેઓ અંધશ્રધ્ધા, બેકારી અને નબળા સ્વાસ્થ્યનો ભોગ બને છે અને ઓછાં બાળકોથી થતા લાભ જોવા જેટલું જ્ઞાન મેળવી શકતા નથી.

**સામાજિક અસમાનતા**

ઉપર ઉલ્લેખ કર્યો છે એ જ્ઞાતિવાદનાં મૂળ હિન્દુ ધર્મના ખોટા અર્થઘટનને કારણે માનવ સર્જિત સામાજિક અસમાનતામાં પડેલાં છે. શિક્ષણના પ્રસારથી દરેક માનવ જન્મથી સમાન છે એવું ભાન થશે, દરેક પ્રકારના કામ-ધંધાની સમાજમાં સરખી જરૂરિયાત છે એ સ્વીકારવાથી દરેક નાગરિકને ભરણ-પોષણની પાયાની જરૂરિયાતો સંતોષવાનો સરખો અધિકાર છે એનો ખ્યાલ આવશે ત્યારે જ્ઞાતિવાદનાં બંધનો ઢીલાં પડશે અને એને પગલે નીચલી કહેવાતી જ્ઞાતિ વર્ગના લોકો ગરીબીના વિષચક્રમાંથી બહાર આવી શકશે.

**નિરક્ષરતા :**

ગરીબીનાં બીજાં કારણો તપાસતાં જણાશે કે નિરક્ષરતા આડકતરી રીતે નિર્ધનતા વધારવા માટે મોટો ફાળો આપતી હોય છે. ગરીબ પ્રજામાં નિરક્ષરતાનું પ્રમાણ ઊંચું હોય છે અને નિરક્ષર લોકોને ગરીબાઈ મફતમાં મળે છે એ ગરીબ-તવંગર સૌ જાણે છે. સાક્ષરતાને પગલે રોજગારી, સારું સ્વાસ્થ્ય, ઊંચું જીવન ધોરણ, અને પ્રજોત્પતિ તથા યોગ્ય બાળઉછેરનું યોગ્ય જ્ઞાન મળે છે એ સર્વ વિદિત છે. આથી જ તો શિક્ષિત લોકો 'ઓછાં બાળ

જય ગોપાળ'નું સૂત્ર અપનાવે છે જેને કારણે શિક્ષિત લોકોની જનસંખ્યા ઘટે છે અને નિરક્ષરોને પોતાની રૂઢિચુસ્ત ધાર્મિક માન્યતાઓ અને જૂનું સામાજિક માળખું એ રસ્તે જતાં રોકે છે જેને કારણે નિરક્ષર પ્રજાની સંખ્યા વધે છે. ભારતના જે પ્રાંતોમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘટ્યું છે ત્યાં વસતી વધારો અંકુશમાં લાવી શકાયો છે. આથી એમ માની લેવું યોગ્ય છે કે શિક્ષણનો પ્રસાર કરવો એ કેન્દ્રિય અને પ્રાંતિય સરકારો માટે અત્યંત મહત્વની અગ્રતાક્રમ ધરાવતી જરૂરિયાત છે.

**સર્વાંગી કેળવણીનો અભાવ :**

ગરીબીના પ્રશ્નનાં મૂળ શોધવાની યાત્રામાં થોડા આગળ વધીશું તો જણાશે કે નિરક્ષરતાના ઊંચા આંક પાછળ, શિક્ષણ મેળવ્યા પછી, પણ રોજગારીની તકોનો અભાવ રહે છે, એ એક મોટું પરિબળ હોઈ શકે. એમ થવાનું કારણ એ છે કે આજના શિક્ષણ અને ધંધા-રોજગારી વચ્ચે કોઈ પ્રકારનો સંબંધ નથી રહ્યો. ભારતમાં હજુ પણ ૭૦ પ્રતિશત પ્રજા ગ્રામીણ જીવન જીવે છે, એમને પાયાની સર્વાંગી કેળવણી અને સ્થાનિક વ્યવસાયોની તાલીમ આપીને રોજી-રોટી કમાવા માટે તૈયાર કરવા જોઈએ. શહેરોમાં રહેનાર ભાવિ પેઢીને પણ પાયાની સર્વાંગી કેળવણી આપવી એટલી જ જરૂરી છે, પરંતુ તે ઉપરાંત શહેરી વ્યવસાયો માટે જે તકો હોય એને લક્ષમાં રાખીને તાલીમ અપાય તો એ બધા સ્કૂલ-કૉલેજોમાંથી ભણીને તૈયાર થયેલા યુવાનોની શક્તિને યોગ્ય વ્યવસાયોમાં સમાવી શકાય. આજના શિક્ષણને પોતાના સમાજના વ્યવસાયિક જીવન સાથે બહુ ઓછી નિસ્બત જણાતી હોવાથી ગ્રામ્ય પ્રજાએ શિક્ષણ પ્રથામાંથી શ્રદ્ધા ગુમાવી છે, એ નવાઈ પમાડે તેવું નથી. નિષ્ઠા વિહોણા શિક્ષકો, ભ્રષ્ટાચારથી ખદબદતી પરીક્ષા પદ્ધતિ અને ટ્યુશનના ભારથી બેવડ વળી ગયેલ વિદ્યાર્થી આલમ વધુને વધુ લોકોને સાચી કેળવણીથી વિમુખ કરીને દિશા વિહીન યુવાનો સમાજને ચરણે ધરે છે જેને કારણે એ તમામ લોકો ગરીબીના વિષયચક્રમાંથી છૂટવા માટે અશક્ત બને છે.

**ગંદકી :**

કુદરતી સંપત્તિ અને બુદ્ધિધનથી સમૃદ્ધ એવા ભારતમાં ગરીબી આટલી વ્યાપક હોવાનાં મૂળભૂત કારણો તપાસ્યાં. હવે બીજા પનોતા પ્રશ્ન ગંદકી તરફ નજર માંડીએ. વિનોબાજીએ કહેલું કે પશ્ચિમમાં સ્વચ્છ દેશોમાં ગંદા લોકો રહે છે જ્યારે ભારત એ ગંદા દેશમાં રહેતા સ્વચ્છ લોકોનો બનેલો દેશ છે. ત્રિકાળ સંધ્યા કરીને દિવસમાં ત્રણ વખત સ્નાન કરનારા અને અત્યંત ભવ્ય અને સુંદર મંદિરો બાંધનારા લોકોના દેશમાં ગંદકી પારાવાર જોવા મળે છે. શા કારણે?

**પાણીની ખેંચ :**

ગંદકીનું એક કારણ પાણીની સાર્વત્રિક ખેંચ ગણાવી શકાય. એનો હાલ લાવવા માટે કેન્દ્રિય સરકાર અને સ્થાનિક સરકારી સંસ્થાઓના પ્રયત્નો અપૂરતા સાબિત થયા છે. દિન દહાડે વધતી જનસંખ્યા પણ જે કંઈ કુદરતી સંપત્તિ છે તેને અપૂરતી ઠરવે છે. પાણી જેવી બહુમૂલ્ય સંપત્તિનો બેહિસાબ વ્યય એ નાગરિક તરીકેની ફરજનો અભાવ સૂચવે છે. નદીઓનાં પાણીને નાથીને યોગ્ય જગ્યાએ વાળીને ખેતીની સિંચાઈ માટે પાણી પૂરું પાડવું, ડીપવેલ તથા બોર ખોદાવવા જેવાં લાંબા ગાળાનાં અસરકારક પગલાં કેન્દ્ર અને સ્થાનિક સરકારોએ લેવાં જોઈએ એ નથી બનતું. એવી જ રીતે વહીવટકર્તાઓમાં પ્રજાકીય સગવડતાઓ ઊભી કરીને તેને નિષ્ઠાપૂર્વક કાર્યરત રાખવાની ઇચ્છાનો અભાવ પણ ગંદકીના ફેલાવા માટે કારણભૂત છે.

**શહેરીકરણ :**

વેપાર-ઉદ્યોગોના કેન્દ્રિયકરણને કારણે શહેરીકરણ ફરજિયાત બન્યું અને તેથી પણ ગંદકી ફેલાય છે. ગ્રામ્ય વિસ્તારમાં લોકો પ્રાકૃતિક જીવન જીવે છે, ત્યાં પ્રમાણમાં ઓછી ગંદકી જોવા મળે છે, જ્યારે શહેરોમાં વધુ ગંદકી જોવા મળે છે કેમ કે ગામડાંઓમાંથી આવેલ લોકો પોતાની ખુલ્લી જગ્યામાં રહેવાની આદતો સાથે લાવે છે, જે શહેરોની નાની ગીચ ગલીઓમાં, ખોલીઓમાં રહેવા માટે યોગ્ય પૂરવાર નથી થતી. દાખલા તરીકે ફળિયામાં ફૂલના ક્યારા પાસે બાવળનું દાતણ કરતાં લોકો પ્રાતઃકર્મ કરે ત્યારે એ પાણી માટીમાં ભળી જાય, જ્યારે શહેરના સિમેન્ટના રસ્તાઓ પર એ જમા થઈને ખાબોચિયું બનાવે, જે જીવ-જંતુનું રહેઠાણ બને અને એ અગણિત રોગ તથા માંદગીઓને પેદા કરનાર બની રહે છે. એવી જ રીતે ગામડાંઓમાં રોજગારીની તકો ઓછી થવાને કારણે શહેરો તરફ ધસતી પ્રજાને શહેરોમાં ઓટલો અને રોટલો મળવાનું મુશ્કેલ બને છે અને સારાં રહેઠાણો ન મળવાને કારણે પણ ગંદકી વધતી જ જાય છે. ઝૂંપડપટ્ટીઓ અને બીજાં ખાનગી તથા સરકારી રહેઠાણના વિસ્તારોમાં પાણીના પૂરવઠાની તથા તેના નિકાલની સગવડો પૂરી પાડવામાં નથી આવતી, જેને કારણે જીવતું નરક સર્જાય છે એ પૂરતા નગર આયોજનની ગેરહાજરી અને કામ કરતાં લેવાતી લાંચ-રુશ્વતની હાજરી સૂચવે છે. શહેરોમાં સાંકડી જગ્યામાં રહેવા આવ્યા હોવા છતાં ય કેટલાક સમૂહના લોકોમાં જનસંખ્યા વધતી જ રહે છે જેનાં મૂળ નસીબવાદ, સામાજિક કુરિવાજો અને ધાર્મિક માન્યતાઓમાં રહેલ છે, એ આપણે જોયું.

**નાગરિક ભાવનાનો અભાવ :**

ભારતના લોકો વ્યક્તિગત સ્વચ્છતા જાળવી શકે છે, પોતાનાં ઘર ચોખ્ખાં રાખે છે, કામનાં સ્થળો રૂપાળાં બનાવી જાણે છે અને ધાર્મિક સ્થળોને ચકમકતાં રાખે છે, પણ રસ્તાઓ, જાહેર બગીચાઓ અને જાહેર જાજરૂ-બાથરૂમ વગેરે તમામ જગ્યાઓ અસહ્ય દુર્ગંધથી ખદબદતી જોવા મળે છે. આને કારણે સામાન્ય જનજીવન દુઃસહ્ય બને છે અને રોગચાળા ફેલાવાની શક્યતાઓ વધે છે. અવકાશ યાત્રામાં પ્રગતિ સાધી શકનાર ભારત ઘર ઘરના કચરાનો નિકાલ કરવાનું શીખી નથી શક્યું. આ સ્થિતિને સુધારવા માટે સરકાર તરફથી સ્વચ્છતા જાળવવા માટે જરૂરી માળખાંનો અભાવ છે અને જે કંઈ જૂજ સગવડતાઓ આપવામાં આવે છે એનો સામાન્ય પ્રજા યોગ્ય ઉપયોગ કરીને ચોખ્ખાઈ જાળવતી નથી કેમ કે તેમનામાં નાગરિક તરીકેની ફરજોની સમજની ઊણપ છે. સરકારી તંત્ર, સ્વૈચ્છિક સામાજિક સંગઠનો અને હવે તો સંદેશ વ્યવહારનાં સમૂહ માધ્યમો દ્વારા સ્વચ્છતા અને આરોગ્ય વિષે લોકશિક્ષણ આપવું જોઈએ તે માટે પણ પૂરતા પ્રયત્નો થતા નથી.

**સામાજિક કુરિવાજો અને ધાર્મિક માન્યતાઓ :**

હિન્દુ ધર્મના કેટલાક ક્રિયાકાંડ અને સામાજિક રીત રિવાજોનું ચુસ્તપણે પાલન કરવાથી પણ ગંદકી ફેલાય છે. આથી જ તો જીવનદાત્રી નદીઓને કિનારે જેમ અદ્‌ભૂત સંસ્કૃતિઓ ફૂલીફાલી છે એમ અસહ્ય ગંદકી પણ પ્રસરી છે. જે તળાવમાં રણછોડ શ્રીકૃષ્ણએ સ્નાન કરેલું એ ડાકોરના તળાવ પાસે લોકો ખુલ્લામાં જાજરૂ જાય છે એટલું જ નહીં પણ એ વિષે યાત્રાળુઓ, ત્યાંના રહેવાસીઓ કે સ્થાનિક મ્યુનિસિપાલિટીના સભ્યોને જાણે કશો વાંધો પણ નથી હોતો! સુદામાપુરી એટલે આજનું પોરબંદર, કે જે ગાંધીજીનું જન્મસ્થળ પણ છે, ત્યાં આંખ અને નાક ખુલ્લાં રાખીને ફરી ન શકાય એવું અપવિત્ર શહેર છે. ગંગા અને યમુનાના કિનારા પરનાં યાત્રાધામો પવિત્ર ધામ ને બદલે રોગધામ બની ગયાં છે. ખૂબીની વાત એ છે કે આમ પ્રજાને એ ગંદકી ખટકતી નથી, યાત્રાળુઓ એ સ્થળના ભૌગોલિક, ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને એ ભયંકર ગંદવાડ સામે આંખ આડા કાન કરે છે અને એટલે એ પરિસ્થિતિ દૂર થતી નથી. આફ્રિકા ખંડના ઘણા દેશોમાંથી મેલેરિયા નાબૂદ કરી શકાશે, પણ ભારતમાં ગંદકી, અસ્વચ્છ પાણી અને ખોરાકને કારણે થતા રોગોનું પ્રમાણ વધતું રહેશે. આ આપણી પ્રગતિ?

કંઈક અંશે આપણી ધાર્મિક માન્યતાઓ, સામાજિક કુરિવાજો, કુદરતી અને માનવસર્જિત સંપત્તિની ખેંચ અને તેની અસમાન વહેંચણી જેના મૂળમાં છે એ ગરીબી અને ગંદકી જેવા બે મુખ્ય પ્રશ્નોની છણાવટ કરી, હવે ત્રીજો એટલોજ મહત્ત્વનો અને દુનિયા આખીમાં જાણીતો થઈ ચૂકેલા પ્રશ્ન વિષે વિચારીએ.

**ભ્રષ્ટાચાર :**

ભારત અને ભ્રષ્ટાચાર એ જાણે પર્યાયવાચી શબ્દો બની ગયા છે. જેમ હિન્દુ સંસ્કૃતિ ક્યારે ઉદ્‌ભવી એનું કોઈ ઓઠું ઇતિહાસમાં નથી જડતું એમ આપણા દેશમાં ભ્રષ્ટાચાર વ્યાપક પણે ક્યારે આચારમાં વણાઈ ગયો, એ કહેવું મુશ્કેલ છે. આપણે સ્વતંત્ર થયાં ત્યારથી એના સગડ શોધીએ. 'ભ્રષ્ટાચાર' શબ્દ બોલતાં જ અનીતિ, કામચોરી, લાંચ લેવી અને દેવી, નિષ્ઠા વિનાના માણસોનું ફરજો બજાવવામાંથી ચ્યુત થવું, સત્તાની સાઠમારી અને શોષણ જેવાં દુષ્કૃત્યોની યાદી નજર સમક્ષ ખડી થાય છે.

**ગરીબાઈ :**

આમ જુઓ તો ભ્રષ્ટાચારને ગરીબાઈ સાથે સગા ભાઈ જેવો ગાઢ નાતો છે. એનું એક ઉદાહરણ જોઈએ. મ્યુનિસિપાલિટીમાં કામ કરતા કારકૂનોને એટલો ઓછો પગાર મળે છે કે એના કુટુંબનું ભરણ પોષણ મહા મુશ્કેલીથી થઈ શકે છે. તેમાં વળી એના સાહેબની જેમ એને પણ સ્કૂટર વસાવવાનું મન થાય. એ માટે આવક વધારવાના બીજા કોઈ રસ્તા ન હોય એટલે મારા જેવી વ્યક્તિના નવા બંધાતા ઘર માટે પાણીની પાઈપલાઈનની મંજૂરી પર સાહેબની સહી કરાવવા માટે મારી પાસે એ ૧૦૦ રૂપિયા જેવી નજીવી રકમ માગે. મારા જેવા બીજા પાંચસોએક 'જરૂરિયાતમંદ' ઘરાકોની 'ભેટ'થી એ કારકૂનની મહેચ્છા પૂરી થાય અને અમારા જેવાનું કામ જલદી થાય એટલે લીધા-દીધાનો દોષ કોઈને ન નડે.

હવે એ કારકૂન અને એનો સાહેબ સમાન કક્ષાના થયા. આ વાત એના સાહેબને કેવી રીતે પોસાય? એટલે એમણે પણ એમના કામના ભાવ વધાર્યા જેથી એ પોતે ફ્રીજ લઈ શકે. બસ સમજો ને કે જેમ હોદ્દો ઊંચો તેમ ભૌતિક સુખ-સગવડનાં સાધનોની લાલચ વધારે અને તેમ લાંચના દર પણ ઊંચા હોવાના. આનું કારણ એ છે કે બધા સ્તરના લોકોની ઇચ્છા પોતે છે તેનાથી વધુ પૈસાદાર અને તે પણ આજે જ અને અત્યારે જ ધનાઢ્ય બની જવાની છે. હવે જો આ જમાનાઓ જૂની ગરીબી, કે જેનાં મૂળ સંપત્તિની અસમાન વહેંચણી, બેકાબૂ બનેલ વસતી વધારો, પ્રજાના શ્વાસોચ્છાવાસ સાથે જોડાઈ ગયેલા નસીબવાદ અને ધાર્મિક માન્યતાઓમાં જ હોય તો એ બધાં મૂળભૂત કારણો દૂર કરીએ તો જ ભ્રષ્ટાચાર દૂર થાય.

**ઔદ્યોગિકરણ અને શહેરીકરણ :**

છેલ્લા પાંચ-છ દાયકા દરમ્યાન ભારતના અર્થતંત્ર અને સમાજ વ્યવસ્થામાં આવેલ પરિવર્તનને ધ્યાનમાં લઈએ તો ખ્યાલ આવશે કે જ્યારે આપણો દેશ મુખ્યત્વે ખેતી પ્રધાન હતો, મોટા ભાગની પ્રજા ગામડાંઓમાં રહેતી હતી ત્યારે ભ્રષ્ટાચાર પ્રમાણમાં ઓછો હતો. એનું કારણ એ છે કે ત્યારે લઘુ ઉદ્યોગો હતા, કાચો માલ પેદ કરનારા, એમાંથી જીવન જરૂરિયાતની વસ્તુઓ બનાવનારા અને વેંચનારા બધા પરસ્પરાવલંબી હતા, પણ સાથે જ અમુક અંશે સ્વાયત્ત પણ હતા. ઔદ્યોગિકરણને પગલે શહેરીકરણ થવું એ અનિવાર્ય હતું. પરિણામે ગ્રામ્ય અર્થવ્યવસ્થા પડી ભાંગી. વેપાર-ઉદ્યોગોમાં કેન્દ્રીકરણ આવ્યું જેથી ઉત્પાદન, આવક અને નફાની વહેંચણી મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓના હાથમાં જઈ પડ્યાં એટલે પણ ભ્રષ્ટાચારને વેગ મળ્યો.

**મૂડીવાદ :**

ઔદ્યોગિકરણ અને શહેરીકરણનાં મૂળ મૂડીવાદમાં છે. આ મૂડીવાદ ખાનગી ઉદ્યોગોને પાળે પોષે છે. મોટા ઉદ્યોગોના માલિકો પોતાના કારીગરોની ભલાઈને બિલકુલ ધ્યાનમાં રાખ્યા વિના માત્ર પોતાના ધન વૈભવને જ લક્ષમાં લઈને ઉદ્યોગો વિકસાવે તો પણ સરકારી તંત્ર એની સામે આંખ આડા કાન કરે છે કેમ કે એના બદલામાં એવા મૂડીપતિઓની આવકમાંથી જ તો વહીવટી તંત્ર ચાલે છે. આતે કેવું વિષચક્ર?

**વૈશ્વીકરણ :**

ભારતભરમાં વ્યાપેલ ભ્રષ્ટાચાર થોડે ઘણે અંશે વિશ્વમાં પ્રવર્તતી આર્થિક સ્થિતિનો પણ પરિપાક છે. આજનો માનવ વૈશ્વીકરણ માટે ગૌરવ લઈ શકે છે કેમ કે વિશ્વ નાનું થઈ ગયું છે. જે કપડાં અને ખોરાકની વસ્તુઓ અમેરિકામાં મળે તે યુરોપ અને એશિયાના દેશોમાં પણ મળે એનાથી રૂડું શું? આખર હિન્દુઓ તો વસુધૈવ કુટુંબકમ્માં સદીઓથી માનતા આવ્યા છે, તો આજની global villageની વિભાવનાને જલદી અપનાવી લે એમાં શું નવાઈ? તેમાં ય કેન્દ્ર અને પ્રાંતિય સરકારોની ઉદારીકરણની નીતિને કારણે વિદેશી કંપનીઓના પગપેસારાથી એક બાજુ લોભાવનારી ભૌતિક સુખ સગવડની ચીજ-વસ્તુઓના બજારમાં ખડકલા થવા માંડ્યા છે, તો બીજી બાજુ એ બધું ખરીદવા માટે રાતોરાત તાલેવંત થવા માટેની હરીફાઈ વધવા માંડી છે. ભ્રષ્ટાચાર અને લાંચ રુશ્વત દુનિયામાં બધે થોડે ઘણે અંશે જોવા મળે છે, પણ ભારતમાં ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ મોટી થતી જાય છે અને બાકીના વિશ્વ સાથે જીવન ધોરણ સુધારવાની હોડમાં ગરીબો પાછળ રહી જવા માગતા નથી માટે ઉપર ઉલ્લેખ કરેલ દૂષણોની વ્યાપકતા અને એની જડ વધુ પ્રસરી ગઈ છે.

**રાષ્ટ્રીય ભાવનાનો અભાવ :**

ભ્રષ્ટાચાર પાછળ વિશ્વના અને સમગ્ર દેશના આર્થિક પ્રવાહોની અસર પરથી નજર હઠાવીને એના નૈતિક પાસા પર દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે આમ તો સદીઓથી, પણ ખાસ કરીને સ્વતંત્રતા મેળવ્યા પછીના સમયથી સવિશેષપણે ભારતીય પ્રજામાં રાષ્ટ્રીય ભાવનાનો મહદ્અંશે અભાવ જણાય છે. વિદેશી શાસનથી મુક્તિ મેળવવા પ્રજા એક થયેલી, તો આ બધાં દૂષણો તો એથી ય વધુ વિકરાળ અને વિનાશક પ્રકારના શત્રુઓ છે, તો એને દૂર કરવા માટે એકતા કેમ ન સધાય? જો કે એકતાની ભાવના કેળવવી એ કદાચ ભારતીય લોકોના લોહીમાં નથી. આપણે એ ગુણ જરૂર કેળવવા જેવો છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સાંભળતાં આવીએ છીએ કે શાળા-કૉલેજોમાં પ્રવેશ મેળવવા માટે જે તે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા 'દાન'ની માગણી થતી હોય છે. જો એક બાળકના માતા-પિતા એ શાળાનો બહિષ્કાર કરીને પોતાના સંતાનને બીજી શાળામાં પ્રવેશ અપાવે અને શાળાએ કરેલ અઘટિત માગણીને જાહેરમાં ખુલ્લી પાડે તો એને બીજાં મા-બાપ અનુસરે નહીં એ તો ઠીક પણ એમનો નૈતિક સહકાર પણ ન મળે, તેથી 'અમે એકલાં કંઈ દુનિયા બદલી ન શકીએ એટલે લાંચિયાની જમાતમાં જોડાયા સિવાય છૂટકો છે કંઈ?' એમ કહીને નીતિમત્તાના ધોરણને માળિયે ચડાવીને લાંચ આપનારાઓના લશ્કરમાં એકનો વધારો નોંધાવે છે. આજે ટેલીવિઝન, રેડિયો, કમ્પ્યૂટર અને ઇન્ટરનેટ જેવાં સમૂહ માધ્યમોથી જેમ વસ્તુઓની જાહેરખબરો અપાય છે એમ એ બધાં સાધનોનો ઉપયોગ કરીને લાંચ લેનારાઓ અને દેનારાઓને ઉઘાડા પાડવા પણ એટલું જરૂરી છે. ઇન્ટરનેટનો સાથ લઈને લાંચ-રુશ્વતથી દૂર રહેવા માગતા સજ્જનો-સન્નારીઓ એકબીજાનો સંપર્ક સાધીને એક બનીને આ દૂષણનો વિરોધ કરીને વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવા ચળવળ કરે, એવો સમય આવી ગયો છે.

ભારત દેશ પાસે અમાપ કુદરતી શક્તિ છે, માનવીય અને બૌદ્ધિક શક્તિના ભંડાર ભર્યા છે એ હકીકતમાં વિશ્વાસ ધરાવનારા તમામ લોકોને અરજ છે કે આપણા દેશ અનેકવિધ ક્ષેત્રોમાં પ્રગતિની હરણફાળ ભરી છે, તો એ પ્રગતિને ગરીબી, ગંદકી અને ભ્રષ્ટાચાર જેવા પ્રશ્નો ત્સુનામી જેવા વિનાશક બળથી ભોંયભેગી કરી ન દે, એવી ઇચ્છા ધરાવતા હો તો એ બધા પ્રશ્નોના મૂળમાં પડેલ અનેક ઘટકોને એક પછી એક જીવાત અને સડાથી મુક્ત કરીને સમાજ રૂપી વટવૃક્ષને તંદુરસ્ત બનાવીએ, જેથી 'જહાં ડાલ ડાલ પર સોનેકી ચિડિયાં કરતી હૈ બસેરા વો ભારત દેશ હૈ મેરા' અધિકારપૂર્વક ગાઈ શકીએ. તે ઉપરાંત ભાવિ પેઢીને પણ આપણે 'સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા' એવું પૂરવાર કરી બતાવવું છે.

ooooooooooooooooooo

# ગાંધી ક્યાં ય નથી ગુજરાતમાં

**• આશા બૂચ**

થોડા વખત પહેલાં ભારતના એક ફિલ્મ નિર્માતા લલિત વાછાણીને ગાંધીજીની દાંડી કૂચના પગલે યાત્રા કરવાની પ્રેરણા થઈ. તેઓ અમદાવાદથી દાંડી ગયા, ત્યાં શું જોયું, સાંભળ્યું અને અનુભવ્યું એ વિશેનો દસ્તાવેજી કાર્યક્રમ In Search of Gandhi, BBC પર જોયેલો, તેના પરથી જે વિચારો સ્ફુર્યા તે વાચકો સમક્ષ રજૂ કરું છું.

ભારતમાં રહેનાર અને એની મુલાકાતે આવનાર વિદેશીઓને જરૂર અહેસાસ થયા વિના ન રહે કે ભારત એ અંતિમ વિરોધાભાસોનો દેશ છે. અહીં પ્રાકૃતિક વિવિધતાઓ અને વિરોધાભાસો તો છે જ, પરંતુ સાથે સાથે માનવ સર્જિત વિરોધાભાસોનો પણ પાર નથી. જ્યાં ગગનચુંબી ઈમારતો છે એના પડછાયામાં ઝૂંપડપટ્ટીઓ પણ છે, એક તરફ બેંગલોરમાં જંગી સિલીકોન વૅલી ફૂલે ફાલે છે, તો બીજી બાજુ ગામડાંઓમાં ધૂળી નિશાળોમાં રેતીની પાટી પર **ક ખ ગ** શીખવાય છે. જે લોકોને ગાંધીજી અને એમના પુરોગામી લોક નાયકોએ કરેલાં કાર્યો અને ચીંધેલા માર્ગો વિશે થોડી પણ જાણકારી હોય એમને આજે એનાથી તદ્દન વિરોધી સ્થિતિ જોવા મળે એવું ય બને. ઉપર ઉલ્લેખ કર્યો છે એ કાર્યક્રમમાં જોયું કે જે એલીસબ્રીજ પરથી ગાંધીજીએ તે વખતની અમદાવાદની પ્રજા સમક્ષ 'સમાજના દરેક સ્તરના લોકોને પોતાનું ભવિષ્ય ઘડવા માટે તક આપે એવી લોકશાહી શાસન વ્યવસ્થા ઊભી કરવા સારુ આ સ્વાતંત્ર્ય સંગ્રામ આદર્યો છે' એવી ઘોષણા કરેલી એ જ એલીસબ્રીજ નીચે આજે મોટી સંખ્યામાં લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે. ગરીબ વર્ગમાં કોઈ ઉચ્ચ-નીચ નથી, કોઈ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ નથી, એ સૌ સમાન રીતે ગરીબ છે. એ લોકો પૂછે છે કે આવી લોકશાહી લાવવા માટે સ્વતંત્રતા માગેલી?

અમદાવાદમાં એક તરફ 'પીરામીડ' જેવાં યુરોપ-અમેરિકામાં હોય છે એવાં અત્યંત ઝાકઝમાળવાળાં શૉપીંગ સેન્ટરો વધતાં જાય છે, તો બીજી બાજુ સાબરમતીના સૂકા પટમાં નાનાં બાળકો દોરડાં વણીને ગુજરાન ચલાવે છે. જોવાની વાત તો એ છે કે આપણને સૌને દોરડાંની જરૂરત તો હોય જ છે, પણ એ બનાવનારાઓ માટે જગ્યાની કોઈ સગવડ સરકાર કે બીજાં કોઈ સંગઠનોએ હજુ આજ સુધી કરી નથી. નરેન્દ્ર મોદીની સરકારે 'ગ્લોબલ ઇકોનોમી'ને હોંશે હોંશે ગુજરાતમાં મહેમાન તરીકે નોતરી છે. બહુરાષ્ટ્રીય કંપનીઓને 'સુપર મેગાસિટી' બનાવવાની મંજૂરી આપી છે. એને કારણે એલીસબ્રીજ નીચે ઝૂંપડપટ્ટીમાં વસતા લગભગ ૪૦ હજાર રહેવાસીઓ વિસ્થાપિત થશે. એમને ઘર કે રોજી-રોટીનાં સાધનો આપવા માટે કોઈ યોજના નથી કરવામાં આવી. કદાચ સરકારને મન એ લોકોનું કોઈ અસ્તિત્વ જ નથી. એ લોકો કહે છે, અમે બધા જોડા બનાવનારા, રસ્તો વાળનારા છીએ. અમારે માત્ર અમારી મજૂરી, ઝૂંપડી અને બે રોટી જોઈએ છે, મેગાસિટી નહીં, મેગાસિટીથી અમને શું મળે? ભૌતિકવાદ પાછળ દોડનારા મોટા શોપીંગ સેન્ટરમાં મ્હાલતા મૂડીવાદી લોકોને નરેન્દ્ર મોદીની નીતિ ગમે છે, જ્યારે ઝૂંપડપટ્ટીમાં રહેનાર કહે છે, 'શાયબ, એવી

મોટી કંપનીથી તો ગરીબ વધુ ગરીબ અને પૈશાદાર વધુ પૈશાદાર બને એટલું અમે તો જાણીએ'. આ સત્ય એ ગરીબ અને અભણ કહેવાતા લોકોને લાધ્યું છે પણ નરેન્દ્ર મોદીની સરકાર નથી જાણતી. સર્વોદય અને સમાજવાદી સમાજ રચનાની સ્થાપના કરવા ઇચ્છનાર ગાંધીજીના સાબરમતી આશ્રમની સાદાઈની સાથે આજના મૂડીવાદી ગુજરાતીઓ અને સમગ્ર ભારતવાસીઓની પૈસા પાછળની દોટ જોઈશું તો ભ્રષ્ટાચારનું મૂળ શામાં છે એ સમજાશે.

લલિત વાછાણી ગુજરાતમાં જ્ઞાતિવાદ કેટલે અંશે નંબૂદ થયો છે એ પણ જોવા માગતા હતા. રાજકીય સ્વતંત્રતા મેળવવાનો સંગ્રામ ચાલતો હતો એ સમયે સામાજિક દૂષણોથી છૂટકારો મેળવવાની ચળવળ પણ પૂરજોશમાં ચાલતી હતી. હિન્દુ ધર્મને લાંછન લગાડનારી અસ્પૃશ્યતાને નાબૂદ કરવા બધા સામાજિક અને રાજકીય નેતાઓ કટિબદ્ધ થયા હતા અને પરિણામે સ્વતંત્રતા મળ્યા પછી કહેવાતી નીચલી જ્ઞાતિઓ પ્રત્યેનું ભેદભાવભર્યું વર્તન દેરકાયદે ગણાશે એવા કાયદાઓ થયા એટલું જ નહીં પણ પછાત વર્ગ, નીચલી જ્ઞાતિઓ અને આદિવાસીઓ માટે શાળા-કૉલેજોમાં, સરકારી નોકરીઓમાં અને ધારાસભા તથા લોકસભામાં અનામત બેઠકો ફાળવવામાં આવી. પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞામાં નીચલામાં નીચલા સ્તરને સત્તા આપીશું એમ ઘોષિત કરાયેલું. એ સાચું પડશે એમ પછાત વર્ણ અને જનજાતિના સભ્યો તથા સામાજિક સમાનતામાં ખરા દિલથી શ્રદ્ધા ધરાવનારા લોકો માનતા હતા. પણ આજે ૬૦ વર્ષ પછી શું જોવા મળે છે? ડભાણ ગામના હરિજન વાસના જે કૂવા પર ગાંધીજી નાહ્યા હતા ત્યાં આજે એક ઘર બંધાયેલું છે, જેમાં કોઈ હરકત નથી. પરંતુ એ જ ગામની વાડીમાં, જ્યાં ગાંધીજીએ રાતવાસો કરેલો એ હવે પટેલોની લગ્નની વાડી તરીકે ઉપયોગમાં લેવાય છે. ત્યાં નીચલી જ્ઞાતિના લોકોને લગ્ન કરવાની મનાઈ છે કેમ કે 'ઢેઢ લોકોનું વર્તન સારું નથી, એ લોકો ગમાર છે, કોઈનું સાંભળે નહીં, જાનવર જેવું વર્તન કરીને વાડીને નુકસાન કરે છે' એમ સવર્ણો માને છે. દાંડી કૂચનાં સાક્ષી રહી ચૂકેલાં બહેનો કહે, 'અમને ઈંવડા ઈ ઈમના મંદિરમાં દર્શન ન કરવા દે, ભઈ ભોગવોંન બધોંના હરખા, માણહ પણ હરખા, લોહી બધોંનું હરખું તો અમને ચ્યમ ધક્કો મારે? ઉપરવાળાની મરજી' કહી, ગામના દવાખાનામાં સફાઈ કરવા ચલ્યા ગયાં.

જ્ઞાતિવાદ જેવો જ કોમવાદ પણ તંદુરસ્ત સમાજને વિભાજિત કરનારો રાક્ષસ છે, એમ ગાંધીજી બહુ સારી પેઠે જાણતા હતા. એમણે બન્ને કોમોને એક બીજાના ધર્મ, રીતરિવાજો અને રહેણી કરણી સમજીને હળી મળીને રહેવા અને મતભેદો વાટાઘાટો કરીને ઉકેલવા હંમેશા સમજાવ્યા. આજે છ દાયકા પછી એમના જ ગુજરાતમાં રમખાણો થયાં. જાણવા જેવી હકીકત એ છે કે ભાઈ વાછાણી સાથે વાત કરનાર મુસ્લિમ બહેનો અહિંસાની વ્યાખ્યા જાણે છે એટલે કહે 'આ ભા.જ.પ. અને શિવસેનાની વાતો સાવ પોકળ છે. અમારા મરદોને મારનારા હિન્દુઓને એક એક કરીને મારી નાખવાનું મન થાય છે, પણ એમ કરીએ તો અમે પણ એમના જેવા કહેવાઈએ' એમ કહીને પોતાને અને પોતાના સમાજને ખામોશ રહેવા સમજાવે છે. બીજા એક ગામમાં થોડા હિન્દુ યુવકો સાથે એમણે વાત કરી તો કહેવા લાગ્યા, 'હિન્દુઓ હવે નથી બીતા. આ મોદીએ સારું કર્યું. પેલા રમખાણ થયા પછી મુસલા બીએ છે, કોઈકે તો બીવું જોઈએ ને? આવાને ન મારીએ તો એ તો અમને બીજી વાર થપ્પડ મારી જાય.' દાંડી કૂચમાં ભાગ લેનારા કેટલાક સ્વાતંત્ર્ય સેનાની એમ માને છે કે 'આ મુસલા સુધર્યા નહીં. નર્યા રાક્ષસ છે, લુંટારા છે.' એમને મુસ્લિમો પ્રત્યે આજે આટલો રોષ કેમ છે? એ જ ગામનો એક દલિત કહેવાતો યુવાન પંચાયતનો સરપંચ છે (મહામુશ્કેલીથી ચૂંટાઈ આવ્યો છે). દાંડી યાત્રા હેરિટેજ રૂટ તૈયાર થાય છે જેને કારણે એ ગામની દુકાનો ખસેડવી પડશે. તે આ સરપંચ એ નાના વેપારીઓ માટે શૉપીંગ કોમ્પ્લેક્સ બંધાવે છે, એ જૂની ગટરો સાફ કરાવે છે અને ગામમાં નવાં જાજરૂઓ બંધાવે છે, તો સાચો ગાંધી પંથી એ ગણાવો જોઈએ. આ યાત્રા કરનારાઓને એ પણ જોવા મળ્યું કે હિન્દુ બહુમતી ધરાવનારાં ગામડાંઓમાં બન્ને કોમો વચ્ચે તનાવ બહુ છે, સંઘર્ષો અને તોફાનો પણ અવારનવાર થાય છે, જ્યારે મુસ્લિમોની બહુમતી ધરાવનાર ગામોમાં ગાંધીજીની એક પણ મૂર્તિ નથી અને અઢાર જાતિના લોકો રહે છે, પણ બધા સંપીને હળીમળીને રહે છે.

અમદાવાદથી ૨૫૦ માઈલની યાત્રા કર્યા પછી દાંડી પહોંચેલ લલિત વાછાણી જાણીતા સામાજિક કાર્યકર મોહનભાઈ દાંડીકરને મળ્યા. એમણે કહ્યું કે અમે જ્યાં મીઠાનો સત્યાગ્રહ થયેલો એની નજીક ચોખા ઉગાડીએ છીએ. સરકાર આ જમીન બહુરાષ્ટ્રીય કંપનીને મોટી પંચતારક હોટેલ બનાવવા માટે આપવા માગે છે. આ ગામડામાં કોને માટે પંચતારક હોટેલ બાંધવી છે? સરકાર કહે છે, અહીં દાંડીકૂચનું મ્યુઝિયમ કરવું છે. તો શું એ મ્યુઝિયમ જોવા આવનાર પરદેશી મુલાકાતીઓ માટે એ હોટેલ કરવા માગે છે? એમને તો ગાંધીની જેમ હરિજનવાસમાં રહેવા દેવા જોઈએ. ગાંધીના ચીંધેલા માર્ગે ચાલવું નથી અને તેનું મ્યુઝિયમ બનાવું છે. ગાંધીને આપણે સાવ અપ્રસ્તુત બનાવી નાખ્યા છે, એવું એમનું કહેવું સાવ સાચું છે.

લલિત વાછાણી લાગ્યું કે ગાંધી અને એમના આદર્શો કેટલા જીવંત રહ્યા છે એની શોધમાં તેઓ ગયેલા, તો એમને ગાંધીને બદલે મોદી મળ્યા. એમને એમ પણ લાગ્યું હશે કે ૧૯૪૮માં પહેલી વખત ગોડસેની ગોળીથી ગાંધી વિંધાયા અને આજે ફરી મૂડીવાદ, કોમવાદ અને જ્ઞાતિવાદમાં માનનારા સ્વાર્થપટુ ભારતવાસીઓ એમની હત્યા કરી રહ્યા છે. આવી નિરાશાની લાગણી સાથે યાત્રા પૂરી કરવા અમદાવાદ ગયા, ત્યારે જોયું કે ધોળી ચામડીને બદલે કાળી ચામડીના શોષણકર્તાઓના ગુલામ બનેલા ચમાર, મોચી, કુંભાર, ધોબી અને સુતાર વગેરે ધંધાઓ કરનારા લોકો 'હિન્દુ-મુસ્લિમ એક હૈ'ના નારા લગાવતા બહુરાષ્ટ્રીય કંપનીઓના પગપેસારાને કારણે એમની આજીવિકા અને રહેઠાણો પર તોળાઈ રહેલા ભયની સરકારને જાણ કરવા માટે સરઘસાકારે એલીસબ્રીજ પરથી પસાર થતા હતા. સમગ્ર યાત્રા દરમ્યાન ગુજરાતના પનોતા પુત્રને એના તમામ સિદ્ધાંતો સાથે ગુજરાતની જ પ્રજાએ તડીપાર કરી દીધા છે, એવો હતાશાજનક અહેસાસ લઈને પાછા ફરનાર આ યાત્રીએ જ્યારે આ સરઘસ આશ્રમ રોડ પરના ગાંધીજીના બાવલા પાસે પહોંચ્યું, ત્યારે મુસ્લિમ કોમના એક સજ્જને જે શ્રદ્ધા અને આદર સાથે એ બાવલાને સૂતરની આંટી પહેરાવી એ જોઈને ધન્ય થઈ ગયા હશે. વિદેશી મસીહા આવીને આપણને ગાંધી ચીધ્યા માર્ગે ચાલવાની પ્રેરણા આપે તે પહેલાં આપણે જ આપણા સહુનું હિત સમજીને એ રસ્તે ચાલીએ એમાં જ આપણી ભલાઈ છે.

• • • • • • • • • • • • • • •

# એકાદશ વ્રત

**• આશા બૂચ**

આદરણીય નારાયણભાઈ દેસાઈએ ઈ.સ. ૨૦૦૩ની સાલથી, આજ સુધીમાં, ભારતના લગભગ દરેક પ્રાંતોમાં, ઇન્ગ્લેન્ડ, અમેરિકા અને કેનેડામાં, કુલ મળીને આશરે ૭૦-૭૫, ગાંધીકથા કરી છે. ગાંધીજીનું જીવન અને કાર્ય ૨૧મી સદીમાં કેટલું પ્રસ્તુત છે, એની ચર્ચાઓ ઠેકઠેકાણે થવા લાગી છે. આ કથા સાંભળનારને ખ્યાલ આવ્યો હશે કે ગાંધીજીની મહાનતાનું રહસ્ય એમણે જે વાંચ્યું, જાણ્યું અને તેમાંથી જે યોગ્ય લાગ્યું તેને અમલમાં મૂકવાની એમની નીતિમાં છે. તેથી જ ઘણા શ્રોતાઓ 'ગાંધીજીના જીવનમાંથી હું શું શીખ્યો?' એવો પ્રશ્ન જાતને પૂછતા હશે. એક પરિવારના ચાર સભ્યો વચ્ચે થયેલ સંવાદ સાંભળવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું તે અહીં રજૂ કરું છું :

અમારા મિત્ર હેમેન્દ્રભાઈ એક મહાવિદ્યાલયમાં રાજનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા છે, એમનાં પત્ની શિવાંગીબહેન ગુજરાત સચિવાલયમાં એક વિભાગના વડા તરીકે ઘણાં વર્ષોથી કામ કરે છે. પુત્રી કાજલ ફાર્મેકોલોજીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે અને પુત્ર ધીરેન ૧૨માં ધોરણમાં ભણે છે અને ઇતિહાસ વિષય લઈને બી.એ. થયા પછી, વકીલાતનું ભણવા ધારે છે. આ પરિવારે ગાંધી કથા સાંભળ્યા પછી, પોતાના અભિપ્રાયો ચર્ચા કરી તે નીચે મુજબ છે.

**શિવાંગીબહેન :** ગાંધીકથા સાંભળવા ઘણા લોકો આવેલા અને બધાંને ખૂબ મજા પડી એ ખરું, પણ બીજે જ દિવસથી સૌ પોતાની ઘરેડમાં પડી જશે અને એમાંથી એક પણ વ્યક્તિ સાંભળેલ વાતોમાંથી કોઈ વિચારને આચરણમાં નહીં મૂકે એટલે મને એમ થાય કે નારાયણભાઈ અને એમના જેવા વિચારકો ગમે તેટલું લખે કે વકતવ્ય આપે એનો શું અર્થ?

**કાજલ :** મમ્મી, આ જમાનામાં દુનિયા આખીમાંથી કોઈ માણસ ગાંધીજીના પગલે ચાલી ન શકે. એમના વિષેની બધી વાતો તો આદર્શ માણસનું વર્તન કેવું હોય એ બતાવે છે. તું નકામી એવી અપેક્ષા રાખે છે કે થોડા માણસો પણ આવી કથા સાંભળીને ગાંધી વિચારનું અનુસરણ કરે.

**હેમેન્દ્રભાઈ :** કાજલ, તારી વાત સાવ સાચી નથી. જો, આપણે ગાંધીજીએ કહેલાં ૧૧ વ્રતોની વાત કરીએ તો આપણા જેવા લોકો એ બધાં નહીં તો થોડાં તો પાળી શકીએ ને?

**શિવાંગીબહેન :** વ્રત લેવાની વાત કરશો તો બહેનો સૌ પહેલી આગળ આવશે.

**હેમેન્દ્રભાઈ :** જો ને ધીરેન, નિયમો તો સત્તાધારી હોય તે ઘડે, જ્યારે વ્રત માણસ પોતે લે. નિયમો તોડવા માટે ઘણા લોકો બારી શોધે છે, જ્યારે

લીધેલ વ્રત અસાધારણ સંજોગો સિવાય કોઈ તોડે નહીં, એટલું જ નહીં પણ વ્રત પાળનારનો સૌ આદર કરે, એની સગવડ પણ સાચવે. નિયમો પાળનાર વ્યક્તિ નીતિવાન ગણાય, પણ વ્રત પાળનાર વ્યક્તિ આધ્યાત્મિક રીતે ઊંચી ભૂમિકા વાળી ગણાય અને સૌના આદરને પાત્ર બને ખરું ને?

**ધીરેન :** મમ્મી, દરેક માણસ નક્કી કરે કે મારા સંપર્કમાં આવનાર કોઈને હું મન-વચન-કર્મથી જાણી જોઈને આઘાત નહીં પહોંચાડું તો એણે અહિંસાનું પાલન કર્યું કહેવાય ને? જો કે તેમ કરવા માટે તેણે બીજાની વાત સાંભળવા અને સમજવાની ટેવ પાડવી પડે અને પોતાના મનના ક્રોધ પર કાબૂ લાવવો રહે જે સાચું કહું, મને તો થોડું મુશ્કેલ લાગે છે ભઈ. ધારું તો કોશિષ જરૂર કરી શકું. આમ દરેક વ્યક્તિ પરસ્પરના સંબંધોમાં અહિંસા પાળવા લાગે તો કુટુંબોમાં ઝઘડા ન રહે, એવી જ રીતે ગામના અને બહોળા સમાજના પ્રશ્નો શાંતિથી ઉકેલ અને પછી તો દેશના અંદર અંદરના અને બીજા દેશ સાથેના પ્રશ્નો પણ હિંસક લડાઈ વિના જ ઉકેલી શકાય.

**શિવાંગીબહેન :** બીજું વ્રત તે સત્યાચરણ કરવાનું છે. બાળકને નાનપણથી જ સાચું વિચારવાની, સાચું બોલવની અને સાચું આચરવાની ટેવ પાડવી જરૂરી છે. ભયથી ખોટું બોલતાં શીખે, માટે આપણે દરેકને સલામત વાતાવરણ પૂરું પાડવું જોઈએ જેમાં દરેક વ્યક્તિ નીડર બનીને સાચું બોલી શકે. જો કુટુંબના, શાળાના અને કામના સ્થળના બધા અધિકારીઓ સાથે મળીને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડે તો આ વ્રત પાળવાની આદત નાનપણથી પડે. બાળકની આ ટેવ આપણા ચરિત્રમાં દૃઢ થઈ જાય, એટલે પુખ્ત વયના બધા જ લોકો કુટુંબ, ગામ, દેશ અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સત્યાચરણ કરવા શક્તિમાન બને.

**કાજલ :** બસ હવે. સત્ય અને અહિંસાને આંતરરાષ્ટ્રીય સ્તરે અમલમાં મૂકાતી જોવાનું સ્વપ્ન જોવાનું તમે બન્ને રહેવા દો. મને તો આ અસ્તેયના વ્રતનો વિચાર આવે છે. આપણા જેવા માણસો તો ચોરી - પૈસાની ચોરી નથી કરતા હોતા, પણ આપણી આસપાસ ઘણા લોકો સમયની ચોરી, કામ ચોરી, દિલ ચોરી વગેરે કરતા હોય છે જેનાથી નિષ્ઠા વિનાના લોકો વચ્ચે જીવતાં હોઈએ એવું લાગે અને તેને કારણે સહુના જીવન પર માઠી અસર પણ થાય જ. બાકી ધંધાદારી ચોર લોકો પોતે તો મોટે ભાગે ગરીબીમાંથી છૂટવા માટે ન છૂટકે ચોરી કરે છે એટલે એ લોકો પોતે તો આ વ્રત કેમ લઈ શકે? જ્યારે સંપત્તિની ન્યાયી અને સમાન વહેંચણી થાય એવી અર્થ વ્યવસ્થા ગોઠવાય ત્યારે દરેક સ્તરે ચોરી થતી અટકે, પણ ત્યાં સુધી જેમ બને તેમ વધુ લોકો ઉપર કહી તે તમામ પ્રકારની ચોરી ન કરવાનું વ્રત લે એ શક્ય છે જ.

**શિવાંગીબહેન :** હેમેન્દ્ર, ચોથું વ્રત એવું છે કે જેની આપણાં સંતાનો પાસે વાત કરતાં મને તો સંકોચ થાય છે. તમે કેમ મૌન છો?

**હેમેન્દ્રભાઈ :** બ્રહ્મચર્યનો ખ્યાલ ઘણો ગંભીર અને ઊંડો વિચાર માગી લે છે. તેનું અર્થ ઘટન દરેક ધર્મ અને સમાજના લોકો અલગ અલગ ભૂમિકા પર કરી શકે. આધુનિક યુગમાં લગ્ન પૂર્વેના જાતીય સંબંધોને કારણે સામાજિક મૂલ્યોનું થતું ખંડન, HIV AIDSનું વધતું પ્રમાણ, કુંવારી માતાઓની વધતી સંખ્યા તથા અવિકસિત અને વિકાસ પામતા દેશોમાં વધતી જતી જનસંખ્યાને રોકવા માટે સરકારો તથા સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ યુવાનોને જાતીય શિક્ષણ આપે છે, આધુનિક પ્રસારનાં માધ્યમોથી વૈજ્ઞાનિક હકીકતોનો પ્રચાર થાય છે, અરે, સંતતિ-નિયમન માટે કાયદાઓ ઘડીને એનું ચુસ્ત પણે પાલન કરાવવા જેવા અનેકવિધ પ્રયત્નો ઘણી સરકારોએ કરેલા છે. આમ છતાં સામાજિક મૂલ્યોનું ધોવાણ, રોગોથી થતાં મૃત્યુની વધતી સંખ્યા અને વસ્તી વધારાને કારણે પેદા થતા પ્રશ્નો વધતા જ રહે છે, એટલે એમ થાય છે કે અભ્યાસ કાળ દરમ્યાન અને લગ્ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્યના પાલનથી થતા શારીરિક, બૌદ્ધિક, નૈતિક અને સામાજિક ફાયદાઓ તમામ યુવક-યુવતીઓને સમજાવવા અનિવાર્ય છે. જો કે આ વ્રતનું પાલન કદાચ મોટા ભાગના લોકો માટે સૌથી અઘરું પૂરવાર થઈ શકે.

**કાજલ :** મમ્મી, અસંગ્રહના વ્રતના પાલનમાં કોણ, સ્ત્રી જીતે કે પુરુષ? જો ને, તારી પાસે જેટલી સાડીઓ, ઘરેણાં, ઘરનું રાચરચીલું છે તેટલું પાપાજી પાસે નથી. આમ પણ મોટું ઘર હોય, એમાં મોંઘું રાચરચીલું વસાવ્યું હોય, મોટર, ફ્રીજ વગેરે જેવાં સુવિધાનાં સાધનો વસાવવાની ઘેલછા પણ બહેનોમાં વધુ હોય છે, એમ મને તો લાગે છે.

**શિવાંગીબહેન :** જોજે હોં, સંઘરાખોરીનું આળ માત્ર સ્ત્રી જાતિ પર ન મૂકતી. સંગ્રહ કરવા પાછળ પૈસાનો લોભ, પોતાને બીજા કરતાં મળતા વધુ લાભો, માન, પદ અને સત્તાના મોહની વૃત્તિ હોય છે અને એમાં તો બાપ રે, પુરુષોને કોઈ ન પહોંચે. આજે ધનાઢ્ય વેપારીઓ, બેંકના ડાયરેક્ટરો વગેરેનો તો રાફડો ફાટ્યો છે, જે બધા ધન સંચય પાછળ પાગલ થયા છે એમાના મોટા ભાગના પુરુષો જ છે. એ ખોબા જેટલા લોકોની સંઘરાખોરીને પરિણામે દરિયા ભરાય તેટલા લોકો ભૂખે મરે જ છે ને? દરેક વ્યક્તિ અને કુટુંબ પોતાના ભરણપોષણ પૂરતાં રોટી-કપડાં-મકાન મેળવવા કોઈ વ્યવસાય કરે અને વૃદ્ધાવસ્થાની જોગવાઈ થાય તથા એકાદ-બે શોખની જાળવણી થાય એટલું જ ધન કમાવાની ઝંખના રાખે, તો, બેટા, આ દુનિયા સ્વર્ગ થઈ જાય. આજની મોંઘવારીમાં સ્વમાનથી જીવવા અસંગ્રહનું વ્રત લીધા વિના છૂટકો જ નથી.

**ધીરેન :** આ શરીરશ્રમની વ્યાખ્યા જીમ્નેઝિયમમાં જઈને કસરત કરવી, એવી કરીએ, તો આધુનિક, પૈસાદાર લોકો એનું પાલન કરે છે. વળી ખેડૂતો અને મજૂરોને પણ આજીવિકા મેળવવા ફરજિયાત શ્રમ કરવો પડે છે. બાકી રહ્યા શહેરોમાં રહેતા મધ્યમ વર્ગના લોકો, જેમની પાસે જીમમાં જઈને ટ્રેડમીલ પર ચાલવાના પૈસા કે સમય નથી અને જીવનધોરણ સુધારવા પૈસા કમાવા પાછળ એટલી દોટ મૂકવી પડે છે કે નીચલા વર્ગને ઘરનું કામ સોંપીને પોતે બેઠાડું જીવન જીવતા થયા છે. આવા મધ્યમ વર્ગની સંખ્યા વધતી જાય છે, પરિણામે જીવન પદ્ધતિ સંબંધિત રોગો, જેવા કે બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હૃદયરોગ, કેન્સર વગેરેનું પ્રમાણ વધતું જાય છે. શ્રમનો મહિમા ઘટ્યો, એના પ્રત્યેની સૂગ વધી એટલે શ્રમ કરનારનું શોષણ પણ વધ્યું અને અસમાનતા ય વધી. વિચાર કરતાં લાગે છે કે મારી પેઢીને ય હવે બધાં કામ જાતે કરવાની, અને રોજના જીવનમાં મહેનત થાય એવું કામ કરવાની જોગવાઈ કરવાની જરૂર છે, એવું સમજાતું જાય છે, નહીં તો અમે અમારા માતા-પિતા કરતાં ઓછું આયુષ્ય ભોગવશું.

**શિવાંગીબહેન :** અરે, તો તો માતા-પિતા પોતાનાં સંતાનોને મૃત્યુ શૈયા પર પોઢતાં જુએ, અને તે પણ ભૂખમરા કે રોગને કારણે નહીં પણ કસરતમય જીવનના અભાવે? ના ભઈ, અમારે એ ન જોઈએ. કાલથી આપણા ઘરમાં બધાં કામોની વહેંચણી કરી જ લેશું.

**હેમેન્દ્રભાઈ :** અસ્વાદના વ્રતની વાત કરીએ તો જાણે એ વ્રત સાથે માત્ર સાધુઓને જ નાતો હોય એવું મનાય છે. મને યાદ છે કે અમે નાનપણમાં વડીલો પાસેથી સાંભળતાં કે 'ખાવા-પીવા માટે લપ-છપ શું કરવાની? આ જૈન અને બૌદ્ધ સાધુઓ જુઓ, ભિક્ષાની ઝોળીમાં જે કંઈ અપાયું હોય તે જુએ પણ નહીં અને કેવા પ્રેમથી આરોગે ? એને અસ્વાદ વ્રત ધારી કહેવાય.'

**શિવાંગીબહેન :** આપણે ધાર્મિક વ્રત કરીએ ત્યારે જે અમુક વસ્તુઓ ન ખાઈએ તે સંયમ છે, જ્યારે અસ્વાદનું વ્રત કોઈ પણ ખાદ્ય પદાર્થનો માત્ર ચટપટા સ્વાદ ખાતર ઉપભોગ ન કરવાનું કહે છે એવી મારી સમજણ છે. આજના જમાનામાં આધુનિકતાને નામે રેસ્ટોરન્ટમાં જમવું, તૈયાર વાનગીઓ ખરીદીને ખાવી, રસોઈયાના હાથની મસાલેદાર વાનગીઓ જમવી એ જાણે દરેક મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગની જીવન રીતિ થઈ ગઈ છે. વધુ પડતા ચરબી યુક્ત ખોરાકથી વધતા જતા ડાયાબીટીસ, હૃદયરોગ અને વિવિધ પ્રકારના કેન્સરના રોગોથી બચવું હોય તો સમજણ પૂર્વક અસ્વાદનું વ્રત લઈને સમતોલ આહાર તરફ વળવું સલાહ ભર્યું લાગે છે. આપણે બધાં આ વ્રતનું પાલન કરી શકીએ.

**ધીરેન :** દીદી, ભયવર્જનનું વ્રત તારા જેવી બીકણ છોકરીઓએ ખાસ લેવા જેવું છે.

**કાજલ :** અરે ભઈલા, જરા સમજ, સર્વત્ર ભયવર્જન કહ્યું છે એટલે બધી જગ્યાએ ભય ન અનુભવાય એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ એમ હું તો માનું છું. પાપાજી, કુટુમ્બ, સમાજ, ધર્મ અને રાજકારણ એવાં બધાં ક્ષેત્રે કોઈ પણ વ્યક્તિ અને એકમ કોઈ પણ પ્રકારનો ભય પોતે ન અનુભવે અને બીજાને પણ ભયભીત ન બનાવે તેવો જ આ વ્રતનો અર્થ કરીએ તો એ બરાબર છે ને? અને આ વ્રત તો અત્યારે તમામ રાજકારણીઓ, સત્તાધારીઓ, ધાર્મિક વડાઓ, સમાજના અગ્રણીઓ અને કુટુમ્બના વડાઓએ તત્કાળ ગ્રહણ કરવું જોઈએ. તેઓ પોતાના સંપર્કમાં આવનાર તમામને ભયમુક્ત કરે તે જરૂરી છે જેથી જગતમાં દરેક ક્ષેત્રે શાંતિ સ્થપાય.

**હેમેન્દ્રભાઈ :** તારી વાત ખરી છે કાજલ. ધર્મને નામે, મૂડીવાદ પાછળની આંધળી દોટને પરિણામે અને સત્તાધારીઓના સત્તા ટકાવી રાખવાના લોભને કારણે અકારણ ભયનું વાતાવરણ ઊભું થાય છે, જેથી આતંકવાદ પ્રસરે, લઘુમતિ-બહુમતિ કોમ પરસ્પરનો પદ્ધતિસરનો વિનાશ કરે અને આંતરરાષ્ટ્રીય લડાઈઓ વધતી જોવા મળે છે. એ અભય વ્રતના પાલનથી જ અંકુશમાં લાવી શકાશે. આમ જુઓ તો અસમાનતા - પછી તે આર્થિક, ધાર્મિક, જાતિગત કે સામાજિક હોય તેનાથી પણ ભયની લાગણી પોષાય છે એટલે નવમા વ્રત તરીકે

સર્વધર્મ સમભાવ કેળવવાનો સમય પાક્યો છે. આચાર્ય વિનોબાજીતો એક ડગલું આગળ વધીને 'સર્વધર્મ મમભાવ' કેળવવાનો આગ્રહ રાખતા. દરેક ધર્મના મૂળ તત્ત્વની જાણકારી મેળવવી, પોતાના ધર્મના સિદ્ધાંતોનું બુદ્ધિપૂર્વક અર્થઘટન કરીને એનું પાલન કરવાથી વ્યક્તિથી માંડીને સમષ્ટિને ફાયદો જ થશે.

**શિવાંગીબહેન :** દસમું વ્રત તે સ્વદેશીનું છે. આપણે એમ કહી શકીએ કે એ તો અંગ્રેજી સામ્રાજ્યની પકડમાંથી છૂટવા તે વખતે સ્વદેશી વસ્તુઓનો વપરાશ કરવો જરૂરી હતો, હવે તેની જરૂર નથી. આપણને આજે મશીનોથી બનતી, સસ્તી અને વિપુલ પ્રમાણમાં મળતી સુખ સગવડ આપતી વસ્તુઓ વાપરવાની આદત પડી ગઈ છે. વાહન અને સંદેશા વ્યવહારનાં સાધનોનો વિકાસ થવાથી વિશ્વ નાનું બન્યું અને દુનિયાના કોઈ પણ ખૂણે વેપારી પોતાનો માલ પહોંચાડી શકીને ધનવાન થઈ શકે અને ગ્રાહકોને પણ બીજાના દેશમાં બનેલ ઉત્પાદનનો લાભ મળે એટલે global villageના ખ્યાલને બે હાથે છાતી સરસો ચાંપીને સ્વદેશીના વિચારને ભારતે ભોંયતળિયે દાટી દીધો છે. પણ વિદેશી માલના મોહપાશમાં જકડાવાથી પોતાના દેશના ઉદ્યોગો-ધંધાઓ માંદા પડીને મરવા પડ્યા છે. આથી જ તો હવે પશ્ચિમના દેશોમાં પણ પૂર્વના વિકસતા દેશોને આપેલ નોકરીની તકો પાછી લઈને પોતાના નાગરિકોને આપવાનું વલણ પ્રચલિત થવાનું જાણ્યું છે. બ્રિટન જેવા કેટલાક દેશોને તો પોતાના દેશમાં ઉત્પાદક ધંધાઓ કયા છે જેનાથી ઉત્પન્ન થતી વસ્તુઓ તેઓ નિકાસ કરી શકે એ શોધવા બેસવું પડે તેમ છે. મને તો લાગે છે કે લોકો હવે પોતાનાં ભાંડુઓને બેકાર બનતા જુએ છે, માલની પેદાશની હેરા-ફેરીથી પ્રદૂષણ વધે છે અને આડતિયાઓના બેફામ શોષણના ભોગ બને છે એટલે સ્થાનિક અને સ્વદેશી પેદાશો વાપરવા તરફનું વલણ પ્રબળ થતું જશે.

**કાજલ :** પાપાજી, 'સ્પર્શ ભાવના' એ તે કંઈ વ્રતનું નામ હોઈ શકે? ક્યા ધર્મમાં સ્પર્શ કરવાનું વ્રત લેવાતું હશે? મારી પેઢીના લોકોને નામ પરથી એ વ્રત કેમ પાળી શકાય એની જાણ પણ નહીં હોય અને ધીરેન, તારી સાથે શરત લગાવું કે તારી પેઢીના યુવક-યુવતીઓ તો એનો કંઈક જુદોજ અર્થ કરશે.

**હેમેન્દ્રભાઈ :** હા, શરમની વાત એ છે કે હિન્દુ ધર્મ પાળનારાઓએ જ મુખ્યત્વે આ સ્પર્શા સ્પર્શના ખ્યાલને સમજણપૂર્વક દૂર કરીને પોતાના જ ધર્મના લોકોને સમાન તકો આપી, પોતાના સમાજમાં સમાવિષ્ટ કરવાની જરૂર છે. જો કે આ વ્રત માત્ર ઉચ્ચ-નીચ જ્ઞાતિની જ નહિ, શ્વેત-અશ્વેત પ્રજા, દેશ-વિદેશના નાગરિકો અને વર્ગો વચ્ચેના ભેદભાવમાં માનનારા તમામ લોકોએ લેવું જરૂરી છે જેથી દરેક સ્તરે સમાનતા સ્થપાય, જેનાથી મૈત્રીનું અને નિર્ભયતાનું વાતાવરણ પ્રસરે. આમ થશે તો જ ન્યાયી સમાજ રચાશે અને શાંતિ સ્થપાશે. આપણા જેવા કુટુમ્બના લોકો શક્ય એટલા પ્રમાણમાં આ વ્રતોનું પાલન કરે, પોતાના પરિચયમાં આવનાર બધાને પણ એમાં જોડાવાનું આમંત્રણ આપે અને એ લોકો પણ પોતાના મિત્રો-કુટુમ્બીઓને સાથે લેતા આવે, તો એમ કરતાં ઘણી મોટી સંખ્યાના લોકો જીવનના સાચા માર્ગ પર ચાલતાં જોવા મળશે.

એક પરિવારની બે પેઢીઓ વચ્ચે થયેલ આ સંવાદ સાંભળ્યા પછી, મારો આશાવાદ પણ ફરી જાગૃત થયો છે. વિશ્વ આખામાં ચાલતી અંધાધુંધી, હિંસાખોરી અને લોભવૃત્તિથી ખદબદતા વાતાવરણને શુદ્ધ કરવું હોય, તો ચાલો, આપણે એક એવો યજ્ઞ કરીએ, જેમાં માનવ માત્રના બધા દુર્ગુણોને હોમીને, આ અગિયાર વ્રતો લેવાની પ્રતિજ્ઞા લેવાય, અને કોઈ ધર્મ, ભાષા કે દેશના નામે નહીં, પણ આ વ્રતધારીઓને નામે માનવ જાત ઓળખાય તેવું કરીએ.

[71 Half Edge Lane, Eccles, MANCHESTER M30 9AZ, U.K.]

## એ વિવાદના કેન્દ્રમાં મોદી નહોતા / પ્રવીણ ન. શેઠ

'હરખપદૂડાંની હૈયાપાટું' (વિપુલ કલ્યાણી, નિ. ૧૬-૮-૦૯)માં મારી અને જગદીશભાઈની આફ્રિકાની મુલાકાત સંદર્ભે આકરો (જોકે આડકતરો) ઊલ્લેખ જોયો. મારે સ્પષ્ટ કરવું જોઇએ કે બિપિનભાઇ સોનીના નિવાસસ્થાને અમે ઝરીના પટેલ અને ઝાહિદને ગુજરાતી ડાયસ્પોરા વિશે જાણવા સમજવા મળ્યા હતા અને નરેન્દ્ર મોદી ત્યારે થયેલી ચર્ચાવિચારણાનો વિષય નહોતા જ નહોતા. વિવાદમુદ્દો જુદો જ હતો. જયારે ઝરીના પટેલે કેટલાક આફ્રિકી દેશોમાં ભારતીય હાઈકમિશનો મુસ્લિમવિરોધી વલણ ધરાવતા હોવાનું કહ્યું ત્યારે મેં તેમને તેના દાખલા આપવા કહ્યું હતું. એક સુપ્રસિદ્ધ પત્રકાર તરફથી પરદેશમાં ભારતની સત્તાવાર હાજરી ને કામગીરી વિશે 'ઈન્સિન્યુએશન' કરાતાં હું ક્ષુબ્ધ ને ઉત્તેજિત થઇ ગયો હતો. લઘુમતીના આવા 'પર્સિક્યુશન કોમ્પ્લેક્સ' (બીજા કોઇ કિસ્સામાં, જેમ કે યુકે કે યુએસએમાં, ધારો કે તે હિંદુ લઘુમતીમાં પણ હોઇ શકે) બાબત તેમજ જવાબદાર સ્થળેથી કોઇ ગેરરજૂઆત અંગે મને સખત વાંધો છે. મારે દોહરાવવું જોઇએ કે મોદી તો ચિત્રમાં જ નહોતા. પણ ભારત ડિપ્લોમસીના ક્ષેત્રે જે ઊંચા ધોરણો જાળવવાની કોશિશ કરે છે તે અંગે કંઇક માહિતગાર હોવાને નાતે તેમજ એકંદર ડિપ્લોમેટિક સિનાર્યોના એક નિરીક્ષક તરીકે મને થયું હતું કે મારે ઝરીના પટેલથી વળતું દૃષ્ટિબદુ મૂકવું જોઇએ. બાકી આપણી પત્રકાર બિરાદરીના એક ડાયસ્પોરી સભ્ય તરીકે હું તમેને માટે જરૂર માન ધરાવું છું.

**("નિરીક્ષક", ૧/૧૬ સપ્ટેમ્બર ૨૦૦૯)**

## વાદ-સંવાદ

**ડૉ. પ્રવીણ ન. શેઠનો આ પત્ર અને ખુલાસાવાર અપાયેલા જવાબને, અહીં, સ-આદર ઊતાર્યા છે. વળી, મૂળ લેખમાંના એક ફકરાને સુધારાવધારા સાથે ફેર લખ્યો છે. અભ્યાસુ વાચકોને રસ પડશે જાણી, તે ય ફકરો અહીં લઈએ છીએ.**

**– તંત્રી**

### ઝરીના પટેલની વિશ્વસનીયતામાં વિશેષ શ્રદ્ધા

તંત્રીશ્રી : "નિરીક્ષક"

"નિરીક્ષક"ના ૧૬ સપ્ટેમ્બર ૨૦૦૯ના અંકમાં, પાન ૭ પરે, ડૉ. પ્રવીણ ન. શેઠનો પત્ર છપાયો છે. બહુ સરસ. 'હરખપદૂડાની હૈડાપાટુ' નામે મારા લેખમાં બંને વિદ્વાન મિત્રોનાં નામ દીધા નહોતા; અહીં પ્રવીણભાઈએ તે ખુદ તથા ડૉ. જગદીશ દવે સંદર્ભમાં હતા, તેવી રજૂઆત કરી છે. તેમના આ સ્વીકારની મને કદર છે.

ચર્ચાના કેન્દ્રવર્તી વિષય વિશે મારી રજૂઆત કરું, તે પહેલાં, પ્રવીણભાઈએ બે'ક મુદ્દાઓ ઊભા કર્યા છે, તે જોઈ તપાસી લઈએ : પ્રવીણભાઈ, બીજા ફકરાના આરંભે, સ્વીકારે છે : '..... હું ક્ષુબ્ધ ને ઉત્તેજિત થઈ ગયો હતો.' આપણે જ્યારે સંશોધન કામ માટે આ કે તે, બીજાત્રીજા દેશોમાં જઈએ ત્યારે યજમાનો સંગાથે ક્ષુબ્ધ બની ઉત્તેજિત બનાય ? એ યોગ્ય છે ? તે અવિવેક નથી ? મારા મૂળ લેખમાં તે મહત્ત્વની વાત છેડી જ છે.

બીજી વાત, પ્રવીણભાઈ નોંધે છે : 'પણ ભારત ડિપ્લોમસીના ક્ષેત્રે જે ઊંચા ધોરણો જાળવવાની કોશિશ કરે છે તે અંગે કંઈક માહિતગાર હોવાને નાતે તેમ જ એકંદર ડિપ્લોમેટિક સિનાર્યોના એક નિરીક્ષક તરીકે મને થયું હતું કે મારે ઝરીના પટેલથી વળતું દૃષ્ટિબિંદુ મૂકવું જોઈએ.'

પરંતુ તેને માટે ક્ષુબ્ધતા અને ઉત્તેજના શા માટે ? અધ્યાપકને અને સંશોધકને આ લગીર શોભાયમાન નથી.

વાત રહી ભારતના રાજદૂતાલયોની તેમ જ તેમના ઊંચા ધોરણોની. પ્રવીણભાઈ કઈ દુનિયાની, ભલા, વાત છેડે છે ? તે 'કંઈક માહિતગાર' હોઈ, દાખલા આપવામાંથી કેમ ટળ્યા ? ભારતના રાજદૂતાલયોની વરવી વલણના અનેક દાખલા દૃષ્ટાન્તો હું ય આપી શકું. પરદેશ વસેલા, ડાયસ્પોરામાં ઠેર ઠેર વિસ્તરેલા આપણી જમાતના અનેકના દાખલાઓ ટાંકીને કહી શકાશે કે પ્રવીણભાઈ કહે છે તેવા ઊંચ ધોરણો જવલ્લે જળવાય છે. ખમતીધરો સાથેનો કદાચ તેઓનાં વર્તન સલુકાઈભર્યા હોઈ શકે, બાકી અનેક પ્રકારની લઘુમતીઓ માટેનો વ્યવહાર ઘણા દાખલાઓમાં 'અવિવેકી' તેમ જ તુમાખવાળો જોવા મળે છે.

હવે રહી વાત, કેન્દ્રવર્તી વિષયની. આ કાગળ વિશેની પૂરતી છણાવટ ઝરીના પટેલ અને ઝહીદ રાજન સાથે હમણાં કરવાની તક મળી હતી. ખડખડાટ હસતાં હસતાં ઝરીનાબહેન કહેતાં જ હતાં, તે પ્રૉફેસર સાહેબ સાવ સાચા નથી. હા, અમે મુસ્લિમો સાથેનાં વિરોધી વલણની વાત કરી જ હતી અને અમારી પાસે તેના દાખલાઓ છે. વળી, 'એ વિવાદના કેન્દ્રમાં મોદી નહોતા' – તે સાચું છે જ નહીં; મોદીસાહેબ વિશે ય છણાવટ થયેલી અને પ્રાધ્યાપક છેડાઈ પડ્યા હતા.

મારા અનુભવ અનુસાર, ઝરીના પટેલની વિશ્વસનીયતામાં મને વિશેષ શ્રદ્ધા છે.

**– વિપુલ કલ્યાણી**

વેમ્બલી, ૨૫ સપ્ટેમ્બર ૨૦૦૯

આમ ગુરુચેલાનો ઘાટ ચાલ્યો. પરંતુ જોગ કમ થયો. તેનો રંજ માંહ્યલીકોર ખૂબ, પણ મોં હસતું રાખ્યે જ છૂટકો. ટૂંકામાં, આથી, ભલું થાજો કુમાર વિસ્મય આનંદનું અને સદાબહાર યુવાન નીલેશ શાહનું. કેમ કે હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યો. હા, અમે આફ્રિકે જઈ આવ્યા અને તેને અમારો મોક્ષ થયો જાણવો. અમે જો કે સીવી - બીવી રાખતા નથી; પરંતુ, હવે તે ય ઊભું કરવાનું છે. તેમ જ તેની યાદી પર 'આફ્રિકા રિટર્ન'નો સિક્કો પણ અમે ટટકારી દેવાના છીએ. કેટલાક, વળી, કરે છે તે દેખી દેખી, હવે, પેલી મિસ મૅયોની પેરે, ફટકારી દઈશું પાંચપંદર લેખો અને પછી એકાદી ચોપડી ગાંધીમહારાજ કહી - ગટર ઈન્સ્પેક્ટ્રસ જેવી છાપી મારીશું. ચોપડી વેચાય તેવાં લખણ જો કે નથી; તેથી વહેંચતાં જવાનાં. રખે, કો'ક અમને વાંચે અને અમને પોંખે ! પછી તો અમે સારસ્વત બનીઠની ચંદ્રકબંદ્રક સમેત અમરાપુરીમાં પોરસાઈશું. .... લ્યો, તંયે ભયો ભયો !

.... હા, વાચકરાજ્જા, આને નાગી હુશિયારીનો જ મામલો પરખવો. આ નિવૃત્તિકાળમાં 'નિવૃત્તિવેતન'માં જ આપણો વૈભવ નભે એવું સામાન્યપણે બનતું નથી. એટલે ફાંફાં મારવાં જ પડશે. જેમ જેમ ઉમ્મર વધતી જાય, તેમ તેમ આપ્તજનો, સ્વજનો અને સહોદરો ય ઓછાં હળેમળે. પંખીના માળામાંથી, પાંખ આવતાં, બચૂલિયાં પણ ઊડી ગયાં હોય; ચકી 'પાણી ભરવાં' ગઈ હોય અને ચકો 'આંખે પાટા બાંધી ઘંટૂડાના પડ હેઠળ સોડ' જ તાણતો રહે, તેવે તેવે વખતે, ડાફાં મારવાં ય કાંઈક તો કરવું જોઈશે ને ! .... ટૂંકામાં, આ દખના દહાડા કેમ વિતાવવા ?! ... વિચારતા સમજાયું કે આ 'ડાયસ્પોરા'વાળો પાટલો નાંખ્યો હોય તો જોગ થાય ! આમ સીધે સડક હાટડી માંડી દેવી. પછી ને, વારેપરબે આપણને કોઈકે ઓરવા નોતરશે, ભાષણ ફટકારવાનું કહી જાશે, સભા-સેમિનાર ગજવવાની હાકલ કરી જાશે. આમ, આપણું ચાલ્યું. આ 'ડાયસ્પોરિક' ડાકલું આ રસમે વગાડ્યા કરવું. આપણે તો નિરાંતવા, બસ, ધૂણિયા કરવું. અંગ્રેજોને પણ સમજવા માટે વિશેષ કાળજી લેવી પડે તેવી તેવી, અસ્ટમપસ્ટમ શબ્દાવલિઓવાળી, અંગ્રેજીમાં નિબંધ વાંચતા રહેવા. બીજી પા, ગુજરાતીને ઇતિહાસ સાથે બાર ગાઉનું છેટું પડે છે. તેની ભારે સરળતા બનવાની ! તેથીસ્તો, ગુજરાતીમાળુઓને ય ન સમજાય તેવી ગુજરાતી જબાનમાં, આછકલું મનોરંજન પીરસતાં રહીશું. ... હં ને ?! .... આમ ગાડું નાકની દાંડીએ સડસડાટ ચાલ્યું જ સમજવું. અમે ય આફ્રિકા વિશેના જાણકાર, તબલીગી તાલિબાન જાહેર થઈ જવાના, તેમ સમજજો, મહેરબાન ! ..... કોને ખબર – સપનાં ક્યારેક સાચાં થાય પણ ખરાં !!

••••••••••••••••••••••••••••••••••••

# ગુફતગૂ – – એતાનશ્રી

**• દીપક મહેતા**

આપણામાં એક કવિત પ્રચલિત છે:

**કાણાને કાણો નવ કહીએ, કડવાં લાગે વેણ,**
**હળવે રહીને પૂછીએ, શેણે ખોયાં નેણ.**

આપણા દેશમાં લખતી કે બોલતી વખતે આપણે આ શાણી શિખામણ ઝાઝી પાળતા નથી. પણ છેલ્લા થોડા વખતથી બ્રિટન અને અમેરિકામાં આ શિખામણનો અમલ જોરશોરથી શરૂ થયો છે અને અંગ્રેજી ભાષાની સાફસૂફી કરવાનું કામ ચાલી રહ્યું છે. છેલ્લા થોડા વખતથી ત્યાં 'પોલિટિકલી કરેક્ટ લેંગ્વેજ'નો વા વાયો છે. જે શબ્દો કે પ્રયોગો વાપરવાથી કોઈ પણ વર્ગ, જાતિ, સમૂહની લાગણી દુભાય તેમ હોય, પોતાને હલકા ચીતરવામાં આવે છે તેમ લાગે તેમ હોય એ શબ્દો અને પ્રયોગો ન વાપરતાં બીજા શબ્દો કે પ્રયોગો વાપરવા એટલે પોલિટિકલી કરેક્ટ લેંગ્વેજ વાપરવી. તેમાં અત્યારે ધ્યાન મુખ્યત્વે બે સમૂહો પર કેન્દ્રિત થયેલું છે સ્ત્રીઓ અને અશ્વેતો. આ પ્રવૃત્તિ અત્યારે એટલી ઉગ્ર બની છે કે 'મેનકાઈન્ડ', કોમન મેન, જેંટલમેન્સ એગ્રીમેન્ટ જેવા શબ્દો જેમાં પુરુષવાચક 'મેન' શબ્દ આવતો હોય તેને વ્યવહારમાંથી હાંકી કાઢવામાં આવી રહ્યા છે. તેને બદલે હ્યુમનકાઈન્ડ, કોમન પર્સન, જેન્ટલ પર્સન્સ એગ્રિમેન્ટ જેવા પ્રયોગો ચલણી બની રહ્યા છે. અરે, 'મેન ડેટ' જેવા શબ્દને બદલે 'ડિક્રી' વપરાવા લાગ્યો છે. ઘણા બધા શબ્દોને 'બ્લેકલિસ્ટ'માં મૂકવામાં આવ્યા છે. સોરી, બ્લેકલિસ્ટ' શબ્દ પણ 'નેગેટિવલિસ્ટ'ની યાદીમાં આવી ગયો છે. કારણ જેમ 'મેન' અળખામણો બન્યો છે તેમ જે જે શબ્દોમાં 'બ્લેક' કે 'વ્હાઈટ' શબ્દો આવતા હોય તેને પણ ચલણમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. એટલે 'બ્લેકલિસ્ટ' નહીં, 'નેગેટિવ લિસ્ટ' અને હા, હોઈ દગાખોર, છેહ દેનાર માણસને હવે 'બ્લેકશીપ' પણ કહી નહીં શકાય.

અને હા, જો તમે કોઈ સ્ત્રીને તમારી પોતાની પત્નીને પણ 'હાઉસવાઈફ' કહી તો તમારું આવી બનશે. કારણ આવી ઓળખથી સ્ત્રીને માઠું લાગે. એટલે તેને માટે 'ડોમેસ્ટિક એન્જિનિયર' શબ્દ વાપરવો. પણ 'હાઉસવાઈફ' કહેવાથી માઠું શા માટે લાગે? તો કહે છે 'હાઉસ' ધરાવવા માટે કોઈની 'વાઈફ' હોવું જરૂરી નથી.

અપરિણીત, છૂટાછેડા લીધેલી સ્ત્રીઓ પણ શું ઘર નથી ચલાવતી? બ્રિટનઅમેરિકાની ઘણી રેસ્ટોરન્ટના મેનૂકાર્ડ પર હવે તમને 'બ્લેક કોફી' પ્રયોગ પણ જોવા નહીં મળે. પહેલાં 'બ્લેક્સ તરીકે અને હવે 'આફ્રોઅમેરિકન' તરીકે ઓળખાતા લોકોને ઓછું આવે તો? એટલે તેને બદલે 'કોફી વિધાઉટ મિલ્ક' જોવા મળે છે! એવી જ રીતે પહેલાં જેને 'જિપ્સી સ્કર્ટ' કહેતા તેને હવે ટ્રાવેલર્સ સ્કર્ટ કહે છે. પોલિટિકલી કરેક્ટ લેંગ્વેજે હવે ખ્રિસ્તીધર્મ પર પણ નિશાન તાક્યું છે. બાઈબલમાંની રોજ બોલાતી પ્રાર્થનામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે: 'અવર મધર એન્ડ ફાધર હું આર ઈન હેવન' એમ બોલવાનું એકલા 'ફાધર' હેવનમાં કેમ હોય, 'મધર' પણ સાથે હોય જ ને. અને હવે તો બ્રિટનઅમેરિકામાં નાતાલના તહેવારો માટેના 'ક્રિસમસ' શબ્દને બદલે 'હોલીડે સીઝન' વાપરવાની હિમાયત થઈ રહી છે. કારણ? 'ક્રિસમસ' કહીએ તો બિનખ્રિસ્તીઓને ઓછું ન આવે? બ્રિટન અને અમેરિકામાં ક્રિસમસ ટાણે ટપાલ ખાતા તરફથી દરે વર્ષે જિસસ અને મધર મેરીનાં ચિત્રોવાળી ટિકિટો બહાર પાડવાની પરંપરા હતી. હવે આવી ટિકિટો બહાર પાડવાનું પણ બંધ થયું છે. પણ પોલિટિકલી કરેક્ટ લેંગ્વેજની હદ તો ત્યારે આવે છે જ્યારે 'ટેરરિસ્ટ' શબ્દ સામે હવે વાંધો ઉઠાવાયો છે? કેમ? ઘણા ખરા ટેરરિસ્ટ અમુક ચોક્કસ ધર્મના હોય છે, તો એ ધર્મના અનુયાયીઓની લાગણી દુભાઈ જાય ને! એટલે એમને 'ટેરરિસ્ટ' નહીં કહેવાના, 'મિસગાઈડેડ ક્રિમિનલ્સ' કહેવાના! આપણને તો કોઈ 'ગુજ્જુ' કે 'દાળભાત ખાઉ' કહે તો આપણે હસતે મોઢે સાંભળી લઈએ છીએ. આપણી ભાષામાં હજી પોલિટિકલી કરેક્ટ લેંગ્વેજનો આગ્રહ આવ્યો નથી. આવશે ત્યારે સૌથી પહેલાં કયા શબ્દને ભાષાવટો મળશે? 'પુરુષાર્થ' શબ્દને?

વૈજ્ઞાનિક અભિગમ અને રેશનલ વિચારના પ્રચાર પ્રસાર માટે મારા અને મારા મિત્રોના ચર્ચાપત્રો/લેખને મારો બ્લોગ 'અભિવ્યક્તિ' ઉપર સરળ ઊંઝા જોડણીમાં રજૂ કરવા હું વિનમ્ર પ્રયાસ કરી રહ્યો છું. મારા આ કાર્ય અને મારા બ્લોગની સરાહના બદલ આભાર.

"પ્રિયમિત્ર" સાપ્તાહિકના તંત્રી અને મારા મિત્ર સુરેશભાઈનો લેખ 'હવે સાહિત્યનું તીર્થ - નવસારી'ને "ઓપિનિયન"ના સળંગ અંક નં. ૧૧૩ પાના નં. ૧૯ ઉપર સ્થાન આપવા માટે તમારા અમે આભારી છીએ.

વિવિધ ક્ષેત્રના વિદ્વાનો ધરાવતા "ઓપિનિયન"ના પ્રબુધ્ધ લેખક વર્ગના વિચારોનો વિનિમય કરવામાં આવે છે, એ અત્યંત આવકાર્ય અને ખૂબ જ અને અભિનંદનીય છે.

**– ગોવિન્દ મારુ**

e.mail : govindmaru@yahoo.co.in

**હૈડા પાટુ ?** તે રતિભાઈની ડિક્શનરીનો **હડિયાપાટી** = સ્ત્રી૦ આમ તેમ દોડાદોડ; દોડધામ; હડીઓ કાઢવી તે તે જ કે બીજો ? બહુવચન મારે લખવું હોય તો હું **હડિયાપાટિયું** લખું.

**- દયાશંકર એમ. જોશી**

e.mail : dmjoshi1@gmail.com

## – તે હેતુ સિદ્ધ થયો કે નહીં ?

• કોઈ પણ સામયિક હાથમાં લઉં ત્યારે રસથી વાંચું. આ મારી ટેવ. ઑગસ્ટનો અંક સરસ છે. કાવ્યો તો સારાં છે જ. તેમાં ય દીપકભાઈનાં વિશેષ.

'હરખપદૂડાની હૈડાપાટુ' માટે સવાલ થયો કે 'હિન્દ સ્વરાજની શતાબ્દી' અન્વયે ગયા હતા તે હેતુ સિદ્ધ થયો કે નહીં ? એ વાત સ્પષ્ટ ન થઈ. તેમ આપણે રૂબરૂ પણ અસ્પષ્ટ રહ્યું. છતાં ય અનુભવ સારો રહ્યો અને ગુજરાતીઓ હજી ત્યાં ટકી રહ્યા છે, એમ સંતોષ લેવો રહ્યો.

નીરાબહેન, મંજુબહેન અને ક્ષેમુભાઈની વિદાયથી સાહિત્ય-સંગીતને ખોટ પડી. ભીખુભાઈ પારેખ, સનતભાઈ મહેતાના લેખ સાચા અને અસરકારક છે, અને અબ્દુલકાદરભાઈએ સરખેજના રોજાનું સ્થાપત્ય તાદૃશ્ય કરાવ્યું છે, તે ગમ્યું. હરનિશભાઈ જાનીની કલમ તો છે જ માતબર. વાસ્તવિક ચિત્ર આપણા લોકોનું વ્યક્ત થયું છે. છેલ્લી વાર્તાએ, આનંદરાવ લિંગાયતની, તો હૃદયને ભીંજવી દીધું. હૃદયસ્પર્શી વાર્તા છે. ધન્યવાદ પાઠવજો.

હા, – છેલ્લે, એક વાત, 'કોણ કહે છે ગુજરાતી ભાષા મરવા પડી છે' - લેખકનું નામ નથી. પણ પહેલાં વાંચેલાં ઉદાહરણો છે, એમ મને લાગ્યું. મારી એમને વિનંતી કે હું જરૂર જાણું છું કે ઘણી ભાષાઓમાંથી શબ્દો લીધા છે, પણ છતાં, આપણી ગુજરાતી ભાષા સ્વયં સમૃદ્ધ છે, તેની પાસે શબ્દભંડોળ વિશાળ છે - જીવંત રાખવા આવી ખીચડી જેવી ભાષા બોલવાથી તે મરવા નથી પડી એમ કેમ કહેવાય ? આશ્વાસન જરૂર લેવાય કે અમે ગુજરાતી બોલીએ છીએ !!

**— સરોજ અંજારિયા**

[71 Half Edge Lane, Eccles, MANCHESTER M30 9AZ, U.K.]

• તમારા મગજમાં રશિયા તાજાતર લાગે છે. યાર, દાસ્વે દાનિયા ! ફીર મિલેંગે હમ સભી, યાર દાસ્વે દાનિયા !

**– તુષાર ભટ્ટ**

e.mail : btusharster@gmail.com

## મારો વધુ એક દિવસ સારો ઊગ્યો

• બ્રિટનમાં ગુજરાતી ભાષા અને તેના ભાવિથી માંડી, બી.બી.સી.માંથી લેવાયેલી મેઘનાદ દેસાઈની હિન્દીમાં મુલાકાત, અને વળી, શ્રદ્ધાંજલીઓમાં પ્રધ્યુમ્ન તન્ના તથા અન્યને આપેલી અંજલીઓ, જશવંત સિંઘના પુસ્તક પરે લદાયેલા પ્રતિબંધ અંગેનો લેખ - આ સઘળું સારી કક્ષાનું વાંચન આપી જાય છે. ચાલો, મારો વધુ એક દિવસ સારો ઊગ્યો.

આ પહેલાંના મે અંકમાં, ભદ્રા વડગામાનો ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય અંગેનો લેખ સારો દસ્તાવેજી લેખ છે. તેમણે ઘણી વિગતોને વણી લીધી છે અને સારું વિવેચન આપ્યું છે.

મારાં બે નાટકો - 'નર્મદ - મારી હકીકત' અને 'અમૃત કેશવ નાયક' પ્રકાશિત થયાં છે. નર્મદ તો ૭૦ વાર ભજવાયું છે. અમેરિકામાં મારાં સાતેક અંગ્રેજી નાટકો ય પ્રગટ થયાં છે.

**- હરીશ ત્રિવેદી**

e.mail : indiafound@earthlink.net

## મારું અગત્યનું અંગ છેદાઈ ગયું છે

• વિનય કવિને અંજલિ આપતો તમારો લેખ સારો થયો હતો. અમે તેમને વિનુ તરીકે બોલાવતા. અમારી નિશાળના દિવસોથી અમે બહુ નજીકના મિત્રો રહ્યા હતા. મુંબઈની કબીબાઈ હાઇ સ્કૂલમાં અમે એક જ બાંકડે બેસતા. વળી, ગિરગામમાં અમે નજીક નજીક રહેતા. અમે ટ્રામમાં સાથે જ નિશાળે જતા. અમે સુખ અને દુઃખ પણ વહેંચ્યાં છે. તેમના પિતા જીવણલાલકાકાએ તેમને 'કવિ' અટક આપેલી. તેમના અન્ય ભાઈઓ, ચન્દ્રકાન્ત, પરિમલ વગેરેએ 'બ્રહ્મભટ્ટ' અટક જાળવી જ છે. જીવણલાલકાકા નાટ્યલેખક હતા. તેમણે 'દેશી નાટક સમાજ' માટે બે નાટકો લખેલાં. આમાંથી જ્યારે તેમને માનધન મળતું, ત્યારે તે બાદશાહની પેઠે રહેતા, બાકીના દિવસો તેમના માટે કઠણાઈના હતા.

તેમના સાળાઓ પૂર્વ આફ્રિકામાં સારી રીતે ગોઠવાઈ ગયેલા હતા. તેમણે ૧૯૫૩માં આ આખા કુટુંબને આફ્રિકે તેડાવી લીધેલું. આવું છતાં, વિનય કવિ સાથે અમારે છેવટ લગી સંબંધ જળવાઈ રહેલો. તેમનાં કેટલાંક પુસ્તકોનાં પ્રકાશનમાં, સહાયક રહેલો. પુસ્તકો ય લેસ્ટર પાર્સલ કરેલાં તેમ સાંભરે છે.

તેમના અવસાનના સમાચારથી હું હલબલી ગયેલો. મારો એક ઉત્તમ ભાઈબંધ ચાલી નીકળ્યો છે. ઇંગ્લૅન્ડ ભણીનો મારો દરવાજો હવે ભીડાઈ ગયો છે. થાય છે કે મારું અગત્યનું એક અંદ છેદાઈ ગયું છે.

**- કિશન શાહ**

[A-101, Mahalaxmi Apartment, Parel, MUMBAI, India]
e.mail : shahsanitation@yahoo.in

**'એતાનશ્રી' સ્થંભ માટે આવેલા અનેક કાગળોને, પરિસ્થિતિવસાત્, લઈ શકાયા નથી. દરગુજર કરશો. હળવે હળવે તેને તેનું સ્થાન મળશે જ. : તંત્રી**

## આ લાગુ પાડી શકાય

• મારા કાવ્યસંગ્રહ 'ઈતર' વિષે અનેકોએ કહ્યું કે કાવ્યો સરસ લાગ્યાં – ગમ્યાં. ચાલો, એનો આનંદ. પરંતુ, 'ઈતર'માં જે ગમ્યું, જે જે કાવ્યો સરસ લાગ્યાં તે શાને ? તથા અમુક તમુક કાવ્ય વિષે કોઈને કંઈક કહેવા જેવું પણ લાગે તો એ શા માટે ? આમ જ્યાં જ્યાં અભિપ્રેત હોય ત્યાં યોગ્ય અવલોકન આવકાર્ય ગણાય. – કોઈ પણ પુસ્તકના અવલોકનને / રસાસ્વાદને આ લાગુ પડી શકે.

આવું અવલોકન, ૧૭ જુલાઈના, 'હેરૉ વિમેન્સ ઍસોસિયેશન'નાં સભ્ય બહેનોનાં પુસ્તક વિમોચન (ચિનગારી, વંદન તુજને મા, ઈતર) ગ્રંથાવલોકન કાર્યક્રમમાં, ભદ્રાબહેન વડગામાએ મારા કાવ્યસંગ્રહ 'ઈતર'નો પરિચય, રસાસ્વાદ તટસ્થપણે કરાવ્યો. ધન્યવાદ, ભદ્રાબહેન ! વિશેષે, 'વિનાશ' કાવ્યના અંતર્ગત ભાવની તેમની રજૂઆતે મારી આંખો ભીની કરી દીધી.

**- નિરંજના દેસાઈ**

[60 Wilson Gardens, WEST HARROW, Middlesex HA1 4DZ, U.K.]

## ગુજરાતી ભાષાની ગરિમા વધી

• ભારતીય સંસ્કૃતિ અનુસાર, કોઈ પણ એક કાર્યમાં સતત એકનિષ્ઠાભાવથી બાર વર્ષ એકાગ્રપણે કાર્યરત રહે તો તો એ એક 'તપ' ગણાય છે. તમે "ઓપિનિયન" દ્વારા સતત બાર વર્ષથી વધુ સમય માટે ગુજરાતી સાહિત્યની સેવા કરી એક અખંડ તપની આરાધના કરી છે. તેના માટે તમને લાખ લાખ ધન્યવાદ !

"ઓપિનિયન"નો દરેક અંક કંઈક નવા ઉન્મેષ સાથે આવિષ્કાર પામે છે. તે રીતે, માર્ચ ૨૦૦૯ના અંકમાં, ગોંડલના રાજવી ભગવતસિંહજીને યાદ કર્યા છે. તેઓ અનેક ગુણોથી અલંકૃત પ્રતિભા સંપન્ન લોક કલ્યાણકારી રાજવી હતા. એટલું જ નહીં પરંતુ 'ભગવત ગોમંડલ' જેવા મહાન ગ્રંથરાજની રચના કરી. આ વાતો લખી તે અંતરને સ્પર્શી ગઈ છે. આ ગ્રંથ દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યની અદ્દભુત સેવા કરી, ગુજરાતી ભાષાની ગરિમા વધારી છે.

વિશેષમાં, આ ગ્રંથનું રતિભાઈ ચંદરિયા તથા તેમના સાથીઓ મળી ડિજિટલાઈઝેશન મારફત તેના તાત્પર્યને રજૂ કરે છે. આ સેવા દ્વારા ગુજરાતીઓની વિશેષ સેવા થશે. આ માટે ભાવ વ્યક્ત કરવા શબ્દો ઓછા પડે છે. ફક્ત એનો આનંદ વ્યક્ત કરું છું.

આ અંકમાં, તમે જણાવ્યું છે તેમ તમારાં માતા રાધાબહેનનો સ્મૃતિ ઓચ્છવ ઉજવાયો. કહ્યું છે કે માતાપિતાના ચરણોમાં ૬૮ તીરથ સમાયેલા છે. એવાં તીર્થસ્વરૂપ માને, અંતરના ભાવે, નમસ્કાર કરીએ. આમ, અનેક વૈવિધ્યસભર વાનગીઓનો રસથાળ પીરસાયો છે, તે માણ્યો છે.

**- લલિતા શાહ**

(પ્રમુખ, શ્રી કસ્તૂરબા સ્ત્રી વિકાસગૃહ, કસ્તૂરબા ગાંધી માર્ગ, જામનગર - ૩૬૧ ૦૦૮, ભારત)

• ઍપ્રિલ અંકમાં, મારા વિશેની નોંધ તમે લીધી છે, તેને મારું ગૌરવ સમજું છું. આભાર. "ધ વીક" સામયિકના, તાજેતરના અંકમાં મારો એક લેખ આવ્યો છે. ૨૦૦૨માં જે કંઈ થયું તે અંગે નરેન્દ્ર મોદીને માફી માગવા મેં અરજ ગુજારી છે. પછી તેમને માફ કરવા માટે મુસ્લિમ બિરાદરીને હું સમજાવીશ. આ એક માત્ર રીતે જ ગુજરાત પરના આ કાળા ડિબાંગ વાદળો વિખેરી શકાશે.

**- જૂઝાર એસ. બંદૂકવાળા**

e.mail : drbandukwala@yahoo.co.in

# ‘અંગ્રેજીના મોહમાં ગુજરાતીને શા માટે તરછોડો છો?’

• ગૌરાંગ વૈદ્ય



જનવેમ્બરે તેમને ૮૫મું વર્ષ બેસશે, પણ તેમનાં હોંકારમાં યુવાનોને ય શરમાવે તેવો ઉમળકો અકબંધ છે. ચહેરા પર બાળક જેવું મુગ્ધ હાસ્ય રેલાય છે. એમને મળીએ એ જ ઘડીએ એવી હુંફ, એવી શાતાનો અહેસાસ થાય છે જાણે ઘેઘૂર વડલાની છાયાએ બેઠાં હોઈએ! હા, આપણે વાત કરી રહ્યા છીએ ગુજરાતીઓની બબ્બે પેઢીઓનાં ઘડતરમાં યોગદાન આપનાર ફાધર કાર્લોસ જી. વૉલેસની.

ગુજરાત સાથેનો એમનો ઋણાનુબંધ જુઓ, ૧ મે, ૧૯૬૦ એટલે ગુજરાતનો સ્થાપના દિન અને બરાબર એ જ દિવસે ફાધર વાલેસે સૌ પ્રથમ વખત અમદાવાદમાં પગ મૂક્યો હતો. જાણે નવોદિત શિશુના સંસ્કારઘડતર માટે નિયતિએ જ તેમને અહીં મોકલ્યા ન હોય! એ ઈશ્વરનિર્મિત ફરજ સળંગ ૪૦ વર્ષ સુધી બજાવી, સ્પેનમાં સ્થાયી થયા બાદ, પુનઃ ‘માદરેવતન’ની મુલાકાતે આવેલાં ફાધર વાલેસને અન્યત્ર મળવું અને એમની કર્મભૂમિ સમી સેન્ટ ઝેવિયર્સ કોલેજના આંગણામાં મળવું એ બે વચ્ચે કેટલો તફાવત છે, એ અનુભવે જ સમજાય. સ્પેનિશ કાર્લોસ જી. વાલેસ અહીં પગ મૂકે છે એ સાથે ફાધર વાલેસ બની જાય છે.

‘પંખો થોડો ફાસ્ટ ફરે છે, તમને ફાવશે ને?’, ‘માફ કરશો, પણ વચ્ચે એકાદ ફોન આવે તો આપણી વાતચીતમાં ખલેલ નહિ પહોંચે ને?’, ‘મને થોડું ઓછું સંભળાય છે, તમને મોટેથી બોલવામાં તકલીફ તો નહિ પડે ને?’ મુલાકાતના પ્રારંભે જ તેમણે કહેલાં વાક્યો, તેમને અન્યથી અલગ પંકિતએ મુઠ્ઠી ઊંચેરા સ્થાને મૂકી આપે છે. લાંબી ગોષ્ઠિ દરમિયાન યુરોપમાં જન્મેલાં, ઉછરેલાં, ભણેલાં ફાધરના મોંએથી સમ ખાવા પૂરતો ય એકેય અંગ્રેજી શબ્દ આવતો નથી.

‘મારા મા-બાપે મને કહેલું કે ‘તું જે કરે તે સારી રીતે કરજે અને પૂર્ણ રીતે કરજે. અધરું કે કાચું ન કરીશ અને જે કંઇ કરે તે ઉત્તમ રીતે કરજે.’ આ સંસ્કારોનું ભાથું લઈને જ હું ગુજરાત આવ્યો હતો. ગુજરાત આવતા પહેલાં જ મેં નિર્ધાર કરેલો કે હું માત્ર ગુજરાતી બોલતાં જ નહીં, લખતા પણ શીખીશ. બસ, એ નિર્ધારના કારણે જ ગુજરાતે કાયમ મને પોતીકો કરી લીધો છે.’ ગુજરાતીઓની નવી પેઢી અંગ્રેજીના આંધળા અનુકરણમાં ગુજરાતી વિસરી રહી છે, એનું દુઃખ એમને ભારોભાર વર્તાય છે.

તેઓ કહે છે, ‘ભાષા અને સંસ્કૃતિ એકમેકથી અભિન્ન છે. જો ભાષા જાય તો સંસ્કૃતિ પણ જાય જ. અને સંસ્કૃતિ વિસરાય તેના જેવી ખોટ બીજી એકે ય નથી. પોતાની ભાષા સાથે બીજી અન્ય ભાષા પણ આવડે તો તેમાં કોઇ ખોટ જતી નથી. પણ અંગ્રેજી માટે તમે ગુજરાતીને શા માટે તરછોડો છો? આજના અંગ્રેજી વળગણના જમાનામાં ગુજરાતી ભાષા સાથે બાળકોને જોડી રાખવા કપરું કામ છે પણ જો સંસ્કૃતિ બચાવવી હશે તો બાળકોને અંગ્રેજી સાથે માતૃભાષા ગુજરાતી સાથે પણ જોડવા ખૂબ જરૂરી છે.’

ગુજરાતીઓના સંસ્કારઘડતરમાં અનેરૂં પ્રદાન કરી ચૂકેલા ફાધર વાલેસને ગુજરાતી નવી પેઢીના વર્તન અને વ્યવહારથી પણ થોડી નિરાશા થઈ છે. તેઓ કહે છે, ‘અમારા વખતના અને આજના યુવાનોમાં બહુ મોટો ફેર આવ્યો છે. આજના યુવાનો પર મા-બાપનો આગ્રહ કરવાનો અધિકાર લગભગ જતો રહ્યો છે. નવી પેઢી સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ વિસરી ચૂકી છે. શિસ્ત, આજ્ઞાપાલન, સમયપાલન, ચોકસાઇ જેવા ગુણો તો શી ખબર, કયાંય ગાયબ થઈ ગયા છે.

છોકરાં-છોકરીઓ પોતાનો એક સમૂહ બનાવીને તેને જ આદર આપે છે. મા-બાપને આદર આપતાં નથી, જેને લીધે ઘણા કુરિવાજોનો પગપેસારો થવા લાગ્યો છે. આ બધાના મૂળમાં, મને લાગે છે કે, માતૃભાષા પ્રત્યે ઓછો થતો આદર જવાબદાર છે.’ પણ તેનાં માટે શું થઈ શકે? નવી પેઢીને કઈ રીતે પરંપરાના સંસ્કારો પ્રત્યે વાળી શકાય? જવાબમાં આજીવન પ્રાધ્યાપક કહે છે, ‘આટલાં વર્ષોના અનુભવ પછી મને લાગે છે કે જીવનમાં શીખવાડવાનો કોઇ અર્થ નથી. જીવન પોતે જે શીખવે એ જ સાચું શિક્ષણ.

આજનો યુવાન અસંતોષી બન્યો છે. હું જવાન હતો ત્યારે મને ખૂબ સંતોષ હતો. મા-બાપ અને ધર્મ એ બે મારા આધારો હતા. જયારે આજના યુવાનના જીવનમાં આ બંને આધારો ઓછા થઇ ગયા છે. ભારતીય ભાષાનો અગત્યનો શબ્દ ‘વિવેક’ આજના છોકરા-છોકરીઓમાં હું જોતો નથી. યુવાનોને સંસ્કૃતિના સંસ્કાર આપવા માટે શિક્ષકો, અધ્યાપકો અને યુવાને પોતે સક્રિયતા દાખવવી પડશે. તો જ આમાં સુધારો આવશે.’

અમદાવાદને પોતાનું પિયર ગણતાં ફાધર વાલેસ શહેરની મુલાકાતથી અનુભવાતી ખુશાલી છુટ્ટા હાથે વેરે છે. ‘અમદાવાદ તો આજે ય એનું એ જ છે. શહેરની આકાશરેખા અને ક્ષિતિજ બદલાઈ છે. કદાચ શરીર બદલાયું છે પણ આત્મા એનો એ જ છે. એ હજુ ય ‘મારું અમદાવાદ’ છે. જો કે મારા અમદાવાદને અનોખું બનાવતી બાબત કયાંક ખોવાઈ ગઈ છે.

હવે એ મકાનો અને ભીડનું શહેર બનવા લાગ્યું છે. હા, માણેકચોક, સાંકડીશેરી, સાબરમતી આશ્રમ, રતનપોળ જેવી વિશિષ્ટતાઓ બચી છે. પણ આજે તમને ઘણા વધારે અમદાવાદી એવા પણ મળી આવે જેણે રતનપોળમાં પગ જ ન મૂકયો હોય. મારા અમદાવાદના વસવાટ દરમિયાન હું પોળમાં રહ્યો છું પણ આજે ઝેવિયર્સનો કોઇ અધ્યાપક પોળમાં રહેતો હોય તેવું બનતું નથી. પોળોમાં જે સંપર્ક હતો તે હવે રહ્યો નથી.’

આજીવન પ્રાધ્યાપક રહેલાં ફાધર વાલેસ અંગત જિંદગીમાં આજીવન વિદ્યાર્થી પણ છે. આયુષ્યની પાનખરમાં તેમણે એક જરૂરિયાત તરીકે કમ્પ્યૂટર શીખવાનું શરૂ કરેલું. આજે તેઓ રોજ ચારેક કલાક કમ્પ્યૂટરના સાન્નિધ્યમાં વિતાવે છે. ઈન્ટરનેટનો ગાઢ ઉપયોગ કરે છે. અને લેખન પણ કમ્પ્યૂટર પર જ કરતાં રહે છે. તેઓ સરસ સ્મિત સાથે કહે છે, ‘કમ્પ્યૂટરના આગમનથી મારું જીવન બદલાઈ ગયું છે. ખરૂં કહું તો, વૃદ્ધાવસ્થામાં મને નવી પ્રવૃત્તિ મળી છે.’

**જયાં વસવું ત્યાનું લખવું** : હવે તમારા ગુજરાતી પુસ્તકો કેમ નથી આવતાં તેના જવાબમાં ફાધર કહે છે કે હું મોટેભાગે મારી આસપાસના જીવન પરથી જ લખું છું. હું જે જોઉં છું કે અનુભવું છું તેના પરથી જ પુસ્તક કરું છું. હું જયારે ગુજરાતમાં હતો ત્યારે ગુજરાતની સંસ્કૃતિને સ્પર્શતા ગુજરાતી પુસ્તકો આપ્યા. હવે હું સ્પેનમાં છું, ત્યાંની ધરતીની વાતને લઈને પુસ્તકો લખું છું.

**સ્પેનમાં નિત્યક્રમ :** સ્પેનમાં હું સવારે ૭ વાગ્યે ઊઠી જાઉં છું. પ્રાર્થના, ધ્યાન અને ૧ કલાક ફરવા જાઉં છું પછી સ્નાન અને નાસ્તો પતાવી કમ્પ્યૂટર પર બેસું છું. બપોરે જમી થોડો આરામ કરવાનો. સાંજે મિત્રો સાથે ફરવા જવાનું અને સામાજિક કામો પતાવવાના. રાત્રે ૧૨ વાગ્યા પહેલા હું સૂતો નથી. ૧૨ વાગ્યા સુધી હું ખૂબ વાંચું છું.

સમય વીતી રહ્યો છે. ફાધરને મળવા માટે બહાર રાહ જોઈને ઊભેલાં વિધાર્થીઓની અરસપરસની વાતચીત, અનાયાસે, અમારા કાને પડે છે, ‘નવરાત્રીમાં તેં શું બાય કર્યું?’ અમને થાય છે કે ‘સારું છે, ફાધરને ઉંમરના કારણે ઓછું સંભળાય છે.’ વિખૂટા પડતી વખતે અમે પૂછીએ છીએ, ‘ફાધર, ફરી કયારે અહીં આવશો?’ જવાબમાં એમનાં ચહેરા પર પણ ગ્લાનિની થોડી રેખા અંકાઈ જાય છે, ‘એ તો કેમ કહી શકું? પણ અહીં આવવાની ઈચ્છા તો કાયમ રહેશે.’

ના ફાધર, તમે જરૂર આવજો. ખરીદી કરવાને બદલે ‘બાય’ કરતી અમારી નવી પેઢીને તમારી તીવ્ર જરૂર છે.’

**‘સવાયા દીકરા’: દેવેન્દ્ર પીર :** ૮૪ વર્ષના ફાધર વાલેસના તમામ શિડયૂલની દેખરેખ ફિલાડેલ્ફિયાવાસી ચાર્ટડ ઍકાઉન્ટન્ટ દેવેન્દ્ર પીર એક દીકરાની જેમ રાખે છે. વિદેશમાં સ્થાયી યુવાનોના મનોજગતમાં ભારતીયતા ખોળતાં ફાધરના નવા પુસ્તક ‘ટુ કન્ટ્રીઝ વન લાઈફ’ના મુખ્ય પ્રેરકબળ દેવેન્દ્ર પીર છે. દેવેન્દ્રભાઈ ફાધરના વાચકમાંથી ચાહક અને પછી સાથી બન્યા.

ફાધરની અવસ્થાને ધ્યાનમાં રાખીને તેઓ ફાધરના તમામ શેડયુલ સેટ કરે છે. ફાધરની ગુજરાત યાત્રામાં તક મળ્યે સતત યાદગીરીરૂપ તસવીરો ખેંચતા રહેલા દેવેન્દ્રભાઈ કહે છે કે કોઈ પણ માણસ ફાધરને મળ્યા વિનો ન રહે, તેનો ખ્યાલ રાખું છું, પણ હવે ફાધરને ઉમરને કારણે વિરામ પણ આપવો પડે છે.

**વિધાપીઠની એ સભા હું કયારેય નહી ભૂલું... :** ‘શનિવાર, ૨૬ સપ્ટેમ્બર,૨૦૦૯ના રોજ ગુજરાત વિધાપીઠ ખાતે યોજાયેલા મારા પુસ્તક ‘ટુ કન્ટ્રીઝ વન લાઈફ’ના વિમોચન વખતે યોજાયેલો મારો સત્કાર સમારંભ હું કયારે ય ભૂલી શકવાનો નથી. અને ભૂલી જવા માંગતો પણ નથી.(આમ બોલતા જ તેઓનો સાદ ગળગળો થઈ જાય છે.) એ સભામાં મારા વિશે બોલનારા પણ ખૂબ સુંદર બોલ્યાં. આ આદર અને પ્રેમ કદી ભૂલાશે નહીં. હું તેને સાથે લઈને અહીંથી જાઉં છું.’

**(સદ્ભાવ : મનસુખલાલ શાહની ખાંખતે મેળવેલું)**

# યહ કહાની હૈ દીયે કી ઔર તૂફાન કી .....

**© વિપુલ કલ્યાણી**

હા, એમનું નામ લ્યુદ્‌મિલા સાવેલ્યેવા. પાટનગર મસ્કવા મહાનગરની દક્ષિણે, કલ્યુત્સ્કયા નામધારી એક પરગણું છે. ઝાઝું દૂર નહીં; ફક્ત ૧૩૦ કિલોમીટરના પંથે, વાહનથી બે'ક કલાકે પહોંચાય એટલે દૂર, તરુશા નામનું રળિયામણું ગામ છે. નયનરમ્ય તેમ જ જોતાં આંખ ઠરે તેવી ઓકા નામક વિશાળ નદીને કાંઠે. ત્યાં, આ બાઈ માણસે તપ આદર્યું છે. ટૂંકામાં, આ માવડીએ 'દોમ દેત્સ્કોગો ત્વોર્ચેસ્ત્વા' નામે એક જીવંત આશ્રમ અહીં રચ્યો છે. અને તે 'દોમ દેત્સ્કોગો ત્વોર્ચેસ્ત્વા' (યાને કે Friends of India Club એટલે કે ભારત મૈત્રી મંડળ) વિશેની તેમ જ લ્યુદ્‌મિલા સાવેલ્યેવાની દોમદોમ વાતો હવે પછી.

ડુંગળીના એક પછી એક પડની જેમ ઈતિહાસ ઉખેડીએ તો સમજાય છે કે યૂરી મિકાઈલોવિચ નામના એક રાજકુમારે ઇ.સ. ૧૨૪૬ના અરસામાં, આ ગામની રચના કરેલી. તેરથી પંદરમા સૈકા દરમિયાન રૂસી ગામોની જેવી રચના કરવામાં આવતી એ મુજબની આ ગામની ભાગોળ આજે ય જોવા મળે છે. આ ગામની સીમમાં જ ઓકા નદીમાં ધસમસતી તરુસ્કા નદી સમાઈ જાય છે. એ બંને નદીના ખીણ પ્રદેશમાં ટેકરીઓ પરે આ ગામ વિસ્તરેલું છે.ક્રિમિયાના તાર્તારોની ધૂસરીને, રૂસી જમીન પરેથી ફગાવી દેવાને સારુ, આ ગામે, વળી, સક્રિય યોગદાન આપેલું, તેમ ઈતિહાસ કહે છે.

તરુશાની પાદરે, સન ૧૭૯૦માં, બંધાયેલું પિટર પોલનું સોહામણું દેવળ છે. આ ગામ રૂસી સંસ્કૃતિનું ય એક કેન્દ્ર છે. વિશ્વ વિખ્યાત રૂસી કવયિત્રી મરિના ત્સ્વેતયેવા(૧૮૯૨-૧૯૪૧)નું આ મથક હતું. 'તરુશાની પાનખર' નામની એમની જગવિખ્યાત કવિતા અહીં જ લખાઈ હતી. ગામમાં એમની સ્મૃતિને જાળવતું એક સરસ નાનકડું, પરંતુ ખાસ સંગ્રહાલય પણ ઊભું કરવામાં આવ્યું છે. 'યુનેસ્કો'એ ૧૯૯૨માં આ કવયિત્રીની સ્મૃતિમાં 'મરિના ત્સ્વેતયેવા વર્ષ'ની ઉજવણી જાહેર કરેલી. વળી, જાણીતા રૂસી કળાકાર વિક્તર બોરિસોવ-મુસાતોવનું ય આ મથક. એ જ્યાં બેસીને પોતાનાં ચિત્રો ચીતરતાં એ સ્થળ પર, ઓકા નદીને કાંઠે, આ ચિત્રકારની સમાધિનું રળિયામણું, સોહામણું સ્થાન પણ છે. અહીંથી આજે "અક્તયાબર" (ઑક્ટોબર) નામે રૂસી ભાષામાં એક સામયિક પણ બહાર પડે છે.

બીજા વિશ્વયુદ્ધને આ મુલકમાં રાષ્ટ્રયુદ્ધ લેખવામાં આવે છે. આજે પણ અનેક લોકો આ યુદ્ધની ગાથાઓ કહેતાં ફરે છે. આ યુદ્ધના અનેક સ્મારકો પણ તરુશામાં ઠેકઠેકાણે જોવા સાંપડે છે.

વારુ, જે દિવસોમાં ગુજરાતના પ્રબુદ્ધ વિચારક, પત્રકાર પ્રકાશ ન. શાહ અને હું તરુશા હતા, ત્યારે "અક્તયાબર" સામયિકમાં એક હેવાલ છપાયો હતો : હિંદ જોડાજોડ એક નિજી યાત્રા. પ્રકાશભાઈ અને મારી સાથે થયેલી વાતચીતનો પણ તેમાં હવાલો હતો. 'પ્રગતિ પ્રકાશન'નાં એક મુખ્ય સંપાદક માર્ગરિટા તારવેર્દોવા તથા અમારા યજમાન અને હિન્દની સ્વતંત્રતાની લડતના એક સૈનિક તેમ જ જાણીતા અનુવાદક - લેખક અતુલ સવાણી અમારી મંડળીમાં બીજાં સભ્યો હતાં. અમારી મુલાકાત વેળા, મંડળમાં યોજાયેલા ખાસ આવકાર અવસરની વિગતો અને ફોટાઓ ય તેમાં સામેલ હતાં. "અક્તયાબર" સામયિકનાં તંત્રી ગલિના પ્લુશ્ચેવ્સ્કાયા લખતાં હતાં : આ પ્રાંતિક ગામે ચાલતી આ તદ્દન અનોખી મંડળીની આવી બધી પ્રવૃત્તિઓ ભારે રસપ્રદ રહેવા પામી છે. વરસોથી આ મંડળ બાળકો માટેની સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરતાં આ કેન્દ્રમાં મળતું રહ્યું છે. બાળકોમાં અહીં તેણે અલાયદો રસ ઊભો કર્યો છે. આ મંડળમાંથી પહેલી પેઢી ક્યારની તૈયાર થઈને જગતને આંબવા બહાર પડી છે. હવે તેને સ્થાને, દર સાલ બને છે તેમ, દર પાનખરે, નવી પેઢી પ્રવેશ મેળવે છે.

## ઓ રસિયા ! આ રશિયા !!



આ મંડળની દેખભાળ લ્યુદ્‌મિલા સાવેલ્યેવા કરે છે; અને એમના ખુદનાં જ માર્ગદર્શન હેઠળ, બાળકોને અંગ્રેજી અને હિન્દી ભણાવવામાં આવે છે. લ્યુદ્‌મિલાબહેન દૂર સુદૂર આવેલા હિંદ નામે મુલકની મહાન સંસ્કૃતિની યુવાનોને સમજણ આપે છે. સૂરજ ઊગે અને જેમ કમળ ખીલી ઊઠે છે, તેમ સ્નેહ અને સ્મિત વેરતાં વેરતાં લ્યુદ્‌મિલાબહેન, માનવકુળનાં વિધવિધ પાસાંઓની કેળવણી, આવતી કાલની પેઢીને આપતાં રહે છે. ભારત શા પુરાણા દેશની સંસ્કૃતિ આપણા આ રશિયા શા દેશ સાથે કેવો તાળોમેળો રાખે છે, તે અનુભવતા ખૂબ આનંદ થાય છે, તેમ પણ ગલિનાબહેન લખતાં હતાં.

લ્યુદ્‌મિલા સાવેલ્યેવા તપસ્વિની છે. એમણે દાયકાઓથી તપ આદરેલું છે. ભારતીય અભ્યાસનાં એ જબ્બર જ્ઞાતા છે. ગુજરાતમાં અમદાવાદ ખાતે 'ગુજરાત યુનિવર્સિટી'માં, ૧૯૭૩-૭૪માં, એમણે અભ્યાસ કરેલો. ગલિના પ્લુશ્ચેવ્સ્કાયા મગરૂરીથી કહેતાં હતાં તેમ, મહાત્મા ગાંધીની જબાન ગુજરાતી પર લ્યુદ્‌મિલાબહેન ઊંડો કાબૂ ધરાવે છે. તે દિવસોમાં, મોસ્કોમાં 'પ્રગતિ પ્રકાશન'ની ધમધોકાર પ્રવૃત્તિ ચાલતી. તેના ગુજરાતી વિભાગમાં એમણે ધ્યાનાકર્ષક સેવાઓ આપેલી. રૂસી સાહિત્યની ચૂનંદી કૃતિઓને ગુજરાતી સુધી પહોંચાડનારાઓમાં એમનો ય ફાળો રહ્યો છે. વળી, ભારતની રાષ્ટ્રભાષા હિન્દીની પણ એમને સારી એવી હથોટી છે. ગુજરાતને અને ગુજરાતી જમાતને એ પોતાનો વિસ્તૃત પરિવાર લેખતાં રહ્યાં છે. અને આથીસ્તો, ૩૦ ઑગસ્ટ ૨૦૦૭નો તરુશામાંનો આ અવસર ઉમદા ઉત્સવ બની રહ્યો.

ભારત મૈત્રી મંડળનાં બાળકોએ તે દિવસે કમાલ કરી. એમણે તુલસીકૃત 'રામાયણ'માંથી, સીતાહરણની ઘટનાને, હિન્દી માધ્યમથી રજૂ કરી. કન્યકાઓ સરસ મજાની રંગબેરંગી સાડીઓમાં પરિધાન થયેલી. નૃત્યનાટિકા પછી, તે દરેક અમારી સાથે વાતે વળગી. અને બધી જ વાતો હિન્દી જબાનમાં જ ચાલી ! એક, વળી, મને કહે : તમે અદ્દલ અમીતાભ બચ્ચન જેવા જ લાગો છો ! મારાથી રહેવાયું નહીં, મારો અહમ્ કૂદકા મારતો હશે; અને હું બોલી પડ્યો : કદાચ, અમીતાભ બચ્ચન મારા જેવા લાગે છે !

આ તરુશાવાસી યુવતીઓએ અને આ 'ફ્રેન્ડસ ઑવ્ ઇન્ડિયા ક્લબ' સાથે સંકળાયેલાં અનેક ગ્રામવાસીઓએ, અમારે માટે શુદ્ધ શાકાહારી ભાણું ય તૈયાર કરેલું. ચોખાના લોટમાં ઘીખાંડ મિશ્રિત મોદક બનાવેલા. સરસ મજાનો પુલાવ રાંધેલો. સરસ મજાની પાંઉરોટીનો ઢગ ખડકેલો. અને રશિયામાં ચોમેર ઊગતાં વિવિધ સફરજનો. વળી, લટકામાં. સ્થાનિક સ્તરે ઉપજતાં ફળોનો રસ અને ચા-કૉફી, બિસ્કીટ અને કેઇક. અમને તો જલસો થયો. અને આ મિજબાનીથી અતિથિદેવો ભારે તુષ્યમાન હતા. દરેક સાથે હળતાંભળતાં અમને સહજ આનંદ વર્તાતો હતો.

મિજબાની પછી મજલિસ જામી. અમે એકાદ બે ગુજરાતી કવિતાઓ અંગ્રેજી અનુવાદ સાથે રજૂ કરી. સોફિયા હખરાતોવાએ બેચાર રૂસી કવિતાઓની રમઝટ આપી. ગલિના પ્લુશ્ચેવ્સ્કાયાએ પણ શિશુ વયે સાંભળેલી એક કવિતા પેશ કરી. યુદ્ધ સમયની એક યુવતીની યાતનાની તેમાં કથા વણાયેલી હતી. આ બધું જોઈસાંભળી થતું હતું કે દરેક સમાજમાં કેટકેટલાં સામ્યો ભર્યાં પડ્યાં છે.

અને પછી ગામ જોયું. નદીના કિનારાઓ માણ્યા. ગામનું નાનું પણ અગત્યનું સંગ્રહાલય જોયું. બધી જ જગ્યાએ પેલી તરુણાઈ જોડાજોડ જ રહી. તે દરેક અમારી ખાતરબરદાસ્ત કરવામાં જાણે કે એકબીજાંની સરસાઈ કરતાં હતાં ! અને પછી વિદાય લેવાનો વખત આવ્યો. એ સઘળી બાળાઓ, ગામનાં કેટલાંક વાસીઓ, ગલિના પ્લુશ્ચેવ્સ્કાયા અને તેનાં સામિયકનાં સાથી પત્રકાર, અને અલબત્ત, લ્યુદ્‌મિલાબહેન અમને વિદાય આપવા બસ મથકે હાજર જ રહ્યાં. ગલિનાબહેન માર્ગરિટાબહેનને, અતુલભાઈને, પ્રકાશભાઈને તેમ જ મને કહેતાં હતાં : આને આખરી વિદાય લેખશો જ નહીં; અમારા સુંદર નયનરમ્ય ગામે તમે પાછા જરૂર આવજો, અમને મળજો. આખરી જુદાઈ જ કેવી ?

લ્યુદ્‌મિલાબહેનનું આ તપ, વળતે પ્રવાસે, સ્વાભાવિક, ચોમેર દોમદોમ પ્રકાશ પાથરતું રહ્યું હતું.

**પાનબીડું :**

એક રાત અંધિયારી, થી દિશાએં કારી - કારી
મંદ - મંદ પવન થા ચલ રહા
અંધિયારે કો મિટાને, જગ મેં જ્યોત જગાને
એક છોટા-સા દીયા થા કહીં જલ રહા
અપની ધૂન મેં મગન; ઉસકે તન મેં અગન
ઉસકી લૌ મેં લગન ભગવાન કી
યહ કહાની હૈ દીયે કી ઔર તૂફાન કી

**— ભરત વ્યાસ**

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

# પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી

એક હતો પોપટ. પોપટ બહુ જ ભલો ને ડાહ્યો હતો.

એક દિવસ પોપટને એની મા કહે - ભાઈ, કમાવા જા ને !

પોપટ તો 'ઠીક' કહી કમાવા ચાલ્યો. ચાલતાં ચાલતાં ખૂબ દૂર ગયો ત્યાં એક મોટું સરોવર આવ્યું. સરોવરની પાળે એક મજાનો આંબો હતો. તેના ઉપર પોપટ બેઠો.

આંબે કાચી અને પાકી ઘણી બધી કેરીઓ આવેલી. પોપટ કેરીઓ ખાય, આંબાડાળે હીંચકે ને ટહુકા કરે. ત્યાંથી એક ગાયોનો ગોવાળ નીકળ્યો. પોપટ ગાયોના ગોવાળને કહે -

એ ભાઈ ગાયોના ગોવાળ, ગાયોના ગોવાળ ! મારી માને એટલું કહેજે :

**પોપટ ભૂખ્યો નથી**
**પોપટ તરસ્યો નથી**
**પોપટ આંબાની ડાળ**
**પોપટ સરોવરની પાળ**
**પોપટ કાચી કેરી ખાય**
**પોપટ પાકી કેરી ખાય**
**પોપટ ટહુકા કરે**

ગોવાળ કહે - બાપુ ! આ ગાયો રેઢી મૂકીને હું તે તારી બાને કહેવા ક્યાં જાઉં ? તારે જોઈતી હોય તો આમાંથી એક સારી મજાની ગાય લઈ લે. પોપટે તો એક ગાય લીધી ને આંબાના થડે બાંધી દીધી.

થોડીક વાર થઈ ત્યાં તો ત્યાંથી ભેંશોનો ગોવાળ નીકળ્યો. પોપટ ભેંશોના ગોવાળને કહે -

એ ભાઈ ભેંશોના ગોવાળ, ભાઈ ભેંશોના ગોવાળ ! મારી માને એટલું કહેજે :

**પોપટ ભૂખ્યો નથી**
**પોપટ તરસ્યો નથી**
**પોપટ આંબાની ડાળ**
**પોપટ સરોવરની પાળ**
**પોપટ કાચી કેરી ખાય**
**પોપટ પાકી કેરી ખાય**
**પોપટ ટહુકા કરે**

ભેંશોનો ગોવાળ કહે - બાપુ ! મારાથી તો કહેવા નહિ જવાય. તારે જોઈએ તો આમાંથી એક પાડિયાળી ભેંશ લઈ લે. પોપટે તો એક સારી મજાની ભેંશ લીધી ને આંબાના થડે બાંધી.

થોડીક વાર થઈ તો ત્યાંથી બકરાંનો ગોવાળ નીકળ્યો. પોપટ બકરાંના ગોવાળને કહે -

એ ભાઈ બકરાંના ગોવાળ, બકરાંના ગોવાળ ! મારી માને એટલું કહેજે :

**પોપટ ભૂખ્યો નથી**
**પોપટ તરસ્યો નથી**
**પોપટ આંબાની ડાળ**
**પોપટ સરોવરની પાળ**
**પોપટ કાચી કેરી ખાય**
**પોપટ પાકી કેરી ખાય**
**પોપટ ટહુકા કરે**

બકરાંનો ગોવાળ કહે - અરે બાપુ ! આ બકરાં રેઢા મૂકીને મારાથી તારી માને કહેવા નહિ જવાય. તારે જોઈએ તો બે-ચાર બકરાં લઈ લે. પોપટે તો બે-ચાર રૂપાળાં બકરાં લઈ લીધાં ને આંબાના થડે બાંધી દીધાં.

વળી ત્યાંથી ઘેટાંનો ગોવાળ નીકળ્યો. ઘેટાંના ગોવાળે પોપટને ચાર-પાંચ ઘેટાં આપ્યા.

પછી તો ત્યાંથી ઘોડાનો ગોવાળ, હાથીનો ગોવાળ અને સાંઢિયાનો ગોવાળ એક પછી એક નીકળ્યા. ઘોડાના ગોવાળે પોપટને એક ઘોડો આપ્યો. હાથીના ગોવાળે પોપટને એક હાથી આપ્યો. સાંઢિયાના ગોવાળે પોપટને એક સાંઢિયો આપ્યો.

પછી પોપટ તો ગાય, ભેંશ, બકરાં, ઘેટાં, ઘોડો, હાથી ને સાંઢિયો બધાંયને લઈને એક મોટા શહેરમાં આવ્યો. બધાંયને વેચી નાખ્યા એટલે એને તો ઘણાં બધા રૂપિયા મળ્યા. થોડાક રૂપિયાનું એણે સોનુ-રૂપું લીધું ને તેના ઘરેણાં ઘડાવ્યાં.

પછી એણે ઘરેણાં નાકમાં, કાનમાં ને ચાંચમાં પહેર્યા; બીજા રૂપિયાને પાંખમાં અને ચાંચમાં ભર્યા. પછી પોપટભાઈ ઘર ભણી ચાલ્યા. આવતાં આવતાં મોડી રાત થઈ ગઈ. ઘરનાં બધાં ઊંઘી ગયાં હતાં. પોપટે તો સાંકળ ખખડાવી માને સાદ કરીને કહ્યું -

**મા, મા !**
**બારણાં ઉઘાડો**
**પાથરણાં પથરાવો**
**ઢોલીડા ઢળાવો**
**શરણાઈઓ વગડાવો**
**પોપટભાઈ પાંખ ખંખેરે.**

મા બિચારી આખો દિવસ ઘરનું કામ કરી કરીને ખૂબ થાકી ગઈ હતી. કોણ આવ્યું છે તે એને બરાબર સમજાયું નહિ. એને થયું અત્યારે કોઈ ચોરબોર આવ્યો હશે ને ખોટું ખોટું બોલતો હશે. એણે તો બારણાં ઉઘાડ્યાં નહિ. પછી પોપટ કાકીને ઘેર ગયો. કાકીને ઘેર જઈને કહે -

**કાકી, કાકી !**
**બારણાં ઉઘાડો**
**પાથરણાં પથરાવો**
**ઢોલીડા ઢળાવો**
**શરણાઈઓ વગડાવો**
**પોપટભાઈ પાંખ ખંખેરે.**

કાકીએ તો સૂતાં સૂતાં જ સંભળાવી દીધું - અત્યારે અડધી રાતે કોઈ બારણાં ઉઘાડતું નથી. આવવું હોય તો સવારે આવજે. પછી પોપટ પોતાની બહેનના ઘેર ગયો. જઈને કહે -

**બહેન, બહેન !**
**બારણાં ઉઘાડો**
**પાથરણાં પથરાવો**
**ઢોલીડા ઢળાવો**
**શરણાઈઓ વગડાવો**
**પોપટભાઈ પાંખ ખંખેરે.**

બહેન કહે - અત્યારે કાળી રાતે તે મારો ભાઈ ક્યાંથી હોય ? ભાગી જા ! તું તો કોઈ ચોર લાગે છે. પછી પોપટ તો માસી, ફોઈબા વગેરે ઘણાં સગાંવહાલાંને ઘેર ગયો પણ કોઈએ બારણાં ઉઘાડ્યાં નહિ.

છેવટે પોપટ એની મોટીબાને ત્યાં ગયો. એની મોટીબા એને ખૂબ વહાલ કરતાં હતાં.

મોટીબાએ તો તરત પોપટનો સાદ ઓળખ્યો. તે કહે - આવી ગયો, મારા દીકરા ! આ આવી; લે બારણાં ઉઘાડું છું, બાપુ ! પછી બારણાં ઉઘાડ્યાં એટલે પોપટભાઈ અંદર આવ્યા અને મોટીબાને પગે લાગ્યા. મોટીબાએ એનાં દુખણાં લીધાં.

પછી તો મોટીબાએ પોપટ માટે પાથરણાં પથરાવ્યાં, ઢોલીડાં ઢળાવ્યાં ને ઉપર સુંવાળા સુંવાળા ગાદલાં પથરાવ્યાં. પછી કહે - દીકરા ! જરા અહીં બેસજે, હોં. હમણાં શરણાઈવાળાને બોલાવું છું. મોટીબા તરત ત્રણ ચાર શરણાઈવાળાને બોલાવી લાવ્યા. શરણાઈયું પૂઉંઉંઉં કરતી વાગવા માંડી.

પોપટભાઈ તો ખુશ ખુશ થઈ ગયા ને પાંખમાંથી ને ચાંચમાંથી રૂપિયા ખંખેરવા લાગ્યા. થોડી વારમાં તો આખું ઘર રૂપિયાથી ભરાઈ ગયું. પોપટભાઈ આટલા બધાં રૂપિયા કમાઈને આવ્યા એ જોઈ મોટીબા પણ ખૂબ રાજી થયાં.

શરણાઈ સાંભળતાં સાંભળતાં પોપટભાઈને ઊંઘ આવી ગઈ. સવારે ઊઠીને મોટીબાએ પોપટભાઈની માને બોલાવી પોપટભાઈના રૂપિયા - ઘરેણાં એને આપી દીધાં અને પોપટભાઈને જવાનું મન નહોતું તો પણ પરાણે માની સાથે એના ઘેર મોકલાવી દીધા.

•

(સદ્‌ભાવ : http://www.mavjibhai.com/)

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 250 · ગ્રાહક : 183 · [15.10.2009]